CMYK

અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૧૭ ઓક્ટોબર ૨૦૨૫, શુક્રવાર | વર્ષ : ૧૭ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૧, આસો વદ ૧૧ | અંક : ૧૦૮ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. મો. : ૯૯૯૮૮ ૫૦૯૯૨ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સિવાય તમામ મંત્રીઓના રાજીનામા લેવાયા

## ગાંધીનગર સ્થિત મહાત્મા મંદિરમાં શુક્રવાર (૧૭ ઓક્ટોબર) એ સવારે ૧૧.30 કલાકે નવા મંત્રીમંડળનો શપથ સમારોહ યોજાવાનો છે

। (એજન્સી) ગાંધીનગર, તા.૧૬ ।

ગુજરાતના રાજકારણમાં અત્યાર સુધીના સૌથી મોટા અને આશ્ચર્યજનક સમાચાર સામે આવ્યા છે. રાજ્યમાં મંત્રીમંડળના વિસ્તરણની પ્રક્રિયા અંતિમ તબક્કામાં પહોંચી ગઈ છે, ત્યારે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સિવાયના તમામ મંત્રીઓએ રાજીનામાં આપી દીધા છે. મળતી માહિતી મુજબ, સૌપ્રથમ ભાજપ પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્માએ રાજીનામું આપ્યું હતું, ત્યાર બાદ એક પછી એક તમામ મંત્રીઓએ રાજીનામાં આપી દીધા. આ રાજીનામાં જગદીશ વિશ્વકર્માને સુપરત કરવામાં આવ્યા હતા, જેમણે તમામ મંત્રીઓને રાજીનામું આપ વાની સૂચના આપી હતી. જગદીશ વિશ્વકર્મા સહિત કુલ ૧૬ મંત્રીએ રાજીનામાં આપ્યા છે. રસપ્રદ બાબત એ છે કે મુખ્યમંત્રીએ મંત્રીઓ પાસે રાજીનામું માંગ્યું ન હતું. મુખ્યમંત્રી સાથે તમામ નેતાઓની બેઠક પૂર્ણ થઈ ગઈ છે, અને અહેવાલો મુજબ, બેઠક શરૂ થાય તે પહેલાં જ રાજીનામાંનું એક ફોર્મ તૈયાર રાખવામાં આવ્યું હતું, જેના પર મંત્રીઓએ માત્ર સહી કરવાની હતી. હવે, આ મંત્રીઓએ આપેલા રાજીનામાં રાજ્યપાલને સોંપ વામાં આવશે, અને આ સંદર્ભમાં મુખ્યમંત્રી એક પત્ર રાજ્યપાલને સુપરત કરશે. આ સૌથી મોટા રાજકીય પરિવર્તન વચ્ચે ભારતીય જનતા પાર્ટી (BJP) ફરી એકવાર ૨૦૨૧ની માફક નો-રિપીટ થિયરીની ફોર્મ્યુલા લાગુ કરી શકે છે. સૂત્રોના જણાવ્યા પ્રમાણે, મોટા ભાગના વર્તમાન મંત્રીઓને આ વખતે પડતા મૂકવામાં આવે તેવી શક્યતા છે. મળતી માહિતી મુજબ, આજે બપોરે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નિવાસસ્થાને મંત્રીમંડળની બેઠક મળી હતી, જેમાં તમામ મંત્રીઓએ સામૂહિક રીતે રાજીનામા આપવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. આ નિર્ણય બાદ હવે સૌની નજર નવા મંત્રીમંડળની જાહેરાત પર ટકેલી છે. સાથે જ, રાજ્યમાં નાયબ મુખ્યમંત્રીની નિમણૂક અંગે પણ રાજકીય ગલિયારામાં જોરદાર ચર્ચા ચાલી રહી છે. ભાજપના મોવડીમંડળ દ્વારા આ અંગે શું નિર્ણય લેવાય છે, તેના પર સૌની નજર છે. નવા મંત્રીમંડળની શપથવિધિ માટેની સત્તાવાર જાહેરાત રાજ્યપાલ દ્વારા કરી દેવામાં આવી છે. નવા મંત્રીમંડળની શપથવિધિ આવતીકાલે શુક્રવારે (૧૭મી ઓક્ટોબર) ના રોજ મહાત્મા મંદિર, ગાંધીનગર ખાતે યોજાશે. શપથવિધિ સમારંભ પૂર્ણ થયા બાદ તરત જ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પ ટેલની અધ્યક્ષતામાં નવી કેબિનેટની પ્રથમ બેઠક પણ યોજાશે. ગુજરાતના રાજકીય ઈતિહાસમાં આ એક મોટો અને મહત્ત્વનો ફેરફાર છે.

### CM નિવાસસ્થાને મળેલી બેઠક પૂર્ણ

**નવા મંત્રીમંડળની શપથવિધિ માટેની સત્તાવાર જાહેરાત રાજ્યપાલ દ્વારા કરી દેવામાં આવી છે. નવા મંત્રીમંડળની શપથવિધિ આવતીકાલે શુક્રવારે (૧૭મી ઓક્ટોબર) ના રોજ મહાત્મા મંદિર, ગાંધીનગર ખાતે યોજાશે. શપથવિધિ સમારંભ પૂર્ણ થયા બાદ તરત જ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં નવી કેબિનેટની પ્રથમ બેઠક પણ યોજાશે. ગુજરાતના રાજકીય ઇતિહાસમાં આ એક મોટો અને મહત્ત્વનો ફેરફાર છે, જેના પર સમગ્ર દેશની નજર છે. ગુજરાતના રાજકીય ઇતિહાસમાં આ એક મોટો અને મહત્ત્વનો ફેરફાર છે.**

### સરકારી કર્મચારીઓ માટે મોટા સમાચાર

## પેન્શન અને રિટાયરમેન્ટ પર સરકારની નવી જાહેરાત

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૬ ।

કેન્દ્ર સરકારે સરકારી કર્મચારીઓ માટે એક મોટો રાહતનો નિર્ણય લીધો છે. નિવૃત્તિ પછી પેન્શન અને નિવૃત્તિ લાભો મેળવવામાં હવે કોઈ વિલંબ થશે નહીં. આ માટે સરકારે નવી માર્ગદર્શિકા બહાર પાડી છે. આનો હેતુ એ સુનિશ્ચિત કરવાનો છે કે કોઈ પણ કર્મચારીને પેન્શન અથવા પેન્શન ચુકવણી ઓર્ડર (PPO) માટે મહિનાઓ સુધી રાહ જોવી ન પડે. પેન્શન અને પેન્શનર કલ્યાણ વિભાગ (DoPPW) દ્વારા નવી માર્ગદર્શિકા બહાર પાડવામાં આવી હતી. બધા મંત્રાલયો અને સરકારી વિભાગોને સૂચના આપવામાં આવી છે કે નિવૃત્તિ પહેલાં PPO જારી કરવામાં આવે. સરકારે તમામ વિભાગોને કર્મચારીઓની સર્વિસ બુક ડિજિટાઈઝ કરવાનો આદેશ આપ્યો છે. હવે, દરેક કર્મચારીનો રેકોર્ડ e-HRMS સિસ્ટમ પર ઓનલાઈન હશે, જેનાથી પેન્શન પ્રક્રિયા વધુ પારદર્શક બનશે.

### ન્યૂઝ બ્રિફ

#### CJI પર જૂતું ફેંકનારા વકીલ વિરુદ્ધ કડક કાર્યવાહી કરાશે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૬ ।

ભારતના ચીફ જસ્ટિસ (CJI) બી.આર. ગવઈ પર જૂતું ફેંકનાર વકીલ રાકેશ કિશોરની મુશ્કેલીઓ હવે વધતી જોવા મળી રહી છે. કારણ કે હવે તેમની વિરુદ્ધ ફોજદારી અવમાનનાની કાર્યવાહી શરૂ કરવામાં આવશે. આ મામલે ભારતના એટર્ની જનરલે કિશોર વિરુદ્ધ કાર્યવાહી શરૂ કરવાની સંમતિ આપી દીધી છે. સૉલિસિટર જનરલ તુષાર મહેતાએ જસ્ટિસ સૂર્યકાંતની અધ્યક્ષતાવાળી ખંડપીઠને આ અંગે જાણકારી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે, એટર્ની જનરલે વકીલ રાકેશ કિશોર વિરુદ્ધ ફોજદારી અવમાનનાની કાર્યવાહી શરૂ કરવા સંમતિ આપી છે. સુપ્રીમ કોર્ટ બાર એસોસિયેશન (SCBA)ના અધ્યક્ષ વિકાસ સિંહને લખેલા પત્રમાં એટર્ની જનરલે જણાવ્યું હતું કે, વકીલ રાકેશ કિશોરનું આ કૃત્ય અને કથન માત્ર નિંદનીય નથી, પરંતુ તે સુપ્રીમ કોર્ટની ગરિમા અને અધિકારને ઓછું આંકનારું છે.

#### અમારી પહેલી પ્રાથમિકતા દેશવાસીઓનું હિત છે

। નવી દિલ્હી, તા.૧૬ ।

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે દાવો કર્યો હતો કે, ભારતે રશિયામાંથી ક્રૂડની ખરીદી અટકાવી દીધી છે. આ દાવા પર કેન્દ્ર સરકારે સ્પષ્ટતા આપી છે કે, અમારી પ્રાથમિકતા દેશવાસીઓનું હિત છે. વિદેશ મંત્રાલયે આજે ફરી એકવાર અમેરિકાને સ્પષ્ટ શબ્દોમાં જણાવી દીધું છે કે, ભારત મોટાપાયે ક્રૂડ અને ગેસની આયાત કરે છે. અમારી પ્રાથમિકતા આ ભારે અસ્થિરતા ધરાવતા માર્કેટમાં ભારતીય ગ્રાહકોનું હિત ધ્યાનમાં રાખવાની છે. અમારી આયાત પોલિસી સંપૂર્ણપણે આ ઉદ્દેશ પર આધારિત છે. અમે અન્ય કોઈ પરિબળોથી પ્રભાવિત થઈ નિર્ણય લેતા નથી. કેન્દ્ર સરકારનો આ જવાબ અમેરિકાના પ્રમુખ ટ્રમ્પના વધુ એક દાવાને ખોટો ઠેરવી રહ્યો છે. અગાઉ ટ્રમ્પે ભારત-પાકિસ્તાન સીઝફાયર દરમિયાન દાવો કર્યો હતો કે, તેમની મધ્યસ્થીથી બંને દેશો વચ્ચે યુદ્ધવિરામ થયું છે.

### યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે વધુ એક વખત બ્રિક્સ રાષ્ટ્રો તૂટી રહ્યા હોવાનો દાવો કર્યો

## 'બ્રિક્સ' રાષ્ટ્રોના યુએસ ડોલર પરના હુમલાને ટેરિફથી રોક્યો : ટ્રમ્પ

### ટ્રમ્પે વૈશ્વિક સ્તરે થતા વેપારમાં ડોલરને બદલીને અન્ય ચલણને મહત્વ આપવા સામે ટેરિફનું હથિયાર ઉગામ્યું હતું

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૧૬ ।



અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે બ્રાઝિલ, રશિયા, ભારત, ચીન અને દક્ષિણ આફ્રિકા દેશોના બનેલા સંયુક્ત સમૂહ બ્રિક્સ સામે વધુ એક વખત પોતાનો અણગમો વ્યક્ત કર્યો છે. યુએસ પ્રમુખે પોતાની ટેરિફ નીતિનો બચાવ કરતા જણાવ્યું કે, બ્રિક્સ બ્લોક યુએસ ડોલર પર હુમલો હતો જેને ટેરિફથી રોકવામાં સફળતા મળી હતી. યુએસ રાષ્ટ્રપતિના મતે ટેરિફની ધમકી આપ્યા બાદ બ્રિક્સ દેશો તૂટી રહ્યા છે અને તેના સભ્ય રાષ્ટ્રો એક પછી એક બ્લોકમાંથી બહાર થઈ રહ્યા છે. ટ્રમ્પે વૈશ્વિક સ્તરે થતા વેપારમાં ડોલરને બદલીને અન્ય ચલણને મહત્વ આપવા સામે ટેરિફનું હથિયાર ઉગામ્યું હતું. વ્હાઈટ હાઉસ ખાતે આર્જેન્ટિનાના વડાપ્રધાન જાવિયર મિલીયા સાથે મુલાકાત દરમિયાન ટ્રમ્પે જણાવ્યું કે, બ્રિક્સ રાષ્ટ્રના સમૂહમાં જેમને રહેવું હોય તે રહી શકે છે પ રંતુ અમે તે રાષ્ટ્ર ઉપર ટેરિફ લાદીશું. ત્યારબાદ આ બ્લોકમાંથી એક પછી એક બધા દેશો છૂટા પડી રહ્યા છે. ટ્રમ્પે ભારપ ૂર્વક જણાવ્યું કે, હું ડોલર પ્રત્યે ખૂબ કડક છું, અને જે કોઈ ડોલરમાં વેપાર કરવા માંગે છે તેમને ડોલરમાં વેપાર ના કરતા દેશોની તુલનાએ ફાયદો થઈ શકે છે. બ્રિક્સ ડોલર પર હુમલો હતો. જો તમે આ રમત રમો છો તો હું અમેરિકામાં નિકાસ થતી તમારી તમામ ચીજવસ્તુઓ ઉપર ટેરિફ લાગુ કરીશ. અમેરિકાના રાષ્ટ્રપ્રમુખનું આ નિવેદન એવા વ્યાપક વૈશ્વિક સંદર્ભમાં આવ્યું છે જેમાં બ્રિક્સના સભ્ય દેશો (હાલના ૧૦ દેશો) સંયુક્ત રીતે આર્થિક તેમજ વેપાર ક્ષેત્રમાં યુએસ ડોલરના વૈશ્વિક વર્ચસ્વને પડકાર આપી રહ્યા છે. આ મુદ્દે નિષ્ણાતો ટ્રમ્પના દાવા સાથે સહમત નથી જણાતા. નિષ્ણાતો તથા આંતરરાષ્ટ્રીય વિશ્લેષકોના મતે બ્રિક્સ સંગઠન મજબૂત બની રહ્યું છે અને તેના સભ્ય દેશોનો આર્થિક પ્રભાવ સતત વધી રહ્યો છે. ભારતના વિદેશ મંત્રી એસ જયશંકરે ડોલરની ભૂમિકાને નબળી પાડવાની ભારતની કોઈ યોજના નહીં હોવાની સ્પષ્ટતા કરી છે. ભારતે આ મામલે સમાધાનકારી વલણ અપનાવ્યું છે તથા તેને ડોલર સાથે કોઈ સમસ્યા નહીં હોવાનું જણાવ્યું છે. ભારત અને અમેરિકા વચ્ચે વેપાર કરારને લઈને પણ વાટાઘાટો સકારાત્મક દિશામાં ચાલી રહી છે. આ સપ્તાહે ભારતનું પ્રતિનિધિમંડળ અમેરિકાની મુલાકાત લેશે.

### તેલંગાણાની કોંગ્રેસ સરકારને ઝટકો

## સુપ્રીમે ૫૦%થી વધુ અનામત મર્યાદાને મંજૂરી ન આપી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૬ ।

સુપ્રીમ કોર્ટે તેલંગાણા સરકારને મોટો ઝટકો આપતા રાજ્યમાં અનામતની મર્યાદા ૫૦ ટકાથી વધુ વધારવાના પ્રસ્તાવને ફગાવી દીધો છે. આ નિર્ણયથી મુખ્યમંત્રી રેવંત રેડ્ડીની સરકારને નીતિગત મોરચે ઝટકો લાગ્યો છે. રાજ્ય સરકારે સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીમાં પછાત વર્ગો (મ્ઝ) માટે ૪૨ ટકા અનામત નક્કી કરવાના પોતાના નિર્ણયને હાઈકોર્ટે રદ કર્યા બાદ સુપ્રીમ કોર્ટમાં પડકાર્યો હતો. ન્યાયમૂર્તિ વિક્રમ નાથ અને ન્યાયમૂર્તિ સંદીપ મહેતાની બેન્ચે રાજ્ય સરકારની અરજીને ફગાવી દેતા સ્પષ્ટ કર્યું કે, જાતિ આધારિત અનામત માટેની ૫૦ ટકાની મર્યાદા નિશ્ચિત છે અને તેનું ઉલ્લંઘન કરી શકાશે નહીં. સુપ્રીમ કોર્ટના આ ચુકાદાથી અનામત વધારવા પર હાઈકોર્ટ દ્વારા લાદવામાં આવેલ વચગાળાનો સ્ટે આગામી આદેશ સુધી યથાવત્ રહેશે.તેલંગાણા સરકારે કોર્ટમાં દલીલ કરી હતી કે ૪૨ ટકા મ્ઝ અનામત આપવાનો નિર્ણય એક નીતિગત પગલું છે, જેનો હેતુ સ્થાનિક સંસ્થાઓમાં રાજ્યના પછાત વર્ગોને યોગ્ય પ્રતિનિધિત્વ સુનિશ્ચિત કરવાનો છે. જો કે, આ વધારા સાથે રાજ્યમાં કુલ ક્વોટા (જીઝ, જી્ અને મ્ઝ સહિત) ૬૭ ટકા સુધી પહોંચતો હતો. અરજીકર્તાઓએ દલીલ કરી હતી કે આ નિર્ણય સુપ્રીમ કોર્ટ દ્વારા નક્કી કરાયેલી ૫૦ ટકાની મર્યાદાનું ઉલ્લંઘન કરે છે, જેના કારણે તેને રોકવો જોઈએ. હાઈકોર્ટે પણ આ દલીલને માન્ય રાખીને અનામત વધારવાના પ્રસ્તાવને ફગાવી દીધો હતો. સુપ્રીમ કોર્ટનો નિર્ણય આવ્યા બાદ હવે આ મામલે હાઈકોર્ટની સુનાવણી પર સૌની નજર રહેશે. નવમી ઓક્ટોબરના રોજ હાઈકોર્ટે સુનાવણી દરમિયાન રાજ્ય સરકારને પોતાનો વિગતવાર જવાબ રજૂ કરવા માટે ચાર અઠવાડિયાનો સમય આપ્યો હતો. રાજ્ય સરકારનો પ્રતિભાવ અને આ મામલે કોર્ટનું અંતિમ વલણ શું રહે છે, તે જોવાનું રહેશે. હાલમાં, સુપ્રીમ કોર્ટના આ ચુકાદા પર તેલંગાણા સરકાર તરફથી કોઈ સત્તાવાર પ્રતિક્રિયા આવી નથી. જો કે, આ નિર્ણયથી સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીને લઈને ચાલી રહેલી રાજકીય અને કાનૂની અનિશ્ચિતતા યથાવત્ રહી છે. રાજ્ય સરકારનો પ્રતિભાવ અને આ મામલે કોર્ટનું અંતિમ વલણ શું રહે છે, તે જોવાનું રહેશે. હાલમાં, સુપ્રીમ કોર્ટના આ ચુકાદા પર તેલંગાણા સરકાર તરફથી કોઈ સત્તાવાર પ્રતિક્રિયા આવી નથી. જો કે, આ નિર્ણયથી સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીને લઈને ચાલી રહેલી રાજકીય અને કાનૂની અનિશ્ચિતતા યથાવત્ રહી છે.

### યુક્રેન યુદ્ધ માટે રશિયાને મળતું ભંડોળ બંધ કરવા કાર્યવાહી

## બ્રિટને ભારતની નાયરા સહિત રશિયન ઓઇલ કંપનીઓ પર નવા પ્રતિબંધો મૂક્યા

। (એજન્સી) લંડન, તા.૧૬ ।

બ્રિટનને રશિયાની બે સૌથી મોટી ઓઈલ કંપનીઓ લ્યુકોઈલ અને રોઝનેફ્ટ તથા ભારતની પેટ્રોલિયમ કંપની નાયરા એનર્જીને ટાર્ગેટ કરીને નવા પ્રતિબંધોની બુધવારે જાહેરાત કરી હતી. નાયરામાં રશિયન કંપની રોઝનેફ્ટ સૌથી મોટી શેરહોલ્ડર છે અને અગાઉ યુરોપિ યન યુનિયને પણ પ્રતિબંધ મૂક્યાં હતાં. બ્રિટનને જણાવ્યું હતું કે નાયરાએ ૨૦૨૪માં અબજો ડોલરનું રશિયન ક્રૂડ આયાત કર્યું હતું. ફોરેન, કોમનવેલ્થ એન્ડ ડેવલપમેન્ટ ઓફિસ (FCDO)એ જણાવ્યું હતું કે યુકેના નાણા મંત્રાલય સાથેની આ સંકલિત કાર્યવાહીથી રશિયન પ્રેસિડન્ટ વ્લાદિમીર પુતિનના યુદ્ધ ભંડોળના પર પ્રહાર થશે. તેનાથી ક્રેમલિનને ક્રૂડ ઓઈલના વેચાણથી થતી આવક બંધ થશે. આજની કાર્યવાહી પુતિનના આવકના પ્રવાહોને કાપી નાખવાનો સરકારનો નિર્ધાર દર્શાવે છે. FCDOએ જણાવ્યું હતું કે ચીનમાં ચાર ઓઈલ ટર્મિનલ, રશિયન ઓઈલનું પરિવહન કરતા શેડો ફ્લીટના ૪૪ ટેન્કર અને નાયરા એનર્જીને આ નવા પ્રતિબંધોથી ફટકો પડશે. નાયરાએ ૨૦૨૪માં ૫ અબજ ડોલરનું ૧૦ કરોડ બેરલ ક્રૂડ ઓઈલ આયાત કર્યું હતું. બ્રિટનના આ નિર્ણયની આકરી ટીકા કરતાં નાયરાએ જણાવ્યું હતું કે નાયરા એનર્જી ભારતના કાયદા અને નિયમોનું સંપૂર્ણ પાલન કરે છે.

### પેટમાં દુઃખાવાના બહાને IV ઈન્જેક્શન આપ્યું

## પત્નીની ગેસની બીમારીથી કંટાળેલા ડોક્ટરે એનેસ્થિસિયાનો ઓવરડોઝ આપી હત્યા કરી

। (એજન્સી) બેંગલુરુ, તા.૧૬ ।

બેંગલુરુની વિક્ટોરિયા હોસ્પિટલના ૩૨ વર્ષીય જનરલ સર્જન ડૉ. મહેન્દ્ર રેડ્ડીએ પોતાના તબીબી જ્ઞાનનો ઉપયોગ કોઈનો જીવ બચાવવાને બદલે પોતાની પત્નીનો જીવ લેવા માટે કર્યો છે. ૭ મહિના સુધી તેને કુદરતી મૃત્યુ માનવામાં આવતું હતું, પરંતુ હવે પોલીસે ખુલાસો કર્યો છે કે આ એક આયોજનબદ્ધ હત્યા હતી. ૨૮ વર્ષીય ડર્મેટોલોજિસ્ટ ડૉ. કૃતિકા રેડ્ડીના મોત મામલે તેના પતિ મહેન્દ્રની ૧૪ ઓક્ટોબરે ધરપકડ કરવામાં આવી હતી. પોલીસના જણાવ્યા પ્રમાણે મહેન્દ્રએ પોતાની પત્નીને એનેસ્થેસિયાનો ઓવરડૉઝ આપીને તેની હત્યા કરી નાખી હતી. તમને જણાવી દઈએ કે બંનેના લગ્ન ૨૬ મે ૨૦૨૪ ના રોજ થયા હતા. એટલે કે મૃત્યુના માત્ર ૧૧ મહિના પહેલા થયા હતા. વ્હાઈટફિલ્ડના ડીસીપી એમ. પરશુરામે જણાવ્યું કે, મહેન્દ્રએ પોતાની પત્નીની હત્યાનું કાવતરું ખૂબ જ આયોજનબદ્ધ રીતે ઘડ્યુ હતું. તે તેની તબીબી નબળાઈઓ જાણતો હતો અને તેણે તેનો જ લાભ ઉઠાવ્યો. પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે, મહેન્દ્રએ ૨૧ એપ્રિલના રોજ પોતાના ઘરે પત્નીને પેટમાં દુઃખાવાના બહાને IV ઈન્જેક્શન આપ્યું હતું. બીજા દિવસે તે તેને મરાઠાહલ્લીમાં તેના તેના પિયર એવું કહીને લઈ ગયો હતો કે તને આરામની જરૂર છે.

### પાયલટના પિતાની સુપ્રીમ કોર્ટમાં અરજી

## અમદાવાદ પ્લેન ક્રેશ મામલે ન્યાયિક તપાસની માંગણી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૬ ।

અમદાવાદમાં થયેલી ભયાનક વિમાન દુર્ઘટનાને લઈને હવે મૃતક પાયલટના પિતા સુપ્રીમ કોર્ટ પહોંચ્યા છે. આ વિમાન દુર્ઘટનામાં ૨૪૧ મુસાફરો સહિત ૨૬૦ લોકોના મોત નિપ જ્યા હતા, જેની તપાસ ચાલી રહી છે. એવામાં દિવંગત કેપ્ટન સુમિત સાબરવાલના પિતાએ હવે સુપ્રીમ કોર્ટનો દરવાજો ખખડાવ્યો છે. તેમણે એર ઈન્ડિયા ફ્લાઈટ AI-171 દુર્ઘટનાની ચાલી રહેલી તપાસમાં વિશ્વસનીયતા અને પારદર્શિતાનો અભાવ હોવાના દાવા સાથે અકસ્માતની તપાસ ન્યાયિક દેખરેખ હેઠળ કરવાની માંગ કરી છે. પાયલટના પિતા પુષ્કરાજ સાબરવાલ અને ફેડરેશન ઓફ ઈન્ડિયન પાયલટ્સ (FIP) દ્વારા સંયુક્ત રીતે ૧૦ ઓક્ટોબરે દાખલ કરાયેલી રિટ અરજીમાં AI-171 અકસ્માતની તપાસ માટે "કોર્ટ મોનિટર કમિટી"ની રચનાની માંગ કરવામાં આવી છે. અરજીમાં માંગ કરવામાં આવી છે કે એરક્રાફ્ટ એક્સિડેન્ટ ઈન્વેસ્ટિગેશન બ્યુરો (AAIB) દ્વારા અગાઉ કરવામાં આવેલી તમામ તપાસોને સમાપ્ત થયેલી ગણવામાં આવે. આ સિવાય તમામ સામગ્રી પુરાવાને સ્વતંત્ર ઉડ્ડયન અને ટેકનિકલ નિષ્ણાતો સાથે સુપ્રીમ કોર્ટના નિવૃત્ત ન્યાયાધીશના નેતૃત્વ હેઠળની કોર્ટ ઓફ ઈન્કવાયરી અથવા ન્યાયિક દેખરેખ હેઠળની કમિટીને સોંપવામાં આવે.

## પંજાબમાં રોપરના DIG ૫ લાખની લાંચ લેતા ઝડપાયા

। (એજન્સી) ચંદીગઢ, તા.૧૬ ।

કેન્દ્રીય તપાસ એજન્સી CBI (સેન્ટ્રલ બ્યુરો ઑફ ઈન્વેસ્ટિગેશન) એ ભ્રષ્ટાચાર વિરુદ્ધ મોટી કાર્યવાહી કરીને પંજાબ પોલીસના DIG (ડેપ્યુટી ઈન્સ્પેક્ટર જનરલ) લેવલના અધિકારીની ધરપકડ કરી છે. પ્રાપ્ત માહિતી અનુસાર, રોપડ રેન્જના DIG હરચરણ સિંહ ભુલ્લરને લાંચ લેવાના એક કેસમાં CBI દ્વારા રંગે હાથે ઝડપી પાડવામાં આવ્યા છે. આ સમાચારની પુષ્ટિ આમ આદમી પાર્ટી (AAP) ના નેતા અને પંજાબના મુખ્યમંત્રીના પૂર્વ મીડિયા સલાહકાર બલતેજ પન્નુએ કરી છે. પન્નુએ જણાવ્યું કે, CBI દ્વારા પંજાબ સરકારને આ ધરપકડ વિશે જાણ કરવામાં આવશે, ત્યારબાદ નિયમો અનુસાર આગળની કાર્યવાહી કરવામાં આવશે. બલતેજ પન્નુએ વધુમાં સ્પષ્ટતા કરી કે, પંજાબ સરકાર કોઈપણ સ્તરે ભ્રષ્ટાચારને સહન કરશે નહીં.

### રાજસ્થાનમાં વધુ એક ગમખ્વાર અકસ્માત

## ટ્રેલરની ટક્કરે કાર સળગી, ૪ લોકો જીવતા બળી ગયા

। (એજન્સી) બાડમેર, તા.૧૬ ।

રાજસ્થાનના બાડમેર જિલ્લામાંથી એક અત્યંત દર્દનાક માર્ગ અકસ્માતની ઘટના સામે આવી છે. ગુરૂવારે (૧૬ ઓક્ટોબર) વહેલી સવારે ટ્રેલર-સ્કૉર્પિયોની આમને-સામને ટક્કર થઈ હતી અને અચાનક જ ગાડી સળગી ઉઠી. આ દુર્ઘટનામાં ચાર લોકો જીવતા સળગી ગયા અને ઘટનાસ્થળે જ તેમનું મોત નિપજ્યું અને એક વ્યક્તિ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયો છે, જે હાલ સારવાર હેઠળ છે.

મળતી માહિતી મુજબ, ગુડામાલાણીના ડાભડ ગામના પાંચ મિત્રો સ્કોર્પિયોમાં સવાર થઈને સિણધરીથી રાત્રે જમ્યા બાદ પરત ફરી રહ્યા હતા. આ દરમિયાન તેમની કારની ટક્કર એક ટ્રેલર સાથે થઈ હતી. ટક્કર એટલી ભયાનક હતી કે સ્કોર્પિયોમાં તુરંત આગ લાગી ગઈ હતી. આગની જ્વાળાઓ એટલી વિકરાળ હતી કે કારના દરવાજા જામ થઈ ગયા અને ચાર યુવકો અંદર ફસાયા હતા. દરવાજા ન ખુલવાના કારણે તેઓ કારની અંદર જ જીવતા સળગી ગયા અને ઘટનાસ્થળે જ મૃત્યુ પામ્યા. જોકે, ટ્રેલર ચાલકે પોતાનો જીવ જોખમમાં મૂકીને સ્કોર્પિયોના ચાલકને બહાર ખેંચી કાઢ્યો હતો અને તેને બચાવવામાં સફળ રહ્યો હતો. હાલ, ઈજાગ્રસ્ત યુવકને પ્રાથમિક સારવાર બાદ જોધપુર રિફર કરવામાં આવ્યો છે.

CMYK

## ટેટ-૧ પરીક્ષા ૧૪ ડિસેમ્બરથી નવા નિયમો સાથે લેવાશે

। (એજન્સી) અમદાવાદ, તા.૧૬ ।

રાજ્યની પ્રાથમિક સ્કૂલોમાં ધોરણ-૧થી ૫માં શિક્ષક બનવા માટે રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા ૧૪ ડિસેમ્બરના રોજ પરીક્ષા લેવામાં આવશે. ટેટ-૧ની પરીક્ષાને લઈને રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા જાહેરનામુ બહાર પાડ્યું છે. જેમાં પરીક્ષા માટે ઉમેદવારો ૨૯ ઓક્ટોબરથી ઓનલાઈન આવેદનપત્ર ભરી શકે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે. ટેટ-૧ પરીક્ષા માટે બહાર પાડવામાં આવેલા જાહેરનામા અનુસાર, ઉમેદવારો માટે રજિસ્ટ્રેશન ફોર્મ ઓનલાઈન ભરવાની કાર્યવાહી ૨૯ ઓક્ટોબરથી શરૂ થશે અને ૧૨ નવેમ્બર સુધી ચાલશે. ફોર્મ ભરવા સાથે નેટ બેંકિંગ મારફતે ફી સ્વિકારવાની કામગીરી પણ ૨૯ ઓક્ટોબરથી જ શરૂ કરી દેવાશે અને ૧૪ નવેમ્બર સુધી ફી ભરી શકાશે. રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા હાલમાં પરીક્ષાની સંભવિત તારીખ ૧૪ ડિસેમ્બર નક્કી કરી છે.

## વડોદરામાં પાણી પુરવઠાના સ્ત્રોત ખાતે સર્જાતી ખામીની દુરસ્તી કરવા રૂ.૨૦ લાખ વધુ ચૂકવાશે

। (એજન્સી) વડોદરા, તા.૧૬ ।

વડોદરા કોર્પોરેશનના પાણી પુરવઠા શાખાના દક્ષિણ ઝોન માટે કોન્ટ્રાક્ટ બેઝ વાર્ષિક ઈજારાથી ઓપરેટર તથા મજુર (માનવદિન) રૂ.૭૫ લાખની નાણાંકીય મર્યાદામાં લેવાના કામે ઈજારદાર મે.વાઈટલ ફેસીલીટીઝ પ્રા.લી.ના સ્થાયી સમિતિના ઠરાવથી મંજુર થયેલા ઈજારામાં વધુ રૂ.૨૦ લાખનો વધારો કરી રૂ.૭૫ લાખ મળી કુલ રૂ.૯૫ લાખની નાણાંકીય મર્યાદા કરવાની તથા મુદત વધુ ત્રણ માસ લંબાવવાની કમિશ્નર તરફથી આવેલી ભલામણ માટેની મંજૂરી માંગી છે.

### કોમ્પ્યૂટરનાં ચાલતા યુગ વચ્ચે ચોપડાનો યુગ અસ્ત

# દિવાળીમાં ચોપડા પૂજનની પરંપરા અસ્ત થવાને આરે

। (એજન્સી) અમદાવાદ, તા.૧૬ ।

વર્ષોથી દિવાળીનાં દિવસે ચોપડા પૂજનનું વેપારીઓમાં વિશેષ મહત્ત્વ રહેલું છે.આ દિવસે વર્ષ દરમ્યાન રોજમેળ સહિતનાં વપરાતાં દેશી ચોપડાઓનું શાસ્ત્રોક્ત વિધિથી વેપારીઓ દ્વારા પૂજન કરવામાં આવતું હોય છે. પરંતુ જ્યારથી સરકારી વિભાગ દ્વારા માર્ચ ટુ માર્ચ વર્ષ જાહેર કરવામાં આવ્યું ત્યારથી ચોપડા પૂજન સહિતનાં દિવાળીનાં તહેવારોની ઉજવણીની રોનકમાં ઝાંખપ આવી છે. વળી હવે ચોપડાની જગ્યા કોમ્પ્યૂટરે લઈ લેતાં અત્યારે ચોપડા પૂજન માત્ર શુકન પૂરતાં મર્યાદિત રહી જવા પામ્યા છે. લોકો હાલે પ્રતીકરૂપે જ ચોપડાની ખરીદી કરી રહ્યા છે, પરિણામે ચોપડાનો યુગ અસ્ત થઈ ગયો છે. આ વર્ષે પણ માત્ર ૧૫થી ૨૦ ટકા જેટલા જ દેશી ચોપડાનું હોલસેલના વેપારીઓ પાસે બુકિંગ થવા પામ્યું હતું, જેની પુષ્ય નક્ષત્રમાં ડિલિવરી કરવામાં આવી હતી.ભુજમાં રોજમેળ સહિતનાં ચોપડા તૈયાર કરીને વેચાણ કરતાં હોલસેલ વેપારી રાજન મહેતાએ જણાવ્યું હતું કે, ૧૯૬૫થી રોજમેળ સહિતનાં ચોપડાનું વેચાણ કરવામાં આવી રહ્યું છે. છેલ્લા ૫૪ વર્ષથી પોતે જ રોજમેળ અને ચોપડા તૈયાર કરી રહ્યા છે, પરંતુ છેલ્લા ૨૫ વર્ષથી ચોપડાનાં વેચાણમાં ક્રમશઃ ઓટ આવી રહી છે. કારણ કે. વેપારીઓ કોમ્પ્યૂટર ઉપર જ નામા સહિતનું તમામ કામ નીપટાવતાં થયા છે. જેની સીધી અસર ચોપડાની ખરીદી ઉપર પડી છે. આ સિવાય વર્ષો પહેલાં હિસાબી વર્ષ દિવાળી ટુ દિવાળી હતું તે એપ્રિલ માસ થવાને કારણે આપણી પરંપરા ભૂલાઈ રહી છે. હાલે તો જે લોકો શુકનમાં માને છે તેવા જ વેપારીઓ ચોપડા ખરીદી કરીને પૂજન કરે છે.બાકી આજથી દસ-પંદર વર્ષ પહેલાં એસ.કે.ત્રીપી. એ.ત્રીપી. પી ફોર. પોણિયા, ૧/૩ નોંધ સહિતનાં બહોળી સંખ્યામાં ચોપડાનું વેચાણ થતું હતું. એટલું જનહીં ચોપડાનાં થોકબંધ ઓર્ડરો પણ વેપારીઓ દ્વારા દશેરાનાં શુભ દિવસે જ નોંધાવી દેવામાં આવતા હતા, જેને કારણે રાતપાળી કરીને પણ ચોપડા તૈયાર કરવાની ફરજ પડતી હતી.

### વન્યપ્રાણીના અવશેષોના હેરફેરનો પર્દાફાશ

# વલસાડમાં દીપડા-ઘુવડનો શિકાર કરનારા બેની ધરપકડ

। (એજન્સી) વલસાડ, તા.૧૬ ।

વલસાડમાં વન્યજીવોના રક્ષણ મામલે વન વિભાગે કડક કાર્યવાહી કરી છે. દીપડાનો ગેરકાયદેસર રીતે શિકાર કરીને તેના ચામડાનું વેચાણ કરવામાં આવતું હોવાની વન વિભાગે બાતમી મળી હતી. વલસાડ વન વિભાગની ટીમે વન્યપ્રાણીના અવશેષોના ગેરકાયદેસર હેરફેર મામલે શંકાસ્પદ વ્યક્તિના નિવાસસ્થાને દરોડા પાડ્યા હતા. જ્યાં આરોપીના નિવાસસ્થાનેથી દીપડાના ચાર પંજા કપાયેલ ચામડું મળી આવ્યું હતું. સમગ્ર મામલે વલસાડ વન વિભાગે બે આરોપીની ધરપકડ કરીને આગળની કાર્યવાહી હાથ ધરી છે.વલસાડમાં વન્યપ્રાણીના અવશેષોના ગેરકાયદેસર હેરફેરને લઈને વન વિભાગ એક્શનમાં આવ્યું છે, ત્યારે વલસાડના નવેરાના રહેવાસી અજય માંદા પટેલ નામના વ્યક્તિના નિવાસસ્થાને તપાસ કરતા દીપડોના ચાર પગનું ચામડું મળ્યું હતું.

સમગ્ર મામલે પૂછપરછ દરમિયાન જાણવા મળ્યું કે, અજય પટેલે આ ચામડું કપરાડાના માલઘરના રહેવાસી સુરેશભાઈ કાશીનાથ ભાઈ વંજારા (ઉં.વ.૪૧) પાસેથી વેપાર માટે મેળવ્યું હતું. વધુ પૂછપરછ કરતાં સુરેશભાઈએ સ્વીકાર્યું કે, આ ચામડું તેણે પોતાના સંબંધી માલઘર ગામના ઈહદર ફળીયામાં રહેતા સીતારામ વળવી પાસેથી વેચાણ માટે લાવ્યું હતું. સમગ્ર ઘટનામાં ત્રણેય આરોપી મળીને વન્યજીવ દીપડાનો ગેરકાયદેસર રીતે શિકાર કરીને તેના ચામડાનું વેચાણ કરવાનો ગુનો આચર્યો છે.

વન વિભાગની ટીમે આરોપીની વધુ તપાસ કરતાં સુરેશભાઈની પાસે રહેલા પોટલામાં બાંધેલા પક્ષી અને પ્રાણીના હાડકાં પણ મળી આવ્યા હતા. પૂછપરછમાં તેણે જણાવ્યું કે, હાડકાં ઘુવડના હતા. આ રીતે આરોપીઓએ વન્યજીવોનો શિકાર, વેચાણ અને તાંત્રિક વિધી જેવી ગેરકાયદેસર પ્રવૃત્તિઓમાં સંડોવાયેલા હોવાનો પુરાવા મળ્યા હતા.સમગ્ર મામલે વન વિભાગે ગુનો નોંધીને આરોપીઓ વિરુદ્ધ કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે. હાલ બંને મુખ્ય આરોપીઓના જામીન અરજીઓ વલસાડ કોર્ટ દ્વારા નામંજૂર કરવામાં આવી છે, તથા વધુ તપાસ ચાલુ છે.

### ઉદ્યોગપતિએ સંતોષી ને ૧ કરોડ હાથ ઉછીના આપેલા

# બોલીવુડના ફિલ્મ ડિરેક્ટર રાજકુમાર સંતોષીને ૨ વર્ષની જેલની સજા...

। (એજન્સી) જામનગર, તા.૧૬ ।

બોલીવુડના ફિલ્મ ડિરેક્ટર રાજકુમાર સંતોષીને ૨ વર્ષની જેલની સજા ફટકારી છે. જામનગર સેશન્સ કોર્ટે નીચલી કોર્ટે રાજકુમાર સંતોષીને ફટકારેલી સજા યથાવત રાખી હતી.

ચેક રિટર્નના કેસમાં જામનગર સેશન્સ કોર્ટે રાજકુમાર સંતોષીને સજા ફટકારી છે અને નીચલી કોર્ટે ફટકારેલી સજા સેશન્સ કોર્ટે યથાવત રાખી છે. સેશન્સ કોર્ટે રાજકુમારી સંતોષીને ૧૦ લાખના ચેકથી બમણો દંડ અને બે વર્ષની જેલની સજા ફટકારી છે.

જામનગર કોર્ટે રાજકુમાર સંતોષીને ૨૭ ઓક્ટોબર સુધીમાં કોર્ટમાં હાજર થવા આદેશ આપ્યો છે અને જો સંતોષી હાજર ન થાય તો ધરપકડ કરવા કોર્ટે આદેશ કર્યો છે.

બોલીવુડ ફિલ્મના જાણીતા ડાયરેક્ટર અને પ્રોડયુસરને જામનગર સેશન્સ કોર્ટ દ્વારા ચેક રિટર્નના કેસોમાં કાનૂની લપડાક મળીછે. જામનગર શહેરના જાણીતા ઉદ્યોગપતી અશોક હરીદાસ લાલે બોલીવુડના જાણીતા ડાયરેક્ટર અને પ્રોડ્યુસરને સંબંધના દાવે એક કરોડ હાથા-ઉછીના આપેલા હતાજેની સામે ફીલ્મ પ્રોડ્યુસરએ ૧૦,૦૦,૦૦૦/-ના ચેકો આપેલા હતા. જે ચેકો પરત ફરતા જામનગરની સ્પેશિયલ નેગોશીએબલ કોર્ટમાં કેસો ચાલી જતાં તમામ કેસમાં રાજકુમાર સંતોષીને ચેકની રકમથી બમણો દંડ અને બે વર્ષની સજા સંભળાવી હતી..

### ધ્રાંગધ્રામાં ધોળે દિવસે મિત્રના હાથે મિત્રની હત્યા

# ધ્રાંગધ્રામાં મિત્રો વચ્ચેની બબાલમાં વચ્ચે પડતા એક યુવકને મોત મળ્યું

**મિત્રની બબાલમાં વચ્ચે પડી એક યુવક ઘરે સમજાવવા જતા હત્યારાની બહેનોએ ઘરમાંથી છરી લાવીને હત્યારાને આપતા આ આખી ઘટના લોહિયાળ બની હોવાનું સામે આવ્યું છે**

। (એજન્સી) સુરેન્દ્રનગર, તા.૧૬ ।

ધ્રાંગધ્રા શહેરી વિસ્તારમાં દિનદહાડે મિત્ર દ્વારા જ નજીવી બાબતે છરીના ઘા ઝીંકી મિત્રની હત્યાનો ચોંકાવનારો બનાવ સામે આવ્યો છે. જે અંગે ભોગ બનનાર યુવકના પરિવારજનોએ હત્યા નીપજાવનાર મિત્ર સહિત ત્રણ શખ્સો સામે ફરિયાદ નોંધાવી હતી. જેને આધારે ધ્રાંગધ્રા સિટી પોલીસ મથકે તપાસ હાથ ધરી હત્યા નીપજાવનાર યુવક સહિત ત્રણ શખ્સોને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ઘટનાની મળતી વિગતો અનુસાર, ધ્રાંગધ્રા શહેરના ધોળીધાર વિસ્તારમાં હનુમાનજીના મંદિર પાસે બે દિવસ અગાઉ ગત ૧૩ ઓક્ટોબરે બપોરે ૩ વાગ્યે એક હત્યાનો બનાવ બન્યો હતો. આ કેસમાં ભોગ બનનાર યુવકનું નામ શાહરૂખ સલીમભાઈ મોવર છે, જેઓ પોતાના મિત્ર સાહિદ રાજ મનિષભાઈ સાથેની કોઈ બબાલમાં મનદુઃખ પોતાના ભાઈ અવેશ સલીમભાઈ મોવર સાથે આરીફ રસુલભાઈ સઘવાણીના ઘરે સમજાવવા ગયા હતા, ત્યારે આ લોહિયાળ ખેલ ખેલાયો હતો.

પોલીસે આપેલી માહિતી અનુસાર, હત્યારા આરોપી આરીફ રસુલભાઈ સઘવાણીએ સૌપ્રથમ સાહિદ રાજ મનિષભાઈ નામના યુવક સાથે કોલ પર બોલાચાલી શરૂ કરી હતી કે, તારા ભાઈ યુર્વિષ (રાજનો ભાઈ)નો કોઈ છોકરી સાથે પ્રેમસંબંધ છે અને એમાં મારું નામ આવે છે. આવી નજીવી બાબતે રાજ અને આરીફ વચ્ચે બોલાચાલી થઈ અને મામલો ઉગ્ર બનતા સામસામે અપશબ્દો બોલાયા હતા.

આ ઘટનાને ધ્યાને લઈને સાહિદ રાજનો મિત્ર શાહરૂખ મોવર (જેની હત્યા થઈ) તેના ભાઈ અવેશ સલીમભાઈ મોવર સાથે આરીફ રસુલભાઈ સઘવાણીના ઘરે સમજાવવા ગયો હતો.

## જૂનાગઢમાં ગોરખનાથ જગ્યામાં તોડ-ફોડના કેસમાં પોલીસ એક્શનમાં આવી

। (એજન્સી) જૂનાગઢ, તા.૧૬ ।

જૂનાગઢમાં ગોરખનાથ જગ્યામાં તોડફોડના કેસમાં પોલીસ એક્શનમાં આવી છે. પોલીસે તોડફોડ કરનારા પૂજારી અને સેવકની અટકાયત કરીને ઘટના સ્થળે લઈ જઈને તપાસ શરૂ કરી છે.પૂજારીએ જ મૂર્તિ ખંડિત કરીને મંદિરમાં તોડફોડ કરી હતી. જૂનાગઢમાં ગોરખનાથ જગ્યામાં તોડફોડના કેસમાં પોલીસ એક્શનમાં આવી છે. પોલીસે તોડફોડ કરનારા પૂજારી અને સેવકની અટકાયત કરીને ઘટના સ્થળે લઈ જઈને તપાસ શરૂ કરી છે.પૂજારીએ જ મૂર્તિ ખંડિત કરીને મંદિરમાં તોડફોડ કરી હતી. પોલીસે ચોરીની ઘટનાનું રી કન્સ્ટ્રક્શન કર્યુ હતું. આ સમગ્ર ઘટના અંગે ક્રાઈમ બ્રાંચ તપાસ કરી રહી છે. બન્ને આરોપી એક દિવસના રિમાન્ડ પર મોકલવામાં આવ્યા છે. આ ઘટનાને લઈને ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ ટ્વિટ કરીને જણાવ્યું હતું કે, જૂનાગઢ પોલીસે ગુરુ ગોરખનાથ શિખરની ઘટનાનો ભેદ ઉકેલીને શ્રદ્ધાળુઓની આસ્થાને પુનઃ સ્થાપિત કરી છે.

## રાજકોટ સોની બજારમાં ઘરેણાં બનાવતી વખતે ભીષણ આગ, એક કારીગરનું મોત

। (એજન્સી) રાજકોટ, તા.૧૬ ।

**સોની કામ માટે દુકાનમાં રાખેલા એલપીજી ગેસના ૪ સિલિન્ડરો પૈકી એક સિલિન્ડર બ્લાસ્ટ થતાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું હતું**

રાજકોટ શહેરના દીવાનપરા વિસ્તારમાં શેરી નંબર ૧૦માં આવેલા સોની બજારના શ્રીહરી કોમ્પ્લેક્ષમાં મોડી રાત્રે લાગેલી આગમાં એક બંગાળી કારીગરનું કરુણ મોત થયું છે. કોમ્પ્લેક્ષના પાંચમા માળે આવેલા પતરાના ડોમમાં (શેડ) સોના-ચાંદીના ઘરેણાંની બફિંગ અને પાલિસનું કામ ચાલી રહ્યું હતું, તે દરમિયાન અચાનક આગ ભભૂકી ઉઠતાં દોડધામ મચી ગઈ હતી. ફાયર વિભાગે ૪ કલાકથી વધુની જહેમત બાદ આગ પર કાબુ મેળવ્યો હતો.શ્રીહરી કોમ્પ્લેક્ષના પાંચમા માળે આગ લાગી હતી. આ ઘટનામાં એક કારીગરનું મોત થયું છે, જ્યારે અન્ય એક કારીગર ઈજાગ્રસ્ત થતા તેને સારવાર અર્થે ખસેડવામાં આવ્યો છે. પ્રાથમિક તપાસમાં શોર્ટ સર્કિટને કારણે આગ લાગી હોવાનું અનુમાન છે. જોકે, સોની કામ માટે દુકાનમાં રાખેલા એલપીજી ગેસના ૪ સિલિન્ડરો પૈકી એક સિલિન્ડર બ્લાસ્ટ થતાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું હતું અને ટેરેસ પરનો ડોમ સંપૂર્ણપણે સળગી ગયો હતો.ફાયર વિભાગના જણાવ્યા મુજબ, રાત્રે ૧.૧૮ વાગ્યે દિવાનપરા શેરી નં.૧૦માં આવેલા શ્રીહરી કોમ્પ્લેક્ષમાં આગ લાગ્યાના સમાચાર મળતા તાત્કાલિક બેડીપરા ફાયર સ્ટેશનથી બે ફાયર ફાઈટર અને એમ્બ્યુલન્સ ઘટનાસ્થળે પહોંચી હતી. સોની બજારની સાંકડી શેરીઓના કારણે ફાયર ફાઈટરને પહોંચવું મુશ્કેલ બન્યું હતું. તેમ છતાં, બેડીપરા અને કાલાવડ રોડ ફાયર સ્ટેશનના મળીને કુલ પાંચ ફાયર ફાઈટરની મદદથી આગને સંપૂર્ણપણે કાબૂમાં લેવામાં આવી હતી. આગ લાગી ત્યારે સાતથી આઠ જેટલા કારીગરો અંદર કામ કરી રહ્યા હતા.

## ભાવનગરમાં જાહેર રસ્તા પર સસરાએ જમાઈનું કાસળ કાઢી નાખ્યું

। (એજન્સી) ભાવનગર, તા.૧૬ ।




ભાવનગર શહેરના દેસાઈનગરમાં સસરાએ જમાઈની હત્યા કરી હોવાની ચોંકાવનારી ઘટના સામે આવી છે. તીક્ષ્ણ હથિયારના ઘા મારીને યુવકની કરપીણ હત્યા કરવામાં આવી છે. શહેરના દેસાઈનગર પુલ નજીક સસરાએ જમાઈનું કાસળ કાઢી નાખ્યું હતું. છેલ્લા લાંબા સમયથી પતિ-પત્ની વચ્ચે ચાલતા છૂટાછેડાના કેસ મામલે રોડ ઉપર સસરાએ જમાઈની હત્યા કરી હતી. હત્યાને પગલે વિસ્તારમાં લોકોના ટોળાઓ એકત્ર થઈ ગયા હતા. જ્યારે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.ભાવનગર શહેરના દેસાઈનગર વિસ્તારમાં દિવાળીના પર્વ પહેલા હત્યાની ઘટના બની છે. જમાઈ સુરેશભાઈ શરદભાઈ રાઠોડ નામના યુવકની તીક્ષ્ણ હથિયારના ઘા મારીને કરપીણ હત્યા કરાઈ છે. પતિ-પત્ની વચ્ચે ચાલતા છૂટાછેડાના કેસ મામલે રોડ ઉપર સસરાએ જમાઈની હત્યા કરી હતી.

મૃતક સુરેશભાઈ શરદભાઈ રાઠોડ રિક્ષા ચલાવતો હતો. જ્યારે શહેરના હાદાનગર વિસ્તારમાં બે દીકરા સાથે રહેતો હતો અને બંન્ને દીકરા અભ્યાસ કરી રહ્યા છે અને તેઓ બન્ને પિતા સાથે રહે છે. પતિ-પત્નીને બનતું ન હોવાથી છેલ્લા ૫ વર્ષથી છૂટાછેડા અંગે કેસ ચાલી રહ્યો છે, જેની આજે કોર્ટમાં મુદત પણ હતી.

કોર્ટમાં છૂટાછેડાનો કેસ ચાલતો હતો તેને લઈને સસરા, પત્ની અને સાળાએ જમાઈ પર હુમલો કર્યો હતો. મૃતક વ્યક્તિને હોસ્પિટલ ખાતે પી.એમ અર્થે ખસેડવામાં આવ્યો છે. બનાવને લઈ પોલીસ ઘટના સ્થળ ઉપર પહોંચીને વધુ તપાસ હાથ ધરી છે.

**વિશેષ** | યમલભાઈ વ્યાસના અધ્યક્ષસ્થાને યોજાયો વિકાસ સપ્તાહ કાર્યક્રમ

# બનાસકાંઠા જિલ્લામાં રૂ.૨૫.૫૬ કરોડના ૪૪૫ વિકાસ કાર્યોનું કરાયું ઈ-ખાતમુર્હુત અને લોકાર્પણ કરાયું

। (એજન્સી) બનાસકાંઠા, તા.૧૬ ।

નર્મદા કેનાલ અને સુજલામ સુફલામ્ યોજનાઓ થકી બનાસકાંઠામાં કાયમી ધોરણે પાણીની સમસ્યા દૂર થઈ:- અધ્યક્ષ યમલભાઈ વ્યાસ. ગુજરાત સરકાર દ્વારા ઉજવાઈ રહેલા "વિકાસ સપ્તાહ ૨૦૨૫" અંતર્ગત બનાસકાંઠા જિલ્લામાં વિવિધ વિભાગોના વિકાસ કાર્યોનું ઈ-ખાતમુર્હુત અને ઈ-લોકાર્પણનો કાર્યક્રમ આયોજન પંચના અધ્યક્ષ યમલભાઈ વ્યાસના અધ્યક્ષસ્થાને ડીસા આઈ.ટી.આઈ. ભોયણ ખાતે યોજાયો હતો.

ભોયણ આઈ.ટી.આઈ.ના નવા બિલ્ડીંગનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું






આયોજન પંચના અધ્યક્ષ યમલભાઈ વ્યાસના હસ્તે ડીસા ભોયણ આઈ.ટી.આઈ.ના નવા બિલ્ડીંગનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ ભવન ૫ એકર જગ્યામાં કુલ રૂ. ૩૧૪ લાખના ખર્ચે તૈયાર થયું છે જેમાં ચાર વર્કશોપ, ચાર થિયરી રૂમ સહિતની અધ્યતન સુવિધાઓ ધરાવે છે. અધ્યક્ષ અને મહાનુભાવોએ નવનિર્મિત આઈ.ટી.આઈ ભવનની મુલાકાત લઈને નિરીક્ષણ કર્યું હતું. ઉપસ્થિત તમામે રાજ્ય કક્ષાના કાર્યક્રમનું જીવંત પ્રસારણ નિહાળ્યું હતું.

આ પ્રસંગે આયોજન પંચના અધ્યક્ષ યમલભાઈ વ્યાસે જણાવ્યું હતું કે, ગુજરાત રાજ્યમાં જો સૌથી વધુ વિકાસના કામો થયાં હોય તો તે બનાસકાંઠા અને કચ્છ જિલ્લામાં થયા છે. રાજ્યમાં દરેક ઝોનમાં સમતોલ વિકાસ જોવા મળે છે. બનાસકાંઠા જિલ્લામાં એક સમયે પાણીની સમસ્યા હતી પણ હવે નર્મદા કેનાલ અને સુજલામ સુફલામ્ યોજનાથી તે સમસ્યા હલ થઈ છે. રાજ્ય સરકાર સતત લોકોના પ્રશ્નોનું નિરાકરણ લાવી રહી છે. શિક્ષણ ક્ષેત્રે અનેક કોલેજ, આઈ.ટી.આઈ. અને મેડિકલ કોલેજના કારણે શિક્ષણની ગુણવત્તા અને ઉપલબ્ધતા પણ વધી રહી છે. યુવાનોને રોજગારની નવી તક મળી રહી છે, અને સૌ યુવાનોએ તેનો પૂરેપૂરો લાભ લેવો જોઈએ.

બનાસકાંઠા જિલ્લામાં કુલ ૮ વિભાગના રૂ. ૨૫.૫૬ કરોડના ૪૪૫ વિકાસ કાર્યોનું ઈ-ખાતમુર્હુત અને લોકાર્પણ કરાયું હતું. જેમાં રૂ. ૧૮.૦૮ કરોડના ૩૧૯ કામનું ખાતમુર્હુત અને રૂ. ૭.૪૭ કરોડના કુલ ૧૨૬ કામનું ઈ- લોકાર્પણ કરાયું હતું. આ નવીન વિકાસ કાર્યોના લીધે જિલ્લાના નાગરિકોને ઘર આંગણે વિવિધ સરકારી સેવાઓનો લાભ મળી રહેશે. આ કાર્યક્રમમાં જિલ્લા કલેકટર મિહિર પટેલ, જિલ્લા વિકાસ અધિકારી એમ.જે.દવે, પૂર્વ સાંસદ દિનેશભાઈ અનાવાડિયા સહિત સબંધિત વિભાગના અધિકારીઓ, કર્મચારીઓ અને બહોળી સંખ્યામાં વિદ્યાર્થીઓ લોકો ઉપસ્થિત રહ્યા હતા.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨



આંધ્રપ્રદેશના શ્રીશૈલમમાં 'શ્રી છત્રપતિ શિવાજી મહારાજ સ્ફૂર્તિ કેન્દ્ર'માં વડા પ્રધાન નરેન્દ્ર મોદીની પ્રેસ શ્રદ્ધાંજલિ.



વિદેશ મંત્રી એસ. જયશંકર નવી દિલ્હીમાં શ્રીલંકાના વડાપ્રધાન હરિની અમરાસૂર્યાને મળ્યા.

### બંને દેશના ૫૦ લોકોના મોત, ૧૦૦ ઘાયલ

# અફઘાનિસ્તાન અને પાકિસ્તાન વચ્ચે ૪૮ કલાકનું યુદ્ધવિરામ

## તાલિબાન વહીવટીતંત્રે બુધવારે સાંજે ૬ વાગ્યાથી ૪૮ કલાક માટે કામચલાઉ યુદ્ધવિરામ લાગુ કરવા સંમતિ આપી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૬ ।

અફઘાનિસ્તાન અને પાકિસ્તાન વચ્ચે ચાલી રહેલી સરહદી અથડામણો હવે બંધ થઈ ગઈ છે. અફઘાન તાલિબાન શાસનનું કહેવું છે કે પાકિસ્તાનની વિનંતી પર અફઘાનિસ્તાને બંને દેશો વચ્ચે ૪૮ કલાક માટે કામચલાઉ યુદ્ધવિરામની જાહેરાત કરી હતી. પાકિસ્તાન અને અફઘાનિસ્તાનમાં તાલિબાન વહીવટીતંત્રે બુધવારે સાંજે ૬ વાગ્યા (પાકિસ્તાન સમય) થી ૪૮ કલાક માટે કામચલાઉ યુદ્ધવિરામ લાગુ કરવા સંમતિ આપી છે. આ પગલું બંને પડોશી દેશો વચ્ચે તણાવ વધારનારા તાજેતરના સરહદી અથડામણોને પગલે લેવામાં આવ્યું છે. જણાવી દઈએ કે, બુધવારે સાંજે પાકિસ્તાને અફઘાનિસ્તાન પર હવાઈ હુમલા શરૂ કર્યા. અફઘાન મીડિયાએ અહેવાલ આપ્યો છે કે પાકિસ્તાની લડાકુ વિમાનોએ રાજધાની કાબુલ અને સ્પિન બોલ્ડકમાં બોમ્બમારો કર્યો હતો. આ હુમલાઓમાં અનેક લોકો



માર્યા ગયા હોવાના અહેવાલ છે.

અફઘાનિસ્તાન શાસનના પ્રવક્તા ઝબીઉલ્લાહ મુજાહિદે ટ્વિટર પર લખ્યું છે કે પાકિસ્તાનની વિનંતી પર અફઘાનિસ્તાને યુદ્ધવિરામની જાહેરાત કરી છે. આ યુદ્ધવિરામ ભારતીય સમય મુજબ સાંજે ૬:૩૦ વાગ્યે અમલમાં આવશે. યુદ્ધવિરામ સમયગાળા દરમિયાન તમામ અફઘાન સુરક્ષા દળોને કોઈપણ હુમલા કે સરહદ ઉલ્લંઘન કરવાથી દૂર રહેવા સૂચના આપવામાં આવી છે. દરમિયાન, પાકિસ્તાન સરકારે પણ પુષ્ટિ આપી છે કે આ કામચલાઉ યુદ્ધવિરામનો હેતુ સરહદ પર શાંતિ જાળવવા અને કોઈપણ અનિચ્છનીય ઘટનાઓને રોકવા માટે છે.

પાકિસ્તાનના વિદેશ મંત્રાલય દ્વારા જાહેર કરાયેલ યુદ્ધવિરામનો હેતુ દુશ્મનાવટ ઓછી કરવાનો અને સરહદી લડાઈ પછી વાતચીતનો માર્ગ ખોલવાનો છે. રોઈટર્સના અહેવાલ મુજબ, નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે બંને પક્ષો, પાકિસ્તાન અને અફઘાનિસ્તાન, આ જટિલ પરંતુ ઉકેલી શકાય તેવા મુદ્દાને ઉકેલવા માટે નિષ્ઠાવાન પ્રયાસો કરશે. મંત્રાલયે જણાવ્યું હતું કે દુશ્મનાવટ બંધ કરવાનો હેતુ રાજદ્વારી વાતચીતને પ્રોત્સાહન આપવા અને ભવિષ્યમાં જાનમાલના નુકસાનને રોકવાનો છે.

અફઘાનિસ્તાનના દક્ષિણ કંધાર પ્રાંતમાં તીવ્ર લડાઈ પછી યુદ્ધવિરામ અમલમાં આવ્યો. પાકિસ્તાની દળોએ બુધવારે વહેલી સવારે હવાઈ હુમલા કર્યા. અફઘાન અધિકારીઓના જણાવ્યા અનુસાર, સ્પિન બોલ્ડક જિલ્લાના રહેણાંક વિસ્તારો પર થયેલા હુમલામાં ઓછામાં ઓછા ૧૫ નાગરિકો માર્યા ગયા અને મહિલાઓ અને બાળકો સહિત ૧૦૦ થી વધુ લોકો ઘાયલ થયા.

### દિગ્ગજ એક્ટ્રેસ અને ડાન્સર મધુમતીનું ૮૭ વર્ષની ઉંમરે નિધન

। (એજન્સી) મુંબઈ, તા.૧૬ ।

દિગ્ગજ એક્ટ્રેસ અને ક્લાસિકલ ડાન્સર મધુમતીનું ૮૭ વર્ષની ઉંમરે નિધન થઈ ગયું છે. સિનેમાની દુનિયામાં તેમણે અનોખી ઓળખ બનાવી હતી અને તેમની સરખામણીમાં બોલિવૂડને શ્રેષ્ઠ ડાન્સરમાંથી એક હેલન સાથે પણ કરવામાં આવી હતી. મધુમતી તેમની અદભુત ડાન્સ સ્કિલ્સ અને અભિનય માટે ઓળખાય છે. તેમણે ઘણી યાદગાર ફિલ્મોમાં કામ કર્યું છે, જેમાં આંખે, ટોવર હાઉસ, શિકારી, મુજે જીને દો જેવી ફિલ્મો સામેલ છે. તેમના નિધનના સમાચારથી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં શોકની લહેર ફેલાઈ છે.

અભિનેતા વિંદુ દારા સિંહે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઠ પર દુઃખ વ્યક્ત કરતાં લખ્યું કે, તમારી આત્માને શાંતિ મળે. અમારા શિક્ષક અને ગાઈડ **#Madhumati ji.** અમારામાંથી અનેક લોકોના પ્રેમ અને આશિર્વાદથી ભરપૂર, જેમણે આ લેજન્ડ પાસેથી નૃત્ય શીખ્યું, એક સુંદર જીવન જીવ્યું. મહારાષ્ટ્રમાં ૧૯૩૮માં જન્મેલા મધુમતીએ વર્ષ ૧૯૫૭માં એક અન રિલિઝડ મરાઠી ફિલ્મથી તેના કારકિર્દીની શરૂઆત કરી હતી. બાળપણથી જ તેમને ડાન્સ કરવાનો ઉત્સાહ હતો.

### આરોપીઓને જેલ લઈ જતાં સમયે મોટી બબાલ

# સિંગર ઝુબીન ગર્ગના ચાહકોએ કર્યો આરોપીઓ પર પથ્થરમારો

## ઝુબીનના ફેન્સ અને સ્થાનિકોએ પોલીસ પર પથ્થરમારો કર્યો હતો, જેના કારણે પોલીસે ટીયર ગેસ છોડવા પડ્યા

।(એજન્સી) બક્સા, તા.૧૬।

આસામના પ્રખ્યાત ગાયિક ઝુબીન ગર્ગના મૃત્યુનો મામલોમાં દરરોજ નવો નવો વળાંક આવી રહ્યો છે. આજે બુધવારે, બક્સા જિલ્લાના મુશાલપુરમાં આ કેસને લઈને મોટી બબાલ થઈ હતી. જણાવી દઈએ કે, ઝુબીન ગર્ગના મૃત્યુના સંબંધમાં ધરપકડ કરાયેલા આરોપીઓને બક્સા જેલમાં ખસેડવામાં આવતા જેલની બહાર હિંસક અથડામણ થઈ હતી.

અહેવાલો અનુસાર, ઝુબીન ગર્ગના મૃત્યુના સંબંધમાં ધરપકડ કરાયેલા પાંચ આરોપીઓને બુધવારે બક્સા જેલમાં ખસેડવામાં આવ્યા હતા. આ સમાચાર સ્થાનિક રહેવાસીઓ અને ઝુબીનના ચાહકો સુધી પહોંચતા જ જેલની બહાર ભીડ એકઠી થઈ ગઈ હતી. આ બાદ, પરિસ્થિતિ એટલી ઝડપથી વણસી ગઈ કે, આ વિરોધ હિંસક બની ગયો હતો. વિરોધીઓએ પોલીસ પર પથ્થરમારો શરૂ કર્યો હતો, જેમાં ઘણા પોલીસકર્મીઓ



અને કેટલાક પત્રકારો ઘાયલ થયા હતા. પરિસ્થિતિને કાબુમાં લેવા માટે પોલીસે ટીયર ગેસ છોડવા પડ્યા હતા. ગુસ્સે ભરાયેલા ટોળાએ પોલીસ વાહનને પણ આગ ચાંપી દીધી હતી. બક્સા જેલની બહાર ભયાનક સ્થિતિ થઈ ગઈ હતી. આ પરિસ્થિતિને કાબૂમાં લેવા માટે વહીવટીતંત્રે ભારે પોલીસ બંદોબસ્ત ગોઠવી દીધો હતો. લોકપ્રિય આસામી ગાયક ઝુબિન ગર્ગના મૃત્યુ બાદ રાજ્યમાં ગુસ્સાનું વાતાવરણ છે. પ્રારંભિક અહેવાલો અનુસાર, તેમના મૃત્યુ અંગે ઘણા પ્રશ્નો ઉભા થયા છે. ચાહકોનો આરોપ છે કે, તે કાવતરું હોઈ શકે છે અને પોલીસ કેટલાંક મોટા લોકોનું રક્ષણ કરી રહી છે.

જણાવી દઈએ કે, આસામ પોલીસે આ કેસમાં પાંચ લોકોની ધરપકડ કરી હતી, જેમાંથી કેટલાક ઝુબિનના નજીકના માનવામાં આવે છે. આ આરોપીઓને બુધવારે ગુવાહાટીથી બક્સા જેલમાં ટ્રાન્સફર કરવામાં આવ્યા હતા, જેના પગલે હિંસા ફાટી નીકળી હતી. ઝુબિનના ચાહકો સોશિયલ મીડિયા પર સતત ઈતેજૈષ્ઠીર્હઢિહીહચ્ફ્ક્ષ્ત્રિ ટ્રેન્ડ કરાવી રહ્યા છે. ઘણા લોકો કહે છે કે, સરકાર આસામના આઈકોન રહેલા ઝુબિનના મૃત્યુની પારદર્શક તપાસ કરી રહી નથી.

પોલીસે જણાવ્યું છે કે, પરિસ્થિતિ હવે નિયંત્રણમાં છે. આ વિસ્તારમાં કલમ ૧૪૪ લાગુ કરવામાં આવી છે અને કોઈપણ અનિચ્છનીય ઘટનાને પહોંચી વળવા માટે રેપિડ એક્શન ફોર્સ તૈનાત કરવામાં આવી છે.

### સેપરેશન કેસમાં સુપ્રીમ કોર્ટની ટિપ્પણી

# પત્ની પોતાના પતિને ભમરડાંની જેમ ફેરવી ના શકે : સુપ્રીમ કોર્ટ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૬ ।

સુપ્રીમ કોર્ટે વિવાહિત વિવાદની સુનાવણી દરમિયાન કડક ટિપ્પણી કરી હતી. કોર્ટે કહ્યું કે, પત્ની તેના પતિને ભમરડાની જેમ ફેરવી ન શકે. કારણ કે, પારિવારિક ઝઘડામાં સૌથી વધુ નુકસાન બાળકોને થાય છે, એટલે પતિ- પત્ની બંનેને પોતાના અંહકારને છોડીને બાળકોના ભવિષ્યને પ્રાથમિકતા આપવી જોઈએ.

આ ટિપ્પણી જસ્ટિસ બીવી નાગરત્ના અને જસ્ટિસ આર. મહાદેવનની બેન્ચે એ સમયે કરી જ્યારે, તેમની સામે એક સરકારી નોકરી કરતાં દંપત્તિનો મામલો સામે આવ્યો. પતિ દિલ્હી રેલવેમાં કાર્યરત છે. જ્યારે પત્ની પટનામાં રિઝર્વ બેંકમાં નોકરી કરે છે અને તેમના માતા -પિતા તેમની સાથે રહે છે.

આ દંપત્તિના લગ્ન વર્ષ ૨૦૧૮માં થયા હતા. તેમને બે બાળકો છે, એક પાંચ વર્ષની દીકરી અને ત્રણ વર્ષનો દીકરો છે. બંને ૨૦૨૩થી અલગ રહે છે. પતિનું કહેવું છે કે, તે સાસરે રહેવા નથી માંગતી, જ્યારે પત્ની અને તેના પરિવારે પતિ પર કેસ દાખલ કર્યો છે. પતિ-પત્નીના વચ્ચે વધતા વિવાદના કારણે હવે તેમના બાળકો પણ માનસિક તણાવમાં છે.

# વિવિધ વસ્તુઓ માટે નાણાકીય સહાયની રકમ બમણી કરાઈ

## આ વધારાના નિર્ણયથી આશ્રિતોને શિક્ષણ, લગ્ન અને ગરીબી અનુદાન માટે મળતી નાણાકીય સહાયની રકમ બમણી થઈ જશે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૬ ।

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે કેન્દ્રીય સૈનિક બોર્ડ (KSB) દ્વારા અમલમાં મૂકવામાં આવતી યોજનાઓ હેઠળ પૂર્વ સૈનિકો અને તેમના આશ્રિતોને અપાતી નાણાકીય સહાયમાં ૧૦૦% વધારો કરવાને મંજૂરી આપી છે. આ વધારાના નિર્ણયથી આશ્રિતોને શિક્ષણ, લગ્ન અને ગરીબી અનુદાન માટે મળતી નાણાકીય સહાયની રકમ બમણી થઈ જશે. આ સુધારેલા દરો આવતા મહિનાની ૧લી નવેમ્બરથી અસરકારક બનશે.

બુધવારે સંરક્ષણ મંત્રાલયે આ અંગે માહિતી આપતા જણાવ્યું કે, આ યોજનાઓનું અમલ કેન્દ્રીય સૈનિક બોર્ડ દ્વારા પૂર્વ સૈનિક કલ્યાણ વિભાગ મારફતે કરવામાં આવે છે. નાણાકીય સહાયમાં કરવામાં આવેલા મુખ્ય વધારા અંતર્ગત, નિધનતા અનુદાનની રકમ રૂ.૪,૦૦૦ પ્રતિ માસથી વધારીને પ્રતિ લાભાર્થી રૂ.૮,૦૦૦ પ્રતિ માસ કરવામાં આવી



છે. આ સહાય એવા પૂર્વ સૈનિકોના આશ્રિતો અને વિધવાઓને આજીવન મળશે જેઓ ૬૫ વર્ષથી વધુ વયના છે, નિયમિત આવક ધરાવતા નથી અને બિન-પેન્શનભોગી છે.

શિક્ષણ અનુદાનની વાત કરીએ તો, આ શ્રેણીમાં બે આશ્રિત બાળકો (જેઓ ધોરણ ૧થી સ્નાતક સુધી અભ્યાસ કરી રહ્યા હોય) અથવા બે વર્ષના પોસ્ટ ગ્રેજ્યુએટ અભ્યાસમાં જોડાયેલી વિધવાઓ માટે શિક્ષણ અનુદાનની રકમ રૂ.૧,૦૦૦થી વધારીને રૂ.૨,૦૦૦ પ્રતિ વ્યક્તિ દર મહિને કરવામાં આવી છે. સરકાર દ્વારા લગ્ન અનુદાનની રકમમાં પણ વધારો કરવામાં આવ્યો છે. આ રકમને રૂ.૫૦,૦૦૦થી વધારીને પ્રતિ લાભાર્થી રૂ.૧,૦૦,૦૦૦ કરી દેવામાં આવી છે. સંરક્ષણ મંત્રાલય અનુસાર, આ અનુદાન વધુમાં વધુ બે પુત્રીઓના લગ્ન અથવા વિધવાના પુનઃલગ્ન માટે માન્ય ગણાશે. જોકે, તેના માટેની શરત એ છે કે લગ્ન આ આદેશ જારી થયા બાદ જ સંપન્ન થયેલા હોવા જોઈએ. સંરક્ષણ મંત્રાલયે સ્પષ્ટ કર્યું છે કે ૧ નવેમ્બર, ૨૦૨૫ પછી પ્રાપ્ત થનારી અરજીઓ પર જ આ મંજૂર કરાયેલા નવા દર લાગુ થશે. આ નિર્ણયના કારણે દર વર્ષે આશરે રૂ.૨૫૭ કરોડનો વધારાનો નાણાકીય બોજ ઊભો થશે, જેની પૂર્તિ આર્મ્ડ ફોર્સીસ ફ્લેગ ડે ફંડ માંથી કરવામાં આવશે. ઉલ્લેખનીય છે.

### વિશ્વના ૧૦ સૌથી શક્તિશાળી પાસપોર્ટની યાદીમાંથી અમેરિકાનું 'નામો નિશાન' નહીં

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૧૬ ।

ટેરિફ દ્વારા આતંકને ઉશ્કેર્યા પછી, અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ હવે વૈશ્વિક શાંતિ નિર્માતા તરીકે પોતાને રજૂ કરી રહ્યા છે. ટ્રમ્પે તાજેતરમાં ઈઝરાયલ અને હમાસ વચ્ચે યુદ્ધવિરામ કરાવવાનો શ્રેય લીધો હતો અને ભારત-પાકિસ્તાન સંઘર્ષ સહિત સાત યુદ્ધો બંધ કરવાનો દાવો કર્યો હતો. જોકે, ભારતે ટ્રમ્પના દાવાઓને સતત નકારી કાઢ્યા છે. દરમિયાન, ટ્રમ્પને ભારે મોટો ઝટકો લાગ્યો છે. ઈતિહાસમાં પ્રથમ વખત, યુએસ પાસપોર્ટ વિશ્વના ટોચના ૧૦ સૌથી શક્તિશાળી પાસપોર્ટની યાદીમાંથી નીચે આવી ગયો છે. ૨૦ વર્ષ પહેલાં હેનલી પાસપોર્ટ ઈન્ડેક્સની સ્થાપના થયા પછી આ પહેલી વાર છે. અમેરિકન પાસપોર્ટ હવે હેનલી પાસપોર્ટ ઈન્ડેક્સની વિશ્વના ટોચના ૧૦ સૌથી શક્તિશાળી પાસપોર્ટની યાદીમાં ૧૨મા સ્થાને આવી ગયો છે. તે તેના અગાઉના રેન્કિંગથી બે સ્થાન નીચે આવી ગયો છે અને હવે મલેશિયા સાથે બરાબરી પર છે. અમેરિકન પાસપોર્ટ ધારકો હવે ૨૨૭ વૈશ્વિક સ્થળોમાંથી ફક્ત ૧૮૦ સ્થળોએ વિઝા-મુક્ત પ્રવેશનો આનંદ માણી શકે છે, જે એક દાયકા પહેલાના તેના ટોચના રેન્કિંગથી નોંધપાત્ર ઘટાડો છે.

હેનલી પાસપોર્ટ ઈન્ડેક્સ ઈન્ટરનેશનલ એર ટ્રાન્સપોર્ટ એસોસિએશન (IATA) ના ડેટાના આધારે પાસપોર્ટને રેન્ક આપે છે. આ નવી રેન્કિંગ ઈન્ડો-પેસિફિક ક્ષેત્રના દેશોના પાસપોર્ટની મજબૂતાઈ દર્શાવે છે. સિંગાપુર હવે વિશ્વના ટોચના ૧૦ સૌથી શક્તિશાળી પાસપોર્ટની યાદીમાં ટોચ પર છે. સિંગાપુર પાસપોર્ટ ધારકો ૧૯૩ દેશોમાં વિઝા-મુક્ત પ્રવેશ મેળવી શકે છે, ત્યારબાદ દક્ષિણ કોરિયા (૧૯૦) અને જાપાન (૧૮૯) આવે છે.

### હમાસ પર ભડકેલા ઈઝરાયલે આપી ધમકી

# અમારું અપમાન થયું, ધરતીથી નામોનિશાન મિટાવી દઈશું

। (એજન્સી) ચંદીગઢ, તા.૧૬ ।

ઈઝરાયેલ અને હમાસ વચ્ચે સાતમી ઑક્ટોબર ૨૦૨૩થી ચાલી રહેલા યુદ્ધમાં આખરે શુક્રવારે (૧૦મી ઑક્ટોબર) યુદ્ધવિરામની જાહેરાત કરવામાં આવી હતી. અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના ૨૦ મુદ્દાના પ્રસ્તાવો પરનો યુદ્ધવિરામ કરાર આજે ગાઝામાં અમલમાં આવ્યો છે. આ વચ્ચે હવે ઈઝરાયલી આર્મી (IDF)ના ચીફ ઓફ સ્ટાફ લેફ્ટનન્ટ જનરલ ઈયાલ ઝમીરે કહ્યું કે, જ્યાં સુધી અમે તમામ બંધકોને પરત ન લઈ આવીએ ત્યાં સુધી સેના શાંતિથી નહીં બેશે. તમામ બંધકોને પરત લાવવા એ ઈઝરાયલી સૈન્યની નૈતિક, રાષ્ટ્રીય અને યહૂદી ફરજ છે. હમાસે હજુ પણ ૨૧ મૃત બંધકોના મૃતદેહ પોતાની પાસે રાખ્યા છે, છેલ્લા બે દિવસમાં તેણે માત્ર ૭ મૃતદેહ પરત કર્યા છે. આ પહેલા સોમવારે હમાસે તમામ ૨૦ જીવિત બંધકોને મુક્ત કરી દીધા હતા. મૃત બંધકોના મૃતદેહો અંગે IDF ચીફ ઝમીરે કહ્યું કે, રાજકીય નેતૃત્વ સાથે મળીને અમે તમામ કરારો લાગુ કરવા પર અડગ રહીશું. પરંતુ જ્યાં સુધી અમે તમામ બંધકોને પરત નહીં લાવીએ ત્યાં સુધી અમે શાંતિથી નહીં બેસીશું.

# ભાજપે બીજી યાદીમાં ૧૨ ઉમેદવારોના નામ જાહેર કર્યા

## ભાજપે મૈથિલી ઠાકુરને આપી ટિકિટ, વિનય કુમાર સિંહને સોનપુરથી ઉમેદવાર બનાવાયા છે

। (એજન્સી) પટના, તા.૧૬ ।

ભાજપે બુધવારે (૧૫ ઓક્ટોબર) બિહાર વિધાનસભા ચૂંટણી માટે ઉમેદવારોની બીજી યાદી જાહેર કરી. લોક ગાયિકા મૈથિલી ઠાકુરને અલીનગર મતવિસ્તારથી ઉમેદવાર બનાવવામાં આવી છે. મૈથિલી મંગળવારે (૧૪ ઓક્ટોબર) પાર્ટીમાં જોડાઈ. ભાજપની બીજી યાદીમાં ૧૨ ઉમેદવારોના નામનો સમાવેશ થાય છે.

અલીપુરથી મૈથિલી ઠાકુરને મેદાનમાં ઉતારવા ઉપરાંત, ભાજપે બારહથી ડૉ. સિયારામ સિંહને ઉમેદવાર બનાવ્યા છે. જ્ઞાનેન્દ્ર જ્ઞાનુની ટિકિટ ત્યાંથી રદ કરવામાં આવી છે. પાર્ટીએ બક્સરથી ભૂતપૂર્વ IPS અધિકારી આનંદ મિશ્રાને પણ



ઉમેદવાર બનાવ્યા છે, જે જન સૂરજથી આવે છે.

કેદારનાથ સિંહને બાનિયાપુરથી ઉમેદવાર બનાવવામાં આવ્યા છે. તેઓ આરજેડી સાથે હતા અને દિગ્ગજ નેતા પ્રભુનાથ સિંહના ભાઈ છે. સીએન ગુપ્તાની ટિકિટ છપરાથી રદ કરવામાં આવી છે. છોટી કુમારીને ત્યાંથી ઉમેદવાર બનાવવામાં આવ્યા છે. વિનય કુમાર સિંહને સોનપુરથી પણ ફરીથી ઉમેદવાર બનાવવામાં આવ્યા છે. તેઓ અહીંથી ભાજપના ધારાસભ્ય રહી ચૂક્યા છે અને મજબૂત નેતા પ્રભુનાથ સિંહના વેવાઈ છે.

ભાજપે મુઝફ્ફરપુરથી રંજન કુમારને પણ પોતાના નવા ઉમેદવાર તરીકે નામાંકિત કર્યા છે. સુરેશ શર્મા ગયા વખતે અહીંથી હારી ગયા હતા. પાર્ટીએ આગિયાંવમાં પણ એક નવો ઉમેદવાર ઉતાર્યો છે. મહેશ પાસવાનને અહીંથી ઉમેદવાર બનાવવામાં આવ્યા છે. શિવેશ કુમાર ૨૦૨૦ની વિધાનસભા ચૂંટણીમાં અહીંથી ભાજપના ઉમેદવાર હતા.

નોંધનીય છે કે ભાજપે અગાઉ પહેલી યાદી જાહેર કરી હતી, જેમાં ૭૧ ઉમેદવારોના નામ જાહેર કરવામાં આવ્યા હતા. ઉલ્લેખનીય છે કે આ ચૂંટણીમાં ભાજપ ૧૦૧ બેઠકો પર ચૂંટણી લડી રહ્યું છે. દ્ગઢ્ઢછ ગઠબંધનમાં બીજેપીના ભાગે ૧૦૧ બેઠકો આવી છે, જ્યારે ત્નડ્ઢેં પણ ૧૦૧ બેઠકો પર ચૂંટણી લડી રહ્યું છે.

## તંત્રી લેખ...

# દિવાળી પહેલાં માદાઓની શોપિંગ પાછળ નર સમુદાયની હડિયાપટ્ટી

કબૂતર કાનાફૂસિયો દિવસભર પ્રેમા પારવડીની પાછળ ઉડી ઉડીને થાકી ગયો હતો. પાછળ ઉડતી વખતે એને બે-ચાર વખત એવો વિચાર પણ આવી ગયો કે એની હાલત પ્રાણીઓનાં પૂછડાં જેવી થઈ ગઈ છે. પ્રાણીનું શરીર જ્યાં જાય ત્યાં ગયા વગર પૂછડાને છૂટકો નથી!

જંગલના એક માર્કેટમાંથી બીજા માર્કેટમાં ઉત્સાહથી ઉડી જતી પ્રેમાને જોઈને કબૂતર કાનાફૂસિયાને આશ્ચર્ય એ વાતે થતુ કે આમ આડા દિવસોમાં એ પ્રેમાને ક્યાંક કોઈ ફ્રેન્ડને મળવા દૂર ઉડવાનું કહેતો ત્યારે એ ભારે આળસ બતાવતી ને આમાં એ આખો દિવસ થાકવાનું નામ લેતી નથી.

કેટલીય બજારોમાં ઉડી ઉડીને કબૂતર કાનાફૂસિયાની પાંખોમાં જબરો થાક લાગ્યો હતો. કેટલાય પીંછાં ખરી પડયાં હતાં. એમાંય ગીચ માર્કેટમાં અન્ય પક્ષીઓ ને પ્રાણીઓ સાથે પાંખો સતત ટકરાતી રહેતી એટલે એનાથી લાગતો થાક જુદો. ગર્લફ્રેન્ડ વગરના સિંગલ પ્રાણી-પંખીઓને મોબાઈલ મચડતા જોઈને એ પળે તો કબૂતર કાનાફૂસિયાને એ સૌની ઈર્ષ્યા આવી. એનેય થયું કે અત્યારે ને અત્યારે જ બ્રેકઅપ કરી લે. આ વિચારો ચાલતા હતા ત્યાં જ પ્રેમા એને ટ્રાયલ કપડાં બતાવવા આવી. એ ટ્રાયલ માટે પહેરેલા કપડાંમાં એટલી સોહામણી લાગતી હતી કે કબૂતરે બ્રેકઅપ કરવાનું માંડી વાળ્યું કે પૂછડાંની માફક પાછળ પાછળ ખેંચવાનું ચાલુ રાખ્યું!

મંગળા માછલીનો બોયફ્રેન્ડ મહાસીર માછલો પોતાનો સ્માર્ટ સમજતો હતો. કબૂતર કાનાફૂસિયાની જેમ એ અગાઉ માર્કેટમાં ભટકી ચૂક્યો હતો. આ વર્ષે ભટકવું ન પડે એ માટે તેણે ઈ-કોમર્સ એપ ડોન્કીઝમાંથી મંગળા માટે શોપિંગ કરી લીધી. દિવાળીના બે-ત્રણ દિવસ પહેલાં સામાન મળી જાય એવી તકેદારી સાથે કરેલો ઓર્ડર ખરેખર સમયસર મળી ગયો. માછલાકુમાર મહાસીરનો પ્લાન એકદમ જડબેસલાક હતો. મંગળાએ પેકિંગ ખોલીને જોયું કે તરત મહાસીરને ફોન જોડયો : 'આ ઓર્ડર કરતાં પહેલાં મને પૂછવું તો જોઈએ... નવા વર્ષે હું આ કપડાં પહેરીશ?'

'બેબી! મેં તો તારો ફેવરિટ કલર પસંદ કર્યો છે. સેકેન્ડ થિંગ કે તને ઈન્ડો-વેસ્ટર્ન ગમે છે એટલે આઈ થોટ...' માછલાકુમાર મહાસીરે ઠાંસી-ઠાંસીને પ્રેમભર્યા અવાજમાં બચાવ કર્યો.

'ઈન્ડો-વેસ્ટર્ન ગમે છે એનો મીનિંગ એવો કે મારે ઈન્ડો-વેસ્ટર્ન જ પહેરવાનાં?' ફોન ફાટી જાય એવાં તીણા અવાજમાં ગુસ્સો કરીને મંગળાએ ફોન કટ કરી નાખ્યો. થોડીવાર પછી માછલાકુમાર મહાસીરે ફોન કર્યો અને ખૂબ જ પ્રેમાળ-નરમ ટોનમાં કહ્યું, 'બેબી! જો તને આ ન ગમ્યું હોય તો આપણે રીટર્ન કરી દઈએ. તને બીજું જે ગમે એ ઓર્ડર કરી દઈશ તો ૩૬-૪૮ કલાકમાં ફરીથી ડિલિવરી મળી જશે'.

'એક્ચ્યુઅલી ઈટ્સ નાઈસ! તેં એટલા પ્રેમથી ઓર્ડર કર્યો છે તો હવે રીટર્ન નથી કરવું, પણ..' મંગળાએ હળવેકથી ઉમેર્યું, 'આ દિવાળીમાં મારે બ્રાઈટ કલર પહેરવો છે, હું મારી રીતે શોપિંગ કરી લઈશ. તારી પાસે વધારે ખર્ચ નથી કરાવવો.'

'તો ચલ, આપણે સાથે જ જઈએ!' જીએફ મંગળા સાથે માર્કેટમાં ભટક્યા સિવાય છૂટકો નથી એ સમજી ગયેલા મહાસીરે હથિયાર નીચે મૂકી દીધા. થોડી આનાકાની પછી મંગળા માની ગઈ. પછી તો આખો દિવસ રઝળપાટ કરીને મંગળાએ થોડી વસ્તુઓ ખરીદી. બ્રાઈટ કલરના કપડાં તો ક્યાંય ગમ્યાં જ નહીં એટલે બીજા દિવસે ફરીથી મળવાનું નક્કી કરીને બંને છૂટા પડયાં. મહાસીરને પણ માર્કેટમાં ભટકીને કબૂતર કાનાફૂસિયાને લાગ્યો એવો જ થાક લાગ્યો હતો. ક્રેડિટ કાર્ડમાંથી આખો દિવસ બિલ પે કર્યા હતા ને ઉપરથી ઓનલાઈન શોપિંગનો ફટકો પણ પડયો હતો. મહાસીરને એની સ્માર્ટનેસ જ ભારે પડી હતી.

## બિહાર ચૂંટણી પહેલા એનડીએના સાથીપક્ષની નારાજગી બહાર આવી


બિહાર વિધાનસભાની ચૂંટણી પહેલા એનડીએના સાથી પક્ષ રાષ્ટ્રીય લોક મોરચાની નારાજગી બહાર આવી છે. બેઠકોમાં થયેલા ફેરફારની સૂચના મળ્યા પછી રાલોમો અસ્વસ્થ થઈ ગયો છે. રાલોમોના ખાતામાંથી મહુઆ બેઠક લોજપા (આર) જ્યારે દિનારા જેડીયુને આપવામાં આવી છે. આની જાણકારી થતા રાષ્ટ્રીય લોક મોરચાના નેતાઓએ વાંધો જાહેર કર્યો છે. રાલોમોએ પોતાના નેતાઓ અને કાર્યકર્તાઓને કહી દીધું છે કે ભાજપ સહિત એનડીએના કોઈપણ ઉમેદવારના નામાંકનમાં હાજર રહે નહીં. પટણાથી સાસારામ જવા નીકળેલા રાલોમોના રાષ્ટ્રીય પ્રમુખ ઉપેન્દ્ર કુશવાહા અરધે રસ્તેથી પરત ફરી ગયા હતા. એવી ચર્ચા થઈ રહી છે કે ઉપેન્દ્ર કુશવાહાએ રાલોમોના સિનિયર નેતાઓની બેઠક બોલાવી છે. એમ કહેવાય છે કે દિલ્હી ખાતે થયેલી મીટીંગમાં ભાજપ હાઈકમાન્ડએ રાલોમોને ૬ બેઠકો આપવાનું વચન આપ્યું હતું.

સુપ્રિમ કોર્ટે તુણમુલ કોંગ્રેસના સાંસદ મહુઆ મૌઈત્રાને એમણે કરેલી અરજી બાબતે સવાલો કર્યા હતા. અરજીમાં મૌઈત્રાએ વિદેશી રોકાણકારો અને વિદેશી રોકાણથી કોને લાભ થશે એવી તમામ વિગતો સાર્વજનીક કરવાની દાદ માંગી હતી. જસ્ટીસ બી વી નાગરત્ના અને જસ્ટીસ આર મહાદેવનની બેન્ચે કહ્યું હતું કે, બંધારણની કલમ ૩૨ હેઠળ કોઈપણ અરજી ફક્ત શંકાને આધારે દાખલ થઈ શકે નહીં. બેન્ચે કહ્યું હતું કે તમે સાર્વજનિક ખુલાસો માંગી રહ્યા છો. તમારો ઉદ્દેશ શું છે? મળેલી માહિતીનું તમે શું કરશો? શું આ અરજી આરટીઆઈના નિયમ હેઠળ છે? સુપ્રિમ કોર્ટે મૌઈત્રા તરફથી હાજર થયેલા વકીલ પ્રશાંત ભૂષણને અરજીમાં ફેરફાર કરવાનું કહ્યું હતું. આ પહેલા પ્રશાંત ભૂષણે દલીલ કરી હતી કે, વિદેશી રોકાણકારોએ મોટું રોકાણ કર્યું છે, પરંતુ જેની જાણકારી સામાન્ય લોકોને નથી.

લોકપ્રિય યુવા ગાઈકા મૈથીલી ઠાકુર ભાજપમાં જોડાઈ ગયા છે. એમણે ગાયેલા લોકગીતો, શાસ્ત્રીય અને ભજન ઘણા લોકપ્રિય છે. મૈથીલીએ પટણા ખાતે સિનિયર ભાજપ નેતાઓની હાજરીમાં પક્ષનો ખેસ પહેર્યો હતો. એમ મનાય છે કે, બિહાર વિધાનસભાની ચૂંટણી પહેલા ભાજપનો આ માસ્ટર સ્ટ્રોક છે. મૈથીલી ઠાકુરે પક્ષમાં જોડાયા પછી કહ્યું છે કે તેઓ વડાપ્રધાન નરેન્દ્ર મોદીથી પ્રભાવિત છે અને એમને નિતિશકુમાર પણ ગમે છે. નિતિશકુમારની પ્રેરણાથી જ તેઓ ભાજપમાં જોડાયા છે. ચીલાચાલુ જવાબ આપતા એમણે એમ પણ કહ્યું હતું કે હું તો સમાજ સેવા કરવા માટે રાજકારણમાં આવી છું. મૈથીલી મીથીલાંચલ પ્રદેશની હોવાથી આ ક્ષેત્રમાં ભાજપને ફાયદો થઈ શકે એમ છે. હમણા તો મૈથીલી ચૂંટણી લડવા બાબતે નૈનેયો ભણે છે, પરંતુ લાલો લાભ વગર લોટે નહીં એ રીતે છેવટે ભાજપની બેઠક પરથી ચૂંટણી લડશે એવું મનાય છે. પંજાબમાં રાજ્યસભાની પેટા ચૂંટણી માટે આપના ઉમેદવાર તરીકે રાજેન્દ્ર ગુપ્તા છે. રાજેન્દ્ર ગુપ્તાના નામે કોઈ કાર નથી, પરંતુ ખેતીની જમીન છે. ગુપ્તાની કુલ સંપત્તિ ૫૫૩ કરોડ રૂપિયાની છે. ગુપ્તા ટ્રાઈડન્ટ ગ્રુપના ચેરમેન છે. જો તેઓ ચૂંટણી જીતશે તો રાજ્યસભામાં બેસનાર સૌથી પૈસાદાર હશે. ૨૪મી ઓક્ટોબરે જમ્મુ - કાશ્મીરની ચાર અને પંજાબની એક રાજ્ય સભા બેઠકો માટે મતદાન થવાનું છે. એ જ દીવસે સાંજે પરિણામ બહાર પડશે. ઉમેદવારી પત્રોની તપાસ કર્યા પછી અપક્ષ ઉમેદવાર નવનીત ચર્તુવેદીનું ઉમેદવારી પત્ર રદ કરવામાં આવ્યું છે. રાજેન્દ્ર ગુપ્તા સામે કોઈ ઉમેદવાર નહીં હોવાથી તેઓ ચૂંટાઈને રાજ્યસભામાં જશે એ નક્કી છે. વિરોધીઓ આક્ષેપ કરે છે કે, અરવિંદ કેજરીવાલનો પક્ષ હંમેશા અતિ શ્રીમંતોને જ રાજ્યસભામાં મોકલે છે એની પાછળનું રહસ્ય શું છે. સમાજવાદી પાર્ટીના મહિલા વિંગના રાષ્ટ્રીય પ્રમુખ મુસ્કાન મિશ્રાને પક્ષે એમના પદ પરથી એકાએક દુર કર્યા છે. એમ કહેવાય છે કે મુસ્કાન મિશ્રા પક્ષ વિરોધી પ્રવૃત્તિ કરતા હતા. મુસ્કાન મિશ્રા થોડા દિવસો પહેલા અયોધ્યાના મહંત રાજુદાસને મળ્યા હતા. એમ મનાય છે કે અખીલેશ યાદવને આ મુલાકાત પસંદ આવી નહોતી. જોકે સપાના કેટલાક નેતાઓ કહી રહ્યા છે કે મુસ્કાન લગ્ન કરવાની હોવાથી એમણે જ પદ પરથી દુર કરવા કહ્યું હતું.

### રમા એટલે સ્ત્રી અને એને લઈને પુરાણમાં ભગવાન શ્રી કૃષ્ણ અને યુધિષ્ઠિર વચ્ચેના સંવાદ રૂપે એક દંતકથા પ્રચલિત

# આજે રમા એકાદશી અને વાક બારસ! એટલે કે રાજ રાજ્યના દિવ્ય અજવાળાનાં પર્વનો પ્રારંભ



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

**સમગ્ર વિશ્વને અજવાળાનાં તહેવારોની ખૂબ ખૂબ વધાઈ, અને ઈશ્વર કરે આ દીવાળી એ આપણી અંતરતમ્ ઈચ્છા પ્રબળ બને અને ચરણ રામરાજ્ય તરફ ગતિ કરે.આજે આસો વદ અગિયારસ એટલે કે રમા એકાદશી અને વાક બારસ એમ બે તિથિ એક સાથે છે, એટલે કે દિવાળીનાં તહેવારોનો પ્રારંભ થયો. બધાનાં આંગણામાં લક્ષ્મીના સ્વાગત માટે કોડિયા મૂકાઈ ગયા છે**

શેરી મહોલ્લા અને પ્રાંત પ્રાંતમાં સાક્ષાત રામ લક્ષ્મણ જાનકી લંકાથી પાછાં ફર્યા હોય અને હવે તો રામરાજ્યની સ્થાપના થશે જ! એમ ઢોલ નગારા વગાડતી, આંગણિયે આસોપાલવનાં તોરણ બંધાવતી, ફટાકડાના ગડગડાટ કરતી, અને આનંદની છોળો ઉડાડતી દિવાળી આવી ગઈ છે. સમગ્ર વિશ્વને અજવાળાનાં તહેવારોની ખૂબ ખૂબ વધાઈ, અને ઈશ્વર કરે આ દીવાળી એ આપણી અંતરતમ્ ઈચ્છા પ્રબળ બને અને ચરણ રામરાજ્ય તરફ ગતિ કરે.આજે આસો વદ અગિયારસ એટલે કે રમા એકાદશી અને વાક બારસ એમ બે તિથિ એક સાથે છે, એટલે કે દિવાળીનાં તહેવારોનો પ્રારંભ થયો. બધાનાં આંગણામાં લક્ષ્મીના સ્વાગત માટે કોડિયા મૂકાઈ ગયા છે. વહેલી સવારે દરેક ઘરની ગૃહ લક્ષ્મી વહેલા જાગી આંગણું સાફ કરી, સ્નાન કરીને દીવા મૂકે તો એનાં ઘરમાં સદૈવ લક્ષ્મીનો વાસ રહે છે. એટલે કે ધનદોલત તો ખરી જ, પરંતુ કમાણી રૂપે જે ધન ઘરમાં આવે એનાથી શાંતિ બની રહે, અને બરકત થાય છે. અમે નાનાં હતાં ત્યારે સવારનાં દિવાળીનાં દિવસોમાં દીવા મુકવાની, આંગણામાં રંગોળી કરવાની, આંગણું સાફ રાખવાની, આ બધી જ ક્રિયાઓ પાછળનું કારણ જણાવતાં મમ્મી કહેતી કે, બ્રહ્મમૂહુર્તમાં ઈશ્વર પાર્વતી દિવાળીનાં દિવસોમાં ફરવા નીકળે, અને જેનાં ઘરે ઘર સાફ સુથરુ, અને દીવા મુક્યા હોય, આંગણામાં રંગોળી હોય, એને ઘેર ઈશ્વર કાયમ વસે છે. એટલે આપણે આવું બધું કરવાનું હોય,અને એ વાત ગાંઠ બાંધીને યાદ રાખી છે, તે આજ સુધી એ પરંપરા ચાલે છે. સાસરીના ઘરમાં પણ વડીલોની ધર્મ કર્મની ઉદાર મનોભાવનાએ જીવતરની રંગોળીમાં પરોપકારનો એક વૈવિધ્ય પૂર્ણ રંગ જાળવી શકાયો છે. તો રમા એટલે સ્ત્રી અને એને લઈને પુરાણમાં ભગવાન શ્રી કૃષ્ણ અને યુધિષ્ઠિર વચ્ચેના સંવાદ રૂપે એક દંતકથા પ્રચલિત છે, તો આજે આપણે એકાદશી અને વાક બારસના મહાત્મ્ય વિશે વાત કરીશું.

રમા એકાદશી

એકવાર ભગવાન શ્રીકૃષ્ણને યુધિષ્ઠિર બંને વચ્ચે સ્ત્રી વિશે ચર્ચા ચાલી કે સ્ત્રી કોને કહીશું, અને યુધિષ્ઠિરે સ્ત્રીની જે ઉત્કૃષ્ટ વ્યાખ્યા આપી છે, એ યુધિષ્ઠિરના શબ્દોમાં કહીએ તો આ મુજબ છે.

જેની એક આંખમાં વિશ્વને ભસ્મીભૂત કરવાની શક્તિ અને બીજી આંખમાં વિશ્વનું સર્જન કરવાની શક્તિ છે, તેનું નામ સ્ત્રી. સ્ત્રીની સર્વોત્તમ પરિભાષા છેઃ સ્નેહ, સમર્પણ અને સહનશીલતા. સ્ત્રી એટલે ત્યાગ અને તપશ્ચર્યાની સાક્ષાત મૂર્તિ, સ્ત્રી થકી જ પુરુષની અવનતિ કે ઉન્નતિ સર્જાય છે. સ્ત્રીની સાચી શોભા અલંકારમાં નહિ, સદગુણોમાં છે. સ્ત્રીની અંતરંગ ધારાનો સહજ સ્વર છે સમર્પણ, પ્રતીક્ષા અને પ્રીતિના સંગમથી સ્ત્રી તીર્થ બને છે. સ્ત્રીની વ્યવસ્થા શક્તિ, દીર્ઘદ્રષ્ટિ, ઉત્સાહ, આવડત અને કરકસર પર આદર્શ ગૃહનું નિર્માણ થાય છે, માટે કહ્યું છે કે, સ્ત્રી વગર ગૃહાસ્થાશ્રમ ખરેખર અધૂરો જ રહે છે, સ્ત્રી સંસારની શોભા છે. જોકે આ બધું હવે સમયની માંગ છે, એમ કહી ઘટતું જાય છે, અને એનું કારણ ઘરની મુખ્ય સ્ત્રી એટલે માતા છે, એણે જે રીતે વેલને સીંચી હોય એ રીતે સંસ્કાર આગળ વધે.

પૂર્વે મુચુકુંદ નામનો એક રાજા રાજ્ય કરતો હતો. તે ઈન્દ્રનો પરમ મિત્ર હતો. આ વિષ્ણુ ભક્ત કુબેર, યમ, વિભીષણ વગેરેનો પણ મિત્ર હતો. તેની પુત્રી ચંદ્રભાગા રાહકુમાર શોભનને પરણી હતી. એક વખત શોભન શ્વસુરગૃહે આવ્યો. રાજાએ સૌને ઢોલ પીટાવીને આસો વદ દસમના દિવસે આદેશ આપ્યો હતો કે એકાદશીનું વ્રત ફરજિયાત કરવાનું છે, શોભને પણ ઉપવાસ કર્યો પરંતુ ભૂખ-તરસને લીધે તેનું મૃત્યુ થયું. આથી ચંદ્રભાગા સતી થવા તૈયાર થઈ, પરંતુ પિતાએ તેમ કરવા ના કહી. આ વ્રતના પ્રભાવથી શોભન મંદરાચળ પર્વત પર દેવનગરીમાં રહેવા લાગ્યો. તેનો વૈભવ ઈન્દ્રના જેવો જ હતો. દેવાંગનાઓ તેની સેવામાં તત્પર રહેતી. મુનિવર્યની સલાહથી ચંદ્રભાગાએ આ એકાદશીનું વ્રત પ્રેમપૂર્વક કર્યું હતું, અને વ્રતના પ્રભાવથી તેને દૈવી સુખ પ્રાપ્ત થયું હતું, અને દિવ્ય દેહે શોભનનું સાન્નિધ્ય પ્રાપ્ત થયું હતું. કહેવાનું તાત્પર્ય એ છે કે, રમા એકાદશીની કથાનું શ્રવણ પઠન કરે છે તે સર્વ પાપોથી મુક્ત થઈ વૈકુંઠને પામે છે. આ ઉત્તમ વ્રતની ફલશ્રુતિ ઘણી મોટી છે. "જેવી ભાવના એવી સિદ્ધિ" રમા એટલે સ્ત્રી, એટલે કે પોતાની પત્નીનાં કહેવાથી મુચકુંદ રાજાએ આસો વદ એકાદશી કરી હતી, અને આ રાજારાણી બંને આ લોકમાં સર્વ પ્રકારનાં સુખ ભોગવી વિષ્ણુલોકમાં રમમાણ કરવા ગયાં હતાં, એટલે આ એકાદશીનું નામ રમા એકાદશી પડ્યું. આ કથા મહાપાપનાશક કહેવાય છે, કામધેનુ તુલ્ય આ રમા એકાદશીનો મહિમા પાવનકારી છે, હિતકારી અને પ્રીતકારી છે. વ્રત અતિ સરળ છે, વિધિમાં માત્ર ઉપવાસને પ્રાધાન્ય આપવામાં આવ્યું છે. આ વ્રત આબાલવૃદ્ધ સર્વ કરી શકે છે. એકાદશી વ્રત એ મોક્ષમાર્ગનું સોપાન છે.

વાક બારસ

વાક્ એટલે વાણી અને વાક્ એટલે વેદ, એ રીતે વાણીની દેવી મા સરસ્વતીની આરાધનાનો આ દિવસ છે. વાક બારસે વિદ્યાની દેવી સરસ્વતી પાસે શુદ્ધ જ્ઞાનની માંગ કરવામાં આવે છે! કે તન, મનની પેલે પાર આત્મા છે, જે શુદ્ધ, અનંત અને અવિનાશી છે. આમ હિન્દુ સંસ્કૃતિમાં નાની વાતમા ફિલોસોફી વણાયેલી હોય છે, અને ત્યાં દરેક વાર તિથિને કોઈને કોઈ રીતે મહત્તા આપી એનું મહાત્મ્ય વધાર્યું છે. જ્ઞાનની ઉપલબ્ધિ બતાવતો આ તહેવાર સમજવા જેવો છે,અને ખરેખર એનું પણ મહાત્મ્ય છે

આમ તો સીધી રીતે અગિયારસથી દિવાળીનો તહેવાર શરૂ થાય પણ ગામડાઓમાં ખેતી મજુરી કરનારાને રજાઓ પડે પછી જ ઘરના કામ પણ કરવાનાં હોવાથી ધન તેરસ પહેલાં પોતાના ઘરમાં ગાર લીંપણનું કામ કરે છે એટલે જે જૂના પોપડા હોય તેને કાઢી નવું લીંપણ થાય છે એટલે ગામમાં હજી કોઈ કોઈ તેને પોડા બારસ તરીકે પણ ઓળખવામાં આવે છે.

પણ મૂળમાં તો ધન તેરસે લક્ષ્મીજીને આહવાન કરતાં પહેલાં જ્ઞાનની દેવી મા સરસ્વતી પાસે તન મન શુદ્ધ કરવા માટે આ તહેવાર છે, અને આવેલ ધન ઐશ્વર્યથી છકી જાય નહીં તથા નીતિનું વહન થતું રહે. આ ઉપરાંત સમુદ્ર મંથન માંથી ગાય નીકળી એ દિવસ આસો વદ બારસનો હતો, ગાયને હિન્દુ સંસ્કૃતિમાં માતાનો દરજ્જો આપવામાં આવ્યો છે, ગાયમાં તેત્રીસ કોટી દેવતા ઓનો વાસ છે, એટલે આ દિવસ ગૌવત્સ દ્વાદશી તરીકે પણ ઓળખાય છે. ગુરુ વગર જ્ઞાન કોણ આપે! એટલે કેટલાક તેને ગુરુ દ્વાદશી તરીકે ઓળખે છે.

આ ઉપરાંત ઘણા માને છે કે બારસને 'વાઘ બારસ' તરીકે ઓળખવામાં આવી છે. વાઘ સામર્થ્યનું પ્રતીક છે. મનુષ્યે નૂતન કર્મનાં પ્રારંભ માટે સમર્થ થવાનું છે, પરાક્રમી થવાનું છે, જોખમ ખેડવાનું છે, સ્થૂળ પ્રાપ્તિ માટે પણ આ ગુણો જરૂરી છે. પરંતુ આંતરસમૃદ્ધિ વધારવા માટે તો ઘણા વધારે સમર્થ, પરાક્રમી થવું જરૂરી છે. એ આસાન માર્ગ નથી. એટલે જોખમ ખેડવાનું છે. એવા સામર્થ્યની ઉપાસના કરવાનું પર્વ એટલે વાઘબારસ.

દિવાળીનાં તહેવારોની સૌને ખૂબ ખૂબ શુભેચ્છા, અને સમાજનાં એકોએક વર્ગના ઘરમાં આ દિવાળીએ આનંદનો પ્રકાશ પથરાય, અને એમના આંગણાં પણ હર્ષોલ્લાસની રંગોળીથી સજે. જય શ્રીરામ.

### ભગવદ્ ગીતા જ્ઞાનમાં આજે આપણે જોઇએ તો રામનામથી પથ્થર તરે છે

# માયાના સંસર્ગમાં આવવું જ પડે છે.માયાને પકડવી પડે પણ તેને અગ્નિની પેઠે વિવેકરૂપી સાણસીથી પકડજો



**વિશેષ**
યશપાલસિંહ ડી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**હનુમાનજી આ કૌતુક છુપાઇને જોતા હતા. રામજી નિરાશ થઇ પાછા ફરતા હતા,ત્યાં હનુમાનજી મળ્યા. રામે હનુમાનજીને પૂછ્યું, મારા નામે સમુદ્રમાં પથ્થરો તર્યા અને મેં પોતે પથ્થરો ઊંચકી સમુદ્રમાં ફેંક્યા તો બધા ડૂબી ગયા. આમ કેમ?**

ભગવદ્ ગીતા જ્ઞાનમાં આજે આપણે જોઇએ તો રામનામથી પથ્થર તરે છે.એક વખત રામચંદ્ર જીને કુતુહલ થયું કે મારા નામથી પથ્થરો તરેલા અને વાનરોએ સમુદ્ર ઉપર સેતુબાંધેલો તો મારા હાથના અડકવાથી પથ્થરો તરે છે કે નહીં તેની આજે ખાતરી કરું. તેઓ કોઈ ન દેખે તેવી રીતે સમુદ્ર કિનારે આવ્યા.પછી રામચંદ્રજીએ પોતે પથ્થરો ઊંચકીને સમુદ્રમાં ફેંક્યા તો બધા પથ્થરો સમુદ્રમાં ડૂબી ગયા. રામચંદ્રજીને આશ્ચર્ય થયું.આ કેમ બન્યું?મારુંનામ માત્ર લખવાથી તો પથ્થરો તરેલા.

હનુમાનજી આ કૌતુક છુપાઇને જોતા હતા. રામજી નિરાશ થઈ પાછા ફરતા હતા,ત્યાં હનુમાનજી મળ્યા. રામે હનુમાનજીને પૂછ્યું, મારા નામે સમુદ્રમાં પથ્થરો તર્યા અને મેં પોતે પથ્થરો ઊંચકી સમુદ્રમાં ફેંક્યા તો બધા ડૂબી ગયા. આમ કેમ?

હનુમાનજી કહે, એમ જ હોય ને! એમાં શું અયોગ્ય છે?રામજીજેને ફેંકે એટલે તરછોડે તેને કોણ તારી શકે?રામજી જેને ફેંકે-ત્યજે એ તો ડૂબી જ જાય.એ પથ્થરોને આપે ત્યજ્યા એટલે ડૂબી ગયા. રામજી જેને અપનાવે તે ડૂબે નહીં જે પથ્થરો વડે સમુદ્ર ઉપર સેતુ બાંધેલો તે ઉપરશ્રીરામ લખવામાં આવતું એટલે તર્યા!તમારા નામમાં જેવી શક્તિ છે તેવી તમારા હાથમાં નથી.

રામનામમાં જે શક્તિ છે તે ખુદ રામમાં નથી. રામજીએ પોતાના જીવન દરમિયાન કેટલાકનોઉદ્ધાર કર્યો. ત્યારપછી રામનામે કંઇક અનેકોને તાર્યા છે.

નામ અને જપનો મહિમા અનેરો છે. તુલસીદાસજી કહે છે કે, વિષયરૂપી નાગને વશ કરનારો મણિ છે. નામથી તો વિધાતાએ લલાટે લખેલો લેખ પણ ફરીજાય છે.નામ જપથી દશે દિશાઓ મંગલમય બની જાય છે.

જપ તો જનાબાઈએ કર્યો. જનાબાઈ છાણાં થાપે.કોઈ ચોરી કરી જાય. જનાબાઇએ નામદેવને આ બાબતની ફરિયાદ કરી. નામદેવે કહ્યું,છાણાં બધાં સરખાં. તારાં છાણાં ઓળખાય કેમ?ચોર પકડાય કેમ?જનાબાઈએ કહ્યું કે,ન કેમ ઓળખાય?મારાં છાણાં ઓળખી શકાશે.મારું છાણું કાન પાસે ધરશો તો તેમાંથી વિઠ્ઠલ વિઠ્ઠલ એવો ધ્વનિ સંભળાશે જનાબાઈ છાણાં થાપતી વખતે વિઠ્ઠલ વિઠ્ઠલ નામનો જપ કરતાં જાય અને છાણાં થાપતાં જાય. એટલે કહે છે કે,છાણામાંથી જપ નો ધ્વનિ નીકળશે.નામદેવે ખાતરી કરી જોઈ.છાણામાંથી વિઠ્ઠલ વિઠ્ઠલ ધ્વનિ આવતો સંભળાયો. તેમણે જનાબાઈનેકહ્યું કે,નામદેવ હું નહીં,પણ તું છે.

જનાબાઈ છાણાં થાપતી વખતે વિઠ્ઠલવિઠ્ઠલ નામના જપમાં એવાં તલ્લીન બનતાં કે,જડ છાણામાં થી જપનો ધ્વનિ નીકળતો.જપ વિધિમાં બે નિયમ સાચવજો બ્રહ્મચર્ય પાળવું અને બીજા કોઇ નું ખાવું નહીં. કેવળ વાંચવાથી જ્ઞાનનો અનુભવ થતો નથી. પ્રાચીનકાળમાં સંતો ક્યાં ભણવા ગયા એવું તેમનાચરિત્રમાં લખ્યું નથી.પણ ભાગવત ભક્તિથી ચિત્તશુદ્ધ થતાં અંદરથી જ્ઞાનનું સ્ફુરણ થતું.પંડિત શાસ્ત્રની પાછળ દોડે છે.મીરાંબાઈ જે બોલે તેની પાછળ શાસ્ત્ર દોડે છે. તેર કરોડ જપ કરવાથી જપ અને ઈશ્વરનું મિલન થાય છે. કળિકાળમાં આ સિવાય બીજો કોઈ ઉપાય નથી. અધિકારી ગુરુ પાસેથી મંત્રગ્રહણ કરવાથીમંત્રથી દિવ્યશક્તિ આવે છે.કેવળ વેદાંત ના સિદ્ધાંતો સમજવા મુશ્કેલ છે અને સમજાય તો પણ અનુભવવા મુશ્કેલ છે.દુઃખ શરીર ને થાય છે.આત્મા કેવળ દ્દષ્ટા છે, એમ બોલવું-સમજવું સહેલું છે. પણ આ સિદ્ધાંતોનો અનુભવ કરવો મુશ્કેલ છે,ત્યારે નામ સ્મરણ સહેલું છે. ભક્તિ સહેલી અને સરળ છે.ભક્તિ મરણ સુધારે છે.

કથા જીવનમાં પાર્ગ બતાવે છે. કથા મનુષ્યને તેના સૂક્ષ્મ દોષોનું ભાન કરાવે છે, પણ તેનો ઉદ્ધાર તો નામ જપ,નામસ્મરણથી જ થાય છે.

આ સંબંધમાં અજામિલનું દ્દષ્ટાંત આપવામાં આવે છે. અજામિલ અધમ હતો, પણ ભગવન્નામનો આશ્રય કરી કૃતાર્થ થયો. આપણે બધા અજામિલ છીએ.અજા એટલે માયા.માયામાં જ મળી ગયો તે અજામિલ. સંસારમાંમાયા ના સંસર્ગમાં આવવું જ પડે છે. માયાને પકડવી પડે પણ તેને અગ્નિની પેઠેવિવેકરૂપી સાણસીથી પકડજો.અગ્નિ વિના વ્યવહાર ચાલતો નથી, છતાં કોઈ અગ્નિને હાથમાં લેતું નથી.માયા આપણી પાછળ પડે છે. તેનાથી બચવાનું છે અને ઈશ્વર પાછળ પડવાનું છે. ઈશ્વર પાછળ પડતા માયા દૂર થશે.કનક અને કાંતાએ માથાના રૂપો છે.એ બે વસ્તુમાં મન જાય તેવો નિશ્ચય કરજો.શરીરથી પાપ કરશો તો સજા થાય છે,અને મન થી પાપ કરશો તો તેની પણ સજા થાય છે.

કાન્યકુબ્જ દેશમાં અજામિલ નામનો એક બ્રાહ્મણ હતો. એ અનેક પ્રકારનાં પાપો કરીગુજરાન ચલાવતો. જો કે પહેલાં તો મંત્ર વેત્તા,પવિત્ર અને સદાચારી હતો. પણ એક કુલટાને જોઈ એનું મન બગડ્યું.

એક સમયે, એક ગામમાં એક સજ્જન રહેતા હતા. તેઓ ખૂબ જ દયાળુ અને ઉદાર હતા. તેઓ ક્યારેય કોઈનું ખરાબ બોલતા નહોતા. તેમના ઘરે આવનાર દરેક સાથે ખૂબ જ આતિથ્ય કરતા હતા. લોકો ઘણીવાર તેમની પાસે સલાહ માટે આવતા હતા.


એકવાર, એક કેદી જેલમાંથી ભાગી જાય છે,અને પોલીસ તેનો પીછો કરી રહી છે.જ્યારે તે ગામ ની વચ્ચે પહોંચે છે,ત્યારે તેને એક ઘરનો દરવાજો ખુલ્લો દેખાય છે. તેએ જ સજ્જનનું હતું તે પરવાનગી વિના પ્રવેશ કરે છે.

કેદી પ્રવેશતાની સાથે જ,સજ્જન નમ્રતાથી કહે છે, 'અંદર આવો, સાહેબ, તમારું સ્વાગત છે.' તે તેને આરામથી બેસાડે છે અને પૂછે છે કે તે કોણ છે અને ક્યાંથી આવી રહ્યો છે. કેદી કહે છે, 'હું રસ્તો ભૂલી ગયો છું. શું તમે મને રાત માટે રહેવાની જગ્યા આપી શકો છો?તે ખૂબ જ ઉપકાર થશે.'

તે માણસ કહે છે, 'કેમ નહીં? અહીં આરામથી રહો. સ્નાન કરો. હું તમારા માટે ખોરાક અને આશ્રયની વ્યવસ્થા કરીશ.' સજ્જન કેદી સ્નાન કરે ત્યારે તેની બધી વ્યવસ્થા કરે છે. રાત્રિભોજન પછી, બધા સૂઈ જાય છે. પરંતુ તેના ઈરાદા ખરાબ થઈ જાય છે, અને તે ત્યાંથી સોનાની વસ્તુઓ ચોરી કરે છે અને પછી ભાગી જાય છે.તે માણસ કહે છે, 'ના, તું અહીં આરામથી રહી શકે છે. સ્નાન કરી લે,અને હું તારા ખાવા-પીવા ની અને સૂવાની વ્યવસ્થા કરીશ.' જ્યારે કેદી સ્નાન કરે છે, ત્યારે તે સજ્જન તેના માટે બધીવ્યવસ્થા કરે છે.જમ્યા પછી,બધા સૂઈ જાય છે. પરંતુ તેનો ઈરાદો ખરાબ થઈ જાય છે, અને તે ત્યાંથી સોનાની વસ્તુઓ ચોરી કરે છે અને પછી ભાગી જાય છે.

પોલીસ તેને રસ્તામાં પકડી લે છે. અને પૂછપરછ કરવામાં આવે ત્યારે તે કહે છેકે તેણે તે સજ્જન પાસેથી તે વસ્તુઓ ચોરી લીધી છે.કેદીને તે માણસ સમક્ષ લાવવા માં આવે છે. પરંતુ તે માણસ કહે છે કે તેણે પોતે જ તેને સોનાની વસ્તુઓ દાનમાં આપી હતી.

કેદીની આંખો ખુલે છે અને તે માણસની માફી માંગે છે.તે કહે છે કે જ્યારે પણ તમને કોઈ વસ્તુની જરૂર હોય,ત્યારે તમારે તે માંગવી જોઈએ, ચોરી ન કરવી જોઈએ.



### બિગ બીએ લાબૂબૂ ડોલનો વીડિયો શેર કર્યો

# અમિતાભ બચ્ચન પર પણ ‘લાબૂબૂ ડોલ’નો ક્રેઝ જોવા મળ્યો

બોલીવૂડના મહાનાયક અમિતાભ બચ્ચન ૮૩ વર્ષેય સોશિયલ મીડિયા પર ખૂબ જ એક્ટિવ રહે છે અને તેમણે શેર કરેલો એક વીડિયો સોશિયલ મીડિયા પર હાલમાં ખૂબ જ વાઈરલ થઈ રહ્યો છે. આ વીડિયો બિગ બીનો કારનો છે અને કારની સામે લાબૂબૂ ડોલ જોવા મળી રહી છે. આ વીડિયો જોતાં જ બિગ બી પર પણ લાબૂબૂ ડોલનો ફીવર ચડી ગયોછે એવું કહેવું જરાય ખોટું નથી. આવો જોઈએ એવું તે શું ખાસ છે બિગ બીએ શેર કરેલાં વીડિયો અને બિગ બીએ શું કહ્યું છે લાબૂબૂ ડોલ્સ વિશેપછેલ્લાં કેટલાક સમય પહેલાં સોશિયલ મીડિયા પર લાબૂબૂ ડોલ્સનો ક્રેઝ જોવા મળ્યો હતો. અનેક સેલેબ્સે ડોલ ખરીદી હતી અને સોશિયલ મીડિયા પર તેની ઝલક શેર કરી હતી. બિગ બી પણ સોશિયલ મીડિયા પર એક્ટિવ રહે છે અને દરેક ટ્રેન્ડને ફોલો કરે છે. હવે બિગ બીએ પણ બીજા સેલેબ્સની જેમ લાબૂબૂ ડોલ ખરીદી હતી અને પોતાની કારમાં લગાવીને તેને ફ્લોન્ટ કરી હતી.બિગ બીએ લાબૂબૂ ડોલનો વીડિયો શેર કરીને ઈન્સ્ટાગ્રામ પર લખ્યું હતું કે ભાઈઓ અને બહેનો હું લાબૂબૂ દેખાડી રહ્યો છું, જે મારી કારમાં છે. કાલે મળું છું લાબૂબૂપ બાય બાયપબિગ બીએ લાબૂબૂ ડોલ શેર કરી



હોય તો પણ ફેન્સની નજર તેમના ડેશ બોર્ડ પર અટકી પડી હતી. ડેશ બોર્ડની સ્ક્રીન પર બજરંગ બલીનો ફોટો દેખાયો હતો અને જેના પરથી ફેન્સ એવો અંદાજો લગાવી રહ્યા છે કે તેઓ હનુમાન ચાલીસા સાંભળી રહ્યા હતા. પણ વચમાં જ તેમણે એને સ્ટોપ કરી હતી.બસ પછી પૂછવું જ શું? બિગ બીનો આ વીડિયો જોઈને ફેન્સ તેના પર જાત જાતની કમેન્ટ કરી રહ્યા છે. એક યુઝરે આ વીડિયો પર કમેન્ટ કરતાં લખ્યું હતું કે સર લાબૂબૂ સાથે હનુમાન ચાલીસા સાંભળવી જરૂરી છે. બીજા એક યુઝરે લખ્યું કે સારું છે કે હનુમાન ચાલીસા છે, કોઈ ટેન્શનની વાત નથી. ત્રીજા એક યુઝરે લખ્યું હતું તે સર, આ ડોલ સારી નથી અને એને ફેંકી દો.અત્રે ઉલ્લેખનીય છે કે થોડાક સમય પહેલાં જ આ મિની ડોલનો ટ્રેન્ડ શરૂ થયો હતો અને અનેક ઈન્ટરનેશનલ સેલિબ્રિટીઝથી લઈને બોલીવૂડ સ્ટાર્સે પણ મિની ડોલ સાથે ફોટો, વીડિયો શેર કર્યા હતા. પરંતુ અનેક લોકો આ ડોલ પોતાની સાથે નેગેટિવિટી લઈને આવતી હોવાનો આક્ષેપ કરતાં વીડિયો અને ફોટો પણ શેર કર્યા હતા. જોવામાં પણ આ ડોલ ખાસ ક્યૂટ નહીં પણ ડરામણી દેખાતી હતી.

# જિતેન્દ્ર કુમારે કમ્ફર્ટ ઝોન છોડ્યોઃ ‘ભાગવત ચેપ્ટર ૧ : રાક્ષસ’માં અલગ અવતારમાં દેખાશે

**મને ખરેખર એક ક્રાઇમ થ્રિલર કરવાની ઇચ્છા હતી અને કોઈ એવું પાત્ર કરવું હતું જેના અનેક ચહેરા હોય : જિતેન્દ્ર**

પહેલા જીતુભૈયા અને પછી પંચાયતના સચિવજી તરીકે જાણીતા થયેલા કલાકાર જીતેન્દ્ર કુમાર હાલ વિવિધ પ્રકારના રોલના પ્રયોગો કરી રહ્યો છે. થોડાં દિવસ પહેલાં ‘મિરઝાપ ુર’ ફિલ્મના સેટ પરથી તેમની તસવીરો વાયરલ થઈ હતી. હવે તેણે ક્રાઈમ થ્રિલર ‘ભાગવત ચેપ્ટર ૧ - રાક્ષસ’માં પોતાના રોલ વિશે વાત કરી છે. તેણે જણાવ્યું કે આ રોલમાં તેને કમ્ફર્ટ ઝોનમાંથી બહાર નીકળવાની તક મળી.આ ફિલ્મમાં જિતેન્દ્ર એક આકર્ષક કોલેજ પ્રોફેસર સમીરનો રોલ કરે છે, જેની સામે અર્શદ વારસી ઈન્સ્પેક્ટર વિશ્વાસ ભાગવતના રોલમાં છે, જે એક છોકરી ગાયબ થઈ ગયાના કેસની તપાસ કરે છે. આ ફિલ્મ ઝીપ પર આવશે અને અક્ષય શેરે તેને ડિરેક્ટ કરે છે.જિતેન્દ્રએ આ પહેલાં ટીવીએફની ઓટીટી સિરીઝ ઉપરાંત ‘શુભ મંગલ ઝ્યાદા સાવધાન’, ‘જાદુગર’ અને ‘ડ્રાય ડે’ જેવી ફિલ્મમાં કામ કર્યું છે. એક ઈન્ટરવ્યુમાં તેની નવી ફિલ્મ વિશે વાત કરતા જિતેન્દ્રએ જણાવ્યું, “હું મારા કમ્ફર્ટ ઝોનમાંથી બહાર આવીને ઘણો ઉત્સુક હતો. મેં ક્યારેય આવો કોઈ



રોલ કર્યો નથી તેથી આ રોલ મારા માટે ઘણો પડકારજનક હતો. હું નક્કી કરી શકતો નહોતો કે હું આ રોલ કઈ રીતે કરી શકીશ. પરંતુ દરેક નવા પડકાર સાથે મને અલગ ઉત્સાહ અનુભવાતો હતો.’’જિતેન્દ્ર આગળ જણાવે છે, “મને ખરેખર એક ક્રાઈમ થ્રિલર કરવાની ઈચ્છા હતી અને કોઈ એવું પાત્ર કરવું હતું જેના અનેક ચહેરા હોય. અમારા બંનેના પાત્રો વચ્ચેના સમીકરણો અને બંનેના જીવન કઈ રીતે જોડાયેલા છે, તેણે મને આ પાત્ર કરવા પ્રેર્યો.’’અર્શદ વારસી સાથે કામના અનુભવ અંગે તેણે કહ્યું, “ આમ તેઓ સેટ પર મજા કરતા હોય પણ જેવો સીન કરીએ કે એ એક અલગ જ વ્યકિત હોય એવું લાગે. જે રીતે સહજતાથી એ પ ાત્રમાં ઢળી જતાં એ જોવાની મને બહુ મજા આવી છે. ’’આ પાત્ર વિશે જિતેન્દ્રએ જણાવ્યું, “એક જ પ્રકારના પાત્રોને અલગ રીતે કરવાનો પડકાર અલગ હોય છે, પણ હજુ મને એવું નથી લાગતું કે હું એક જ પ્રકારના રોલ કરું છું. મેં જેમ ભાગવતમાં કર્યું એમ હું અલગ રોલ અને કામ કરતો રહીશ.’’

# ‘થિએટર માટે લોકોનો પ્રેમ ઘટ્યો નથી, બસ થિએટરમાં જવાનું કારણ હોવું જોઈએ’ : પૂજા

**પૂજા ‘જન નાયગન’માં વિજય અને ‘હે જવાની તો ઇશ્ક હોના હે’માં વરુણ ધવન સાથે કામ કરી રહી છે**

૨૦૨૫ના વર્ષમાં પૂજા હેગડે રસપ્રદ રોલ અને ફિલ્મ કરી રહી છે, રેટ્રોમાં સૂર્યા સાથેની તેની જોડીને સારો પ્રતિસાદ મળ્યો છે. તે ઉપરાંત રજનીકાંતની ‘કૂલી’માં તેના વખાણ થવા ઉપ રાંત ફિલ્મ બોક્સ ઓફિસ પર પણ સારી ચાલી છે. આજે એવો સમય આવ્યો છે, જ્યારે મોટા નામો હોવાથી પણ ફિલ્મની સફળતાની કોઈ ગેરંટી હોતી નથી. ત્યારે પૂજા માને છે કે ઈન્ડસ્ટ્રીને એક માળખાની જરૂર છે. “હા, હવે બધું પહેલાં કરતાં વધુ અનિશ્ચિત થઈ ગયું છે. પરંતુ હું એવું પણ માનું છું કે લોકોનો મોટા પડદા માટેનો પ્રેમ હજુ ખતમ થયો નથી. તેમને બસ થિએટરમાં પાછા ફરવાનું કારણ



જોઈએ છે. એ લાગણીઓ, એ ઉગ્રતા, સમાજ જીવનનું એ સ્તર તમને ઘેર બેઠાં અનુભવાશે નહીં. એક ફિલ્મ થિએટરમાં અનુભવ પુરો પ ડે છે -પછી તે તેની વાર્તા હોય, સંગીત કે પ છી મોટા પડદાનો જાદુ – લોકો ચોક્કસ પાછા આવશે. થિએટરનું હંમેશા એક ચોક્કસ સ્થાન રહ્યું છે, આપણે બસ કશુંક એવું રસપ્રદ આપવું પડશે કે તેઓ ઘરમાંથી બહાર નીકળવા મજબુર થઈ જાય.’’પૂજા ‘જન નાયગન’માં વિજય અને ‘હે જવાની તો ઈશ્ક હોના હે’માં વરુણ ધવન સાથે કામ કરી રહી છે. પૂજા માને છે કે તે ફિલ્મમાં હિરો કોણ છે, તે જોઈને ફિલ્મ પસંદ કરતી નથી.

# અક્ષય ડીપફેક વીડિયોના દુરુપયોગથી બચવા બોમ્બે હાઇકોર્ટ પહોંચ્યો

**ઐશ્વર્યા રાય, અભિષેક બચ્ચન, અમિતાભ બચ્ચન, રિષભ શેટ્ટી, નાગાર્જુન પણ અધિકારોની સુરક્ષા માટે અગાઉ કોર્ટની મદદ લીધી હતી**


હવે અક્ષય કુમાર પોતાના અધિકારોની સુરક્ષા માટે કોર્ટની મદદ લેવા પ હોંચ્યો છે. એઆઈ જનરેટેડ કન્ટેન્ટથી સુરક્ષા મેળવવા માટે અક્ષયે કરેલી અરજીના જવાબમાં બોમ્બે હાઈકોર્ટે બુધવારે કહ્યું કે તે અભિનેતા અક્ષય કુમારને રક્ષણ આપતો એક વચગાળાનો આદેશ પસાર કરશે, જે ડીપફેક વીડિયોથી અક્ષય પ ોતાના વ્યક્તિત્વના અધિકારોનું રક્ષણ માંગી રહ્યો છે જે “માત્ર તેની છબિને નુકસાન પહોંચાડતું નથી પરંતુ તેના ગંભીર પરિણામો પણ લાવે છે”.જસ્ટિસ આરિફ ડોક્ટરની બેંચે અક્ષયની અરજી પર સુનાવણી હાથ ધરી હતી. અક્ષય કુમારના પક્ષે લડતા વરિષ્ઠ વકીલ ડૉ.બિરેન્દ્ર સરાફે જણાવ્યું હતું કે, “આ કેસ ફક્ત તેમના અને તેમના પરિવાર બાબતે જ નથી, પરંતુ જનતાના મોટા હિસ્સા વિશે પણ છે. ઘણી વખત, સ્પષ્ટતા જાહેર થાય તે પહેલાં જ નુકસાન થઈ શકે છે.”અક્ષય કુમારનો દાવો તેમના વ્યક્તિત્વ અને જાહેર અધિકારોના ઉલ્લંઘન અને અનધિકૃત વ્યાપારી શોષણને રોકવા માટે છે, જેમાં તેનું નામ, સ્ક્રીન નામ ‘અક્ષય કુમાર’, તેના ફોટો, તેની નકલ, અવાજ, તેની મિમિક્રી, રીતભાત અને અન્ય ઓળખી શકાય તેવા ગુણોનો સમાવેશ થાય છે. આ દાવો AI-જનરેટેડ અને ડીપફેક ફોટો અને વિડિયો, નકલી માલ, ભ્રામક જાહેરાતો, બ્રાન્ડ દ્વારા ખોટી રીતે તેની ઓળખના દુરુપયોગ અને YouTube, Facebkoo, Instagram, X (અગાઉ ટ્વિટર) અને વિવિધ ઈ-કોમર્સ વેબસાઈટ જેવા પ્લેટફોર્મ પર સોશિયલ મીડિયા પ્રોફાઈલ્સની નકલ કરીને અક્ષય કુમારના વ્યક્તિત્વના મોટા પાયે દુરુપયોગ માટે કરવામાં આવ્યો



છે.દાવામાં જણાવાયું છે, “આ કૃત્યો અરજદારની મદદની ભાવના અને પ્રતિષ્ઠાને ગંભીર અને ભરપાઈ ન થઈ શકે તેવું નુકસાન પહોંચાડે છે, તેમના વ્યક્તિત્વ અને જાહેર અધિકારોનું ઉલ્લંઘન કરે છે, જનતાને ગેરમાર્ગે દોરે છે, અને અન્યાયી સ્પ ર્ધા અને અન્યાયી સમૃદ્ધિ સમાન છે, જેના કારણે હાલની કાર્યવાહી જરૂરી બને છે.”વકીલ સરાફે આ સાથે ઉદાહરણનો પણ ઉલ્લેખ કર્યો જ્યાં કુમારને ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથની ભૂમિકા ભજવતા દર્શાવવામાં આવ્યા હતા, જોકે તેઓ આવી કોઈ ભૂમિકા ભજવી રહ્યા ન હતા. તેમણે સોશિયલ મીડિયા પર ફરતી એક ક્લિપનો પણ ઉલ્લેખ કર્યો જેમાં અક્ષય ઋષિ વાલ્મીકિ વિશે વાત કરતો જોવા મળે છે. સરાફે એક જુગાર વેબસાઈટ અને બીજી સાઈટ, **Akshaykumar.ai** ચાલતી હોવાનો પણ ઉલ્લેખ કર્યો, જ્યાં વેબસાઈટનો ઉપયોગ કરતા લોકો કુમારના અવાજમાં શબ્દો ઈનપુટ કરી શકે છે અને ઓડિઓ જનરેટ કરી શકે છે. વેબસાઈટમાં અન્ય વ્યક્તિત્વોનો પણ સમાવેશ થાય છે. સરાફે સ્પષ્ટતા કરી કે,“હું વેબસાઈટ બંધ કરવા માંગતો નથી, પરંતુ ફક્ત તેના અધિકારોનું રક્ષણ કરવા માંગુ છું.”આ પહેલાં અક્ષયની જેમ જ ઐશ્વર્યા રાય, અભિષેક બચ્ચન, અમિતાભ બચ્ચન, કરણ જોહર, રિષભ શેટ્ટી, નાગાર્જુન પણ આ પ્રકારે પોતાના વ્યક્તિત્વના અધિકારોની સુરક્ષા માટે કોર્ટની મદદ લીધી છે. આ મહિને જાણીતા ગાયિકા આશા ભોંસલે પણ પોતાના નામ, તસવીરો અને વ્યક્તિગત બાબતોની સક્ષા માટે એઆઈ જમરેટેડ ટૂલ્સની વિરુદ્ધ બોમ્બે હાઈ કોર્ટમાં અરજી કરી હતી.

### દરેક પરિસ્થિતિનો એકલા મુકાબલો કરવાના બદલે મદદ માગી લેવી જોઈએ

# મેન્ટલ હેલ્થ માટે જરૂર પ ડે ત્યારે ધીમા પડો અને રડી લોઃ સારા



દરેક ફિલ્મ સાથે ભાગ્યમાં ઉથલ-પાથલ લાવી દેતી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમા ટકી રહેવાનું ખૂબ અઘરું છે. સ્ટારડમની સાથે એક્ટિંગમાં પણ જોર લગાવવાના દબાણ વચ્ચે ઘણાં એક્ટર્સ મેન્ટલ હેલ્થને જોખમમાં મૂકે છે. સારા અલી ખાનનું માનવું છે કે, મેન્ટલ હેલ્થ માટે જરૂર પડે ત્યારે ધીમા પડો, રડી લો અને ઊંડા શ્વાસ લેવું જોઈએ. તે પોતે પણ આવું કરી જ રહી છે. દરેક પરિસ્થિનો મુકાબલો એકલા કરવાના બદલે કોઈની મદદ માગી લેવી જોઈએ. સારાના મતે, સમય અને સંજોગો પ્રમાણે પીછેહઠ કરવામાં કે અન્યની મદદ લેવામાં નાનમ રાખવી જોઈએ નહીં. હું જાતે જ બધું હેન્ડલ કરી લઈશ તેવી મથામણને નિરર્થક ગણાવતા સારાએ કહ્યું હતું કે, મેન્ટલ બેલેન્સ માટે સેલ્ફ કેર જરૂરી છે. તેના માટે રડી લેવામાં પણ વાંધો નથી. ઊંડા શ્વાસ લઈને કે પછી કોઈ અપરાધભાવ વગર ધીમા પડીને આ પ્રકારની પળોજણમાંથી ઉગરી શકાય છે. સારાએ કહ્યું હતું કે, લાગણીઓને દબાવીને રાખવાથી ક્ષમતા વધતી નથી. લાગણીઓને ઓળખી તેનો સ્વીકાર કરવામાં ખરી બહાદુરી છે. ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં પ્રેશર ખૂબ હોય છે અને દરેક પરિસ્થિતિમાં એકલા જ લડી લેવાનો ભ્રમ રાખવો જોઈએ નહીં. ચારે બાજુ પરિસ્થિતિ અસ્તવ્યસ્ત જણાય ત્યારે જીવનમાં નાની-નાની ખુશીઓ શોધી હળવાશ લાવવી જોઈએ. આ કવાયત ઘણી મદદરૂપ રહે છે. પોતાની જાતને સમજવામાં અને લાગણી વ્યક્ત કરવામાં આ પ્રકારની આદત મદદરૂપ છે. જાત પ્રત્યે ઈમાનદાર રહીએ તો મોટાભાગની તકલીફો દૂર થઈ શકે છે.

### ‘પોઈઝન બેબી’ની ધમાલ

# મલાઈકા અરોરાના ડાન્સમાં રશ્મિકાએ સસ્પેન્સ વધાર્યું

હિન્દી ફિલ્મોમાં મસાલેદાર ગીત સાથે યાદગાર ડાન્સ સ્ટેપ્સ માટે મલાઈકા અરોરાને હંમેશા યાદ કરવામાં આવે છે. પોતાના કરતાં અડધી ઉંમરની એક્ટ્રેસને પણ ડાન્સ સ્ટેપ્સમાં માત આપનારી મલાઈકા સાથે આ વખતે રશ્મિકા મંદાનાએ તાલ મિલાવ્યો છે. રશ્મિકાનો લીડ ધરાવતી ફિલ્મ ‘થામા’નું પ હેલું ગીત રિલીઝ થતાની સાથે જ વાઈરલ થયું છે. ‘પોઈઝન બેબી’ નામના આ ગીતમાં મલાઈકાના સ્વેગની સાથે રશ્મિકાએ સસ્પેન્સ વધાર્યું છે. અત્યાર સુધી ફિલ્મોમાં માસૂમ અને નટખટ યુવતીનો રોલ કરનારી રશ્મિકાએ ‘થામા’માં વેમ્પાયરનો રોલ કર્યો છે. વેમ્પ ાયર તરીકે રશ્મિકાની કલ્પના કરવાનું અઘરું હતું ત્યારે તેણે પોતાના કેરેક્ટરની વધુ એક ઝલક આપી દીધી છે, જેના કારણે રશ્મિકાના કેરેક્ટર માટેનું સસ્પ ેન્સ વધ્યું છે. ‘પોઈઝન બેબી’ શબ્દ ધરાવતા ગીતમાં મલાઈકા સાથે રશ્મિકાએ પણ ડાન્સ કર્યો છે. ગીતની શરૂઆત મલાઈકા



અરોરાના ઈન્ટ્રોડક્શનથી થાય છે અને તે સ્ટેજ તરફ આગળ વધે છે. મલાઈકા ક્લબ જેવી કોઈ જગ્યામાં ડાન્સ કરે છે ત્યારે આયુષ્માન અને રશ્મિકા જોવા મળે છે. આયુષ્માનની ઈચ્છા રશ્મિકાને પોતાની નજીક રાખવાની છે, પરંતુ રશ્મિકાની નજર રેડ વાઈનના ગ્લાસ પર પડે છે, જેને તે લોહી સમજી બેસે છે. બીજી જ ક્ષણે રશ્મિકા એક ઘૂંટડે વાઈન પી જાય છે. બાદમાં રશ્મિકા મલાઈકા સાથે ડાન્સ ફ્લોર પર ધમાલ મચાવે છે. રશ્મિકા અને મલાઈકા પ હેલી વખત સાથે સ્ટેજ પર જોવા મળ્યા છે. મલાઈકાએ પોતાનો જૂનો અંદાજ અને સ્વેગ યથાવત રાખ્યા છે, જ્યારે રશ્મિકાએ પ ોતાના કેરેક્ટર અને સ્ટોરી અંગે સસ્પેન્સ ઊભું કરી દીધું છે. થોડા સમય પહેલા રિલીઝ થયેલા ટ્રેલરમાં ‘થામા’ને વેમ્પ ાયર લવ સ્ટોરી ગણાવાઈ છે. જેમાં આયુષ્માન અને રશ્મિકા લીડ રોલમાં છે. વિલન તરીકે નવાઝુદ્દીન સિદ્દિકી છે, જે આયુષ્માનને વેમ્પ ાયર બનાવે છે અને બાદમાં રશ્મિકા પણ તેવી થઈ જાય છે.

# વર્ષો પછી ભાઈજાનની રેમ્પ વોક, કાળા રંગની શેરવાનીમાં છલકાયો સ્વેગ

સલમાન ખાન વર્ષો પછી રેમ્પ પર પાછો ફર્યો છે. ચાહકો આ ફોટા અને વિડિઓઝ જોવા માટે ખૂબ જ ઉત્સાહિત છે.સોશિયલ મીડિયા પર એક વિડિઓમાં, સુષ્મિતા સેન સલમાન ખાન સાથે જોવા મળી રહી છે. આ પુનઃમિલન જોઈને ચાહકો ખૂબ ખુશ છે.સલમાન ખાને તેના મિત્ર વિક્રમ ફડનીસ માટે રેમ્પ વોક કર્યું. ડિઝાઈનર વિક્રમ ફડનીસે ફેશનમાં તેના ૩૫ વર્ષ પૂરા થયા તે એક ભવ્ય ફેશન શો સાથે ઉજવ્યું. તેણે રેમ્પ શોમાં તેના નવા



કલેક્શન, અનંતાનું પ્રદર્શન કર્યું.સલમાન ખાનના વાયરલ વીડિયોમાં, તે કાળા શેરવાની પહેરેલો જોવા મળે છે. તેણે કાળા કુર્તા સાથે કાળા બંધગલા શેરવાની જેકેટની જોડી બનાવી. તેણે બંધગલા શેરવાની પર ફ્લોરલ એમ્બ્રોઈડરી સાથે કાળા પ ઠાણી સલવાર પણ પહેર્યા હતા.વિડીયોમાં સુષ્મિતા સેન પણ બ્લેક સાડીમાં જોવા મળી હતી. ચાહકોએ સલમાન અને સુષ્મિતાના વીડિયો પર હાર્ટ અને કિસ ઈમોજી સાથે પ્રતિક્રિયા આપી.

### મૂળ ફિલ્મ ૨૦૧૯માં રિલીઝ થઈ હતી

# ‘દે દે પ્યાર દે ૨’ ટ્રેલર રિલીઝ, અજય દેવગણ અને માધવનની જોડીએ ધૂમ મચાવી




**‘દે દે પ્યાર દે ૨’ ફિલ્મમાં રકૂલ પ્રીત સિંહ તેની કો સ્ટાર છે. રકૂલ અજય દેવગણ કરતાં ૨૧ વર્ષ નાની છે**

પાછલાં કેટલાંક વર્ષોમાં ફલોપ ફિલ્મોનો ખડકલો કરી દેનારો અજય દેવગણ હવે કોઈ ફ્રેશ સબ્જેક્ટ કે નવો સ્ટોરી આઈડિયા અજમાવતાં ડરી રહ્યો છે. આ કારણથી જ તે વારાફરતી એક પછી એક ફ્રેન્ચાઈઝી ફિલ્મોની લાઈન લગાડી રહ્યો છે. તેની આવી વધુ એક ફિલ્મ ‘દે દે પ્યાર દે ટુ’ આગામી નવેમ્બરમાં રિલીઝ થવાની છે.આ ફિલ્મમાં રકૂલ પ્રીત સિંહ તેની કો સ્ટાર છે. રકૂલ અજય દેવગણ કરતાં ૨૧ વર્ષ નાની છે. ફિલ્મમાં આર માધવન સહિતના અન્ય કલાકારો પણ છે. મૂળ ફિલ્મ ૨૦૧૯માં રિલીઝ થઈ હતી. તે પછી તેની ફ્રેન્ચાઈઝી ફિલ્મ છ વર્ષે રિલીઝ થઈ રહી છે. તેનું ટ્રેલર રિલીઝ થઈ ચૂક્યું છે.આ ફિલ્મ મૂળ તો ગયા મે માસમાં જ રિલીઝ થઈ જવાની હતી. પરંતુ તેનો ડાયરેક્ટર અંશુલ શર્મા શૂટિંગની અધવચ્ચે જ માંદો પડી ગયો હતો. આથી પંજાબ શૂટિંગ કરવા ગયેલાં સમગ્ર યુનિટે મુંબઈ પાછા આવી જવું પડયું હતું. શૂટિંગ પાછળ ઠેલાઈ જતાં તેની અસર પોસ્ટ પ્રોડક્શન વર્ક પર પણ પડી હતી. હવે આ ફિલ્મ છેવટે આગામી નવેમ્બરમાં રિલીઝ કરવાની જાહેરાત કરાઈ છે.

# ધંધુકા ખાતે અમદાવાદ જિલ્લા પંચાયતનાં પ્રમુખ શ્રીમતી કંચનબા વાઘેલાના હસ્તે રૂ. ૮૦૮.૪૩ લાખથી વધુના વિવિધ વિકાસલક્ષી પ્રકલ્પોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત




। (માહિતી) અમદાવાદ, તા.૧૬ ।

વિકાસ સપ્તાહ- ૨૦૨૫ની ઉજવણી અંતર્ગત આજે ધંધુકા ખાતે અમદાવાદ જિલ્લા પંચાયતનાં પ્રમુખ શ્રીમતી કંચનબા વાઘેલાના હસ્તે રૂ. ૮૦૮.૪૩ લાખથી વધુના વિવિધ વિકાસલક્ષી પ્રકલ્પોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ધંધુકાના ધારાસભ્ય શ્રી કાળુસિંહ ડાભીએ જણાવ્યું હતું કે, આપણા દેશના લોકપ્રિય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતને મોડેલ સ્ટેટ તરીકે વિશ્વમાં પ્રસ્થાપિત કર્યું છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સામાન્ય માનવીના વિકાસ માટે અનેકવિધ યોજનાઓ બનાવીને એનો લાભ સીધો જ લાભાર્થીઓને પ્રાપ્ત થાય તે મુજબનું આયોજન કર્યું છે. ધારાસભ્યશ્રીએ ભૂતકાળને યાદ કરતાં જણાવ્યું હતું કે, આજથી ૨૫ વર્ષ પહેલાં ધંધુકા તાલુકાની કેવી દુર્દશા હતી કે આ વિસ્તાર વિશે એક કહેવત પ્રખ્યાત થઈ ગઈ હતી કે, 'દીકરીને બંદૂકે દેવી, પરંતુ ધંધુકે ન દેવી' કારણ કે ધંધુકા વિસ્તારમાં પાણીની અનેક વિકટ સમસ્યાઓ હતી. પરંતુ આજે ચોમેર વિકાસ દેખાઈ રહ્યો છે એ આપણા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીને આભારી છે તેમણે ઉમેર્યું હતું. ધારાસભ્ય શ્રી કાળુસિંહ ડાભીએ જણાવ્યું હતું કે, દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના સફળ નેતૃત્વમાં આજે સમગ્ર દેશમાં શિક્ષણ, આરોગ્ય, રોજગાર અને ઉદ્યોગ સહિત તમામ ક્ષેત્રોમાં સમતોલ વિકાસ થયો છે. આપણા બાળકોના ઉજ્જ્વળ ભવિષ્ય માટે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ શિક્ષણ અને આરોગ્યને લગતી અનેક યોજનાઓ અમલી બનાવી છે.

# વિકાસ સપ્તાહ અંતર્ગત રાજ્યભરમાં વિકાસ રથના માધ્યમથી કુલ રૂ. ૯૫૯ કરોડથી વધુના ૯,૨૫૪ કાર્યોના ખાતમુહૂર્ત-લોકાર્પણ સંપન્ન

। (માહિતી) નડિયાદ, તા.૧૬ ।

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીની ૨૪ વર્ષની જનસેવાને ઉજવવા રાજ્ય સરકાર દ્વારા વિકાસ સપ્તાહનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. જે અંતર્ગત પંચાયત અને ગ્રામ વિકાસ વિભાગ દ્વારા રાજ્યના દરેક જિલ્લા દીઠ એક વિકાસ રથને પ્રસ્થાન કરાવીને ગુજરાતની વિકાસ ગાથાને જન-જન સુધી પહોંચાડવાનું વિશેષ આયોજન હાથ ધરવામાં આવ્યું છે. આ વિકાસ રથ ગામડે-ગામડે ફરીને વિવિધ યોજનાના લાભાર્થીઓને તેમના ઘર આંગણે જ સહાય તેમજ અન્ય નાગરિકોને સરકારની કલ્યાણકારી યોજનાઓ અંગે માર્ગદર્શન આપી રહ્યો છે. વિકાસ સપ્તાહ દરમિયાન ગામડે-ગામડે ફરી રહેલા રાજ્ય સરકારના ૩૪ વિકાસ રથ સાથે રાજ્ય મંત્રી મંડળના સભ્યશ્રી, સાંસદશ્રી અને ધારાસભ્યશ્રીઓ ઉપરાંત ૯,૩૬ ૩થી વધુ સ્થાનિક પદાધીકારીશ્રી-અધિકારીશ્રીઓ અને ૨.૪૬ લાખથી વધુ નાગરીકો જોડાયા હતા. સપ્તાહ દરમિયાન વિકાસ રથના માધ્યમથી રાજ્યભરમાં કુલ રૂ. ૯૫૯ કરોડથી વધુના ૯,૨૫૪ કાર્યોના ખાતમુહૂર્ત-લોકાર્પણ સંપન્ન કરવામાં આવ્યા હતા. જેમાં કુલ રૂ. ૭૦૪.૯૫ કરોડના ૪,૨૫૧ કામોના લોકાર્પણ તેમજ રૂ. ૨૫૪.૧૪ કરોડના ૪,૭૭૨ કામોના ખાતમુહૂર્તનો સમાવેશ થાય છે. આ ઉપરાંત વિકાસ રથના માધ્યમથી જ વિવિધ યોજનાના ૨૪,૫૩૩ લાભાર્થીઓને કુલ રૂ. ૭૯.૨૪ કરોડની સહાય વિતરણ કરવામાં આવી હતી.

# પ્રાકૃતિક કૃષિ કરવાથી ભૂમિની ભેજ સંગ્રહ ક્ષમતા, ફળદ્રુપતા અને ઉત્પાદન ક્ષમતામાં વધારો થાય છે

। (માહિતી) નડિયાદ, તા.૧૬ ।

પ્રાકૃતિક કૃષિથી ધરતીનું પુજન, સ્વાસ્થ્ય અને સમૃદ્ધિનું સર્જન થાય છે. ધરતી એ ગાય છે અને ખેડૂત એ ગોવાળ છે. ધરતી રૂપી ગાયનું ખેડૂત રૂપી ગોવાળે યોગ્ય દોહન કરવું જોઈએ. તો જ તેનું રક્ષણ અને સંવર્ધન થઈ શકે છે. આપણાં વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી અને મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલનાં નેતૃત્વમાં જમીનને જીવંત બનાવવા અને ફળદ્રુપતા વધારવા પ્રાકૃતિક કૃષિને પ્રાધાન્ય આપવા ગુજરાતનાં ખેડૂતો સંકલ્પબધ્ધ બન્યા છે. પ્રાકૃતિક કૃષિ કરવાથી અઢળક ફાયદાઓ થાય છે. વાતાવરણ સ્વચ્છ બને, સ્વાસ્થ્ય તંદુરસ્ત રહે, જમીન ફળદ્રુપ થાય, જળસ્તર ઉપર આવે જેથી સિંચાઈમાં પણ લાભ થાય છે. આમ પ્રાકૃતિક કૃષિથી આપણે અનેક લાભ મેળવી શકીએ છીએ. જેવી રીતે જંગલમાં રાસાયણિક ખાતરો કે જંતુનાશક દવાનો છંટકાવ ન કરવા છતાં ફળાઉ વૃક્ષો દર વર્ષે વિપુલ માત્રામાં ફળો આપે છે. તેવી જ કુદરતી પ્રક્રિયા ખેતરમાં અપનાવીએ તેવી પદ્ધતિ એટલે પ્રાકૃતિક કૃષિ ! શું આપ જાણો છો? દેશી ગાયનાં એક ગ્રામ છાણમાં ૩૦૦ કરોડ સૂક્ષ્મ જીવાણુંઓ હોય છે અને એટલું જ નહિં ગૌ-મૂત્ર એ ખનીજોનો ભંડાર છે. આમ, પ્રાકૃતિક કૃષિ એ તદ્દન બિન ખર્ચાળ પદ્ધત્તિ છે. જે પાક સંવર્ધન તેમજ સ્વાસ્થ્યવર્ધક પણ છે. પ્રાકૃતિક કૃષિ કરવાથી ભૂમિની ભેજ સંગ્રહ ક્ષમતા, ફળદ્રુપતા અને ઉત્પાદન ક્ષમતામાં વધારો થાય છે. માત્ર એક દેશી ગાયનાં ગોબર અને ગૌમૂત્રથી ૩૦ એકર જમીનમાં ખેતી થઈ શકે છે. આ ઉપરાંત નહીવત ખર્ચ, વધારે ઉત્પાદન થાય, ૯૦ ટકા પાણીની બચત થાય, પર્યાવરણ અને માનવીય સ્વાસ્થ્યનુ રક્ષણ, પોષણ અને સંવર્ધન થાય, ગામ અને દેશ સ્વાવલંબનનું નિર્માણ સહિતનાં અસંખ્ય ફાયદાઓ થાય છે. આપણાં રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજી દ્વારા ગુજરાતમાં પ્રાકૃતિક ખેતીનું જનઅભિયાન શરૂ કરવામાં આવ્યું છે. જેમાં રાજ્યનાં કૃષિ અને ખેડૂત કલ્યાણ વિભાગ તેમજ આત્મા પ્રોજેક્ટના સહયોગથી તાલીમ શિબિર યોજીને માસ્ટર ટ્રેનર્સ તૈયાર કરવામાં આવી રહ્યાં છે.

# ટેકહેક – ૨૦૨૫ : રાય યુનિવર્સિટી રાજ્ય - સ્તરીય હેકાથોન

। અમદાવાદ, તા.૧૬ ।

રાય યુનિવર્સિટી, અમદાવાદની રાય સ્કૂલ ઓફ એન્જિનિયરિંગ (RSE) એ ટેકહેક – ૨૦૨૫નું આયોજન કર્યું, જે એક રાજ્ય-સ્તરીય હેકાથોન છે. જેમાં યુવા ઈનોવેટર્સને ટેકનોલોજીનો ઉપયોગ કરીને વાસ્તવિક દુનિયાની સમસ્યાઓ ઉકેલવા માટે એકસાથે લાવવામાં આવ્યા હતા. ૪ ઓક્ટોબર, ૨૦૨૫ના રોજ યુનિવર્સિટી કેમ્પસ ખાતે બે રાઉન્ડમાં આયોજિત આ કાર્યક્રમમાં વિવિધ યુનિવર્સિટીઓના ૧૩૫ થી વધુ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો જેમણે વિવિધ થીમ પર ૩૫૦ થી વધુ સમસ્યાના નિવેદનોનો સામનો કર્યો હતો.

સર્જનાત્મકતાને વેગ આપવા અને વિદ્યાર્થીઓને પરંપરાગત શિક્ષણથી આગળ વધવા માટે પ્રેરણા આપવા માટે રચાયેલ, ટેકહેક - ૨૦૨૫ ચાર મુખ્ય થીમ્સ પર કેન્દ્રિત છે:

૧. સામાજિક ઉન્નતિ માટે ટેકનોલોજી
૨. ઉભરતી ટેકનોલોજી અને નવીનતા
૩. ઉદ્યોગ અને વ્યવસાય ઉકેલો
૪. સર્જનાત્મક નવીનતા

સહભાગીઓએ સામાજિક રીતે જવાબદાર મોબાઈલ એપ્લિકેશનોથી લઈને સ્માર્ટ ઓટોમેશન ટૂલ્સ સુધી - સર્જનાત્મકતા, તકનીકી ઊંડાણ અને સામાજિક જાગૃતિ સાથે વાસ્તવિક દુનિયાના પડકારોનો સામનો કરવા માટે - વિવિધ નવીન ઉકેલોનું પ્રદર્શન કર્યું. હેકાથોનના અંતિમ રાઉન્ડનું મૂલ્યાંકન બે પ્રતિષ્ઠિત નિષ્ણાતો દ્વારા કરવામાં આવ્યું હતુંઃ શ્રી સ્વામિનારાયણ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી, ગાંધીનગરના વિભાગના વડા, પ્રો. (ડૉ.) રમેશ પ્રજાપતિ અને કાર્યક્રમના સહયોગી પ્રાયોજક, દેવ ગ્લોબલ કરિયર કન્સલ્ટન્ટ્સના મેનેજિંગ ડિરેક્ટર શ્રી પરેશભાઈ ડોબરિયા. બંને નિષ્ણાતોએ સહભાગીઓની તેમની ટેકનિકલ કુશળતા અને નવીન અભિગમો માટે પ્રશંસા કરી, વિદ્યાર્થીઓને તેમના વિચારોને આગળ વધારવામાં મદદ કરવા માટે રચનાત્મક આંતરદષ્ટિ પ્રદાન કરી. આ કાર્યક્રમનું મુખ્ય આકર્ષણ તેનું ઈનામ હતું, જે અસાધારણ પ્રતિભા અને વ્યવહારુ નવીનતાને ઓળખે છે. સૌથી અસરકારક અને તકનીકી રીતે મજબૂત ઉકેલ રજૂ કરવા બદલ ટીમ સેવન બ્લોકને ₹૧૦,૦૦૦ નો પ્રથમ ઈનામ એનાયત કરવામાં આવ્યો હતો. ટીમ ફાલ્કને ₹૫,૦૦૦ નો બીજો ઈનામ મેળવ્યો, જ્યારે ટીમ હેકલૂપે ₹૩,૦૦૦ નો ત્રીજો ઈનામ જીત્યો, તેમની સર્જનાત્મકતા અને અમલીકરણની પ્રશંસા કરી. બધા સહભાગીઓને પ્રમાણપત્રોથી સન્માનિત કરવામાં આવ્યા, અને ફાઈનલિસ્ટ્સને પ્રોત્સાહનના ટોકન તરીકે ખાસ ભેટો પ્રાપ્ત થઈ. આ કાર્યક્રમને DEV ગ્લોબલ કરિયર કન્સલ્ટન્ટ્સ તરફથી મૂલ્યવાન સમર્થન મળ્યું, જેમના સંગઠને સહભાગીઓ માટે વાસ્તવિક દુનિયાની ઔદ્યોગિક આંતરદષ્ટિ અને કારકિર્દીલક્ષી માર્ગદર્શન લાવ્યું. તેમના સ્પોન્સરશિપથી શિક્ષણ અને એપ્લિકેશન વચ્ચેના અંતરને દૂર કરવા માટે મજબૂત શૈક્ષણિક-ઉદ્યોગ સહયોગની જરૂરિયાત વધુ મજબૂત બની. સમાપન સત્રના પ્રસંગે, કુલપતિ ડૉ. અનિલ તોમરે ભાર મૂક્યો કે હેકાથોન પ્રકારની ઈવેન્ટ વિદ્યાર્થીઓમાં નવીનતા, ટીમવર્ક અને શીખવાની કુશળતા બનાવે છે. તેમણે કહ્યું કે ટેકહેક - ૨૦૨૫ એ રાય યુનિવર્સિટીના વ્યવહારુ શિક્ષણ, ઉદ્યોગસાહસિકતા અને તકનીકી શ્રેષ્ઠતાને પ્રોત્સાહન આપવાના સમર્પણને પુનઃપુષ્ટિ આપી છે. આ ઈવેન્ટની સફળતા સાથે, યુનિવર્સિટી એવી સંસ્કૃતિને પોષવા માટે પ્રતિબદ્ધ છે જ્યાં વિદ્યાર્થીઓને વિચાર, નવીનતા અને અમલીકરણ માટે પ્રોત્સાહિત કરવામાં આવે છે - તેમને ભવિષ્ય માટે તૈયાર ટેક્નોક્રેટ્સ અને પરિવર્તનકર્તાઓમાં આકાર આપે છે. રાય સ્કૂલ ઓફ એન્જિનિયરિંગના પ્રિન્સિપાલ ડૉ. જય દવે દ્વારા આભારવિધિ સાથે હેકાથોનનું સમાપન થયું.

# ભારતીય ડાક વિભાગ દ્વારા 'તમારા રોલ મોડલને એક પત્ર' વિષય પર રાષ્ટ્રીય સ્તરની 'ઢાઈ આખર' પત્રલેખન સ્પર્ધાનું આયોજન – પોસ્ટમાસ્ટર જનરલ કૃષ્ણ કુમાર યાદવ

## 'ઢાઈ આખર' પત્રલેખન સ્પર્ધામાં કોઈપણ વયના લોકો લઈ શકે છે ભાગ, વિજેતાઓને રૂપિયા ૫ હજારથી ૫૦ હજાર સુધીનું પુરસ્કાર – પોસ્ટમાસ્ટર જનરલ કૃષ્ણ કુમાર યાદવ

। (પોસ્ટ) અમદાવાદ, તા.૧૬ ।

ભારતીય ડાક વિભાગ દ્વારા લોકોને પત્રલેખન માટે પ્રોત્સાહિત કરવા હેતુથી રાષ્ટ્રીય સ્તરની પત્રલેખન સ્પર્ધા 'ઢાઈ આખર'નું આયોજન કરવામાં આવી રહ્યું છે. આ પહેલ માત્ર લેખનકૌશલ્યને ઉન્નત કરવાની તક પૂરું પાડતી નથી, પરંતુ લોકોને તેમની લાગણીઓને શક્તિશાળી શબ્દોમાં વ્યક્ત કરવા માટે એક મંચ પણ પૂરું પાડે છે. ઉત્તર ગુજરાત પરિક્ષેત્ર, અમદાવાદના પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે જણાવ્યું કે આ સ્પર્ધામાં 'તમારા રોલ મોડલને એક પત્ર' વિષય પર ભાગ લેનારાઓએ પોતાના વિચારો વ્યક્ત કરતો એક પત્ર લખવાનો રહેશે, જે સંબંધિત રાજ્ય અથવા પરિમંડળના ચીફ પોસ્ટમાસ્ટર જનરલને સંબોધિત કરવાનો રહેશે. આ સ્પર્ધામાં પસંદ થયેલ પત્રને રૂપિયા પાંચ હજારથી પચાસ હજાર સુધીનું ઈનામ મળશે. આ માટે વિવિધ શાળા-કૉલેજો ડાક વિભાગ સાથે મળીને પોતાને ત્યાં આયોજન કરી શકે છે. સ્પર્ધાની છેલ્લી તારીખ ૮ ડિસેમ્બર, ૨૦૨૫ છે. પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે જણાવ્યું કે આ 'ઢાઈ આખર' પત્રલેખન સ્પર્ધામાં કોઈપણ વયના લોકો ભાગ લઈ શકે છે. પ્રથમ વર્ગ ૧૮ વર્ષ સુધીના અને બીજો વર્ગ ૧૮ વર્ષથી વધુ વયના ભાગ લેનારાઓ માટે રહેશે. પત્ર ફક્ત ડાક વિભાગ દ્વારા જારી કરાયેલા આંતરદેશીય પત્ર અથવા કવર પર જ સ્વીકાર્ય રહેશે, જેમાં અનુક્રમે ૫૦૦ અને ૧૦૦૦ શબ્દોમાં અંગ્રેજી, હિન્દી અથવા સ્થાનિક ભાષામાં હાથેથી લખાયેલ પત્ર મોકલી શકાય છે. પત્રમાં પોતાનું પૂરું નામ, સરનામું, જન્મતારીખ, મોબાઈલ નંબર અને શાળાનું નામ લખીને સંબંધિત પરિમંડળના ચીફ પોસ્ટમાસ્ટર જનરલના સરનામે ૮ ડિસેમ્બર, ૨૦૨૫ સુધી મોકલવાનો રહેશે. પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે જણાવ્યું કે સ્પર્ધાના વિજેતાઓને રાજ્ય અને રાષ્ટ્રીય સ્તરે વિવિધ ચાર શ્રેણીઓમાં ત્રણ-ત્રણ પુરસ્કારો આપવામાં આવશે. પરિમંડળીય (રાજ્ય) સ્તરે પસંદ થયેલા શ્રેષ્ઠ પત્રોને અનુક્રમે પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમે રૂપિયા ૨૫ હજાર, ૧૦ હજાર અને ૫ હજારનું પુરસ્કાર આપવામાં આવશે. રાષ્ટ્રીય સ્તરે પસંદ થયેલા શ્રેષ્ઠ પત્રોને અનુક્રમે પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમે રૂપિયા ૫૦ હજાર, ૨૫ હજાર અને ૧૦ હજારનું પુરસ્કાર આપવામાં આવશે.

# દિવાળી અને છઠ્ઠ પર્વ દરમિયાન અધિકૃત મુસાફરોની સુવિધા માટે અમદાવાદ અને સાબરમતી સ્ટેશનો પર પ્લેટફોર્મ ટિકિટનું વેચાણ તાત્કાલિક ધોરણે સ્થગિત

। (રેલ્વે) અમદાવાદ, તા.૧૬ ।

તારીખ ૧૬ ઓક્ટોબર, ૨૦૨૫ થી ૨૭ ઓક્ટોબર, ૨૦૨૫ સુધી આ વ્યવસ્થા અમલમાં રહેશે આગામી દિવાળી અને છઠ્ઠ પર્વના અવસર પર મુસાફરોની ભારે અવરજવર ધ્યાનમાં રાખીને, પશ્ચિમ રેલ્વે દ્વારા અમદાવાદ અને સાબરમતી રેલ્વે સ્ટેશનો પર ભીડ નિયંત્રણ અને મુસાફરોની સુવિધા સુનિશ્ચિત કરવા માટે પ્લેટફોર્મ ટિકિટનું વેચાણ તાત્કાલિક ધોરણે સ્થગિત કરવાનો નિર્ણય લેવાયો છે. આ વ્યવસ્થા તારીખ ૧૬ ઓક્ટોબર, ૨૦૨૫ થી ૨૭ ઓક્ટોબર, ૨૦૨૫ સુધી અમલમાં રહેશે. આ સમયગાળા દરમિયાન પ્લેટફોર્મ ટિકિટનું વેચાણ તમામ માધ્યમોથી તાત્કાલિક ધોરણે બંધ રહેશે. આ નિર્ણય મુસાફરોની સુરક્ષા, સુવિધા અને સુચારૂ અવરજવર સુનિશ્ચિત કરવા માટે લેવામાં આવેલ તાત્કાલિક અને આયોજનબદ્ધ પગલું છે. પશ્ચિમ રેલ્વે દ્વારા મુસાફરોની યાત્રાને વધુ સુરક્ષિત અને સુખદ બનાવવા માટે તમામ જરૂરી વ્યવસ્થાઓ કરવામાં આવી છે. રેલ્વે પ્રશાસન મુસાફરો અને નાગરિકોને વિનંતી કરે છે કે આ સમયગાળા દરમિયાન અનાવશ્યક ભીડથી બચે અને સ્ટેશન પર માત્ર યાત્રા સંબંધિત કર્યો માટે જ ઉપસ્થિત રહે, જેથી સૌ માટે સુરક્ષિત અને સુવિધાજનક યાત્રા વાતાવરણ સુનિશ્ચિત કરી શકાય.

# ખેડા જિલ્લાના નડિયાદ તાલુકાના ત્રણ મોડલ ફાર્મની પશુપાલકો અને ખેડુતોએ મુલાકાત લીધી

## ખેડૂતો પ્રાકૃતિક ખેતીનું મહત્વ સમજે અને પ્રાકૃતિક ખેત પદ્ધતિથી ખેતી કરતા થાય તેવા ઉદ્દેશ સાથે મુલાકાત કરાવવામાં આવી




। (માહિતી) નડિયાદ, તા.૧૬ ।

રાજ્ય સરકાર દ્વારા સમગ્ર ગુજરાતના વિવિધ તાલુકા કક્ષાએ બે દિવસીય કૃષિ મહોત્સવ-૨૦૨૫નું આયોજન કરવામાં આવ્યું હતું. જિલ્લાના દરેક તાલુકા ખાતે યોજાયેલા રવિકૃષિ મહોત્સવ કાર્યક્રમ હેઠળ ખેડૂતો પ્રાકૃતિક ખેતીનું મહત્વ સમજે અને પ્રાકૃતિક ખેત પદ્ધતિથી ખેતી કરતા થાય તેવા ઉદ્દેશ સાથે દરેક તાલુકાના ઉપસ્થિત ખેડૂત ભાઈ-બહેનોને તેમના જ વિસ્તારમાં રહી પ્રાકૃતિક ખેતી કરતા પ્રગતિશીલ ખેડૂતોના મોડલ ફાર્મની આત્મા પ્રોજેક્ટ અને ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડના સ્ટાફ દ્વારા મુલાકાત કરાવવામાં આવી હતી. રવિ કૃષિ મહોત્સવ અંતર્ગત ખેડા જિલ્લામાં પશુપાલકો અને ખેડૂતો દ્વારા જિલ્લામાં આવેલા વિવિધ પ્રાકૃતિક કૃષિના મોડલ ફાર્મની મુલાકાત લેવામાં આવી હતી. આ મુલાકાતનો ઉદ્દેશ્ય પ્રાકૃતિક કૃષિ કરવા ઈચ્છતા ખેડૂત ભાઈઓ બહેનો અને પશુપાલકો પ્રાકૃતિક ખેતી પદ્ધતિસર, વૈજ્ઞાનિક રીતે અને ઓછા ખર્ચે કેવી રીતે કરી શકે તે જાણે અને તેને અપનાવે. આ ઉદેશ્યથી રવિ કૃષિ મહોત્સવ અંતર્ગત નડિયાદ તાલુકાના હાથનોલી, ચકલાસી અને ભાનેર ગામે પશુપાલક અને ખેડૂતો ભાઈઓ બહેનો અને કૃષિ સખીઓએ મોડેલ ફાર્મની મુલાકાત લીધી હતી.... ચકલાસી ખાતે ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડના માર્કેટિંગ સંયોજકશ્રી કિંજલભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ વર્ષ ૨૦૨૧થી પ્રારંભ શનાભાઈ પ્રતાપભાઈ વાઘેલાના ખેતરની મુલાકાત લેવડાવી હતી. આપણું ગુજરાત પ્રાકૃતિક ગુજરાત અંતર્ગત મોડેલ પ્રાકૃતિક કૃષિ ફામ બનેલા તેમના ખેતરમાં જીવામૃત, ઘન જીવામૃત તેમજ વાપ્સા અંગે માહિતી મેળવી હતી. સૌએ પ્રેક્ટીકલ રીતે તે બનાવતા પણ શીખ્યા હતા જ્યારે મિસ્ટર પાક પદ્ધતિ અંતર્ગત ખેતરમાં કેવી રીતે ખેતી કરવી જોઈએ તે પણ અહીં તેઓ શીખ્યા તા શંકરભાઈના ખેતરમાં ખેડૂત, પશુપાલકો તેમના ખેતરમાં ઉછરેલા જામફળ, બાજરી તેમજ આંબા વિશે અને ટપક સિંચાઈ પદ્ધતિ અંગે માહિતગાર થયા હતા. તેમના વેલા વાળા શાકભાજી અને મિશ્ર પાક પદ્ધતિથી કેમની ખેતી થાય તે જાણ્યું હતું. ભાનેર ખાતે પણ મોટી સંખ્યામાં પશુપાલક ખેડૂત ભાઈઓ અને બહેનોએ પણ જિલ્લા ખેતીવાડી અધિકારીની કચેરી તેમજ આત્મા પ્રોજેક્ટ ખેડા દ્વારા મોડલ કામની મુલાકાત લીધી હતી.

# ઝાલોદ નગરપાલિકા ચીફ ઓફિસર અને કાઉન્સિલરોના સંકલનથી કર્મચારીઓની હડતાળનો સુખદ અંત

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૬ ।

ઝાલોદ નગરપાલિકા કર્મચારીઓનો પગાર ત્રણ મહિના થી અટવાયેલ હતો જેને લઈ નગરપાલિકામા ફરજ નિભાવતા કર્મચારીઓ તેમજ કામદારોના ચહેરા પર દિવાળી ટાણે ચિંતા જોવા મળતી હતી. કામદારોના પગાર તહેવાર ટાણે અટવાતા નગરપાલિકા ચીફ ઓફિસર ,પ્રમુખ, ઉપપ્રમુખ તેમજ કાઉન્સિલરો સતત સંકલન કરી આ સમસ્યાનો અંત લાવવા પ્રયત્નશીલ હતા. નગરપાલિકા વિસ્તારના રહેવાસીઓના બાકી વેરા મંદ ગતિએ આવતા હોવાથી નગરપાલિકા પાસે પગાર ચૂકવવા માટે ફંડ ન હતું. નાના કામદારોને દિવાળી ટાણે તહેવાર ઉજવવા પગાર ન થતાં બે દિવસની હડતાલ પર સફાઈ કામદારો ઉતરેલ હતા. નાના કામદારોનો દિવાળી ટાણે પગાર અટવાતા નગરપાલિકા દ્વારા વેરાની કડક અમલવારી કરવામાં આવતા બે મહિનાનો પગાર ચૂકવવામાં આવ્યો હતો તેમજ નગરપાલિકા શનિવાર સુધી પગાર જેટલું ફંડ આવી જશે તો તેઓને ત્રીજા મહિનાનો પગાર પણ કરી આપવાની ગણતરી કરવામાં આવી રહેલ છે.

## વિશેષ

### શ્રમેવ જયતે' મંત્રને સાર્થક કરતું કર્મચારી રાજ્ય વીમા નિગમ - ESIC:

# અમદાવાદના મુખ્ય ઔદ્યોગિક સાણંદ, ચાંગોદર, સાબરમતી અને એસ.જી. હાઈવે પર ESICની નવી બ્રાન્ચ ઓફિસો ખુલશે






। (માહિતી) અમદાવાદ, તા.૧૬ ।

ગુજરાતની ઔદ્યોગિક પ્રગતિનું ચાલક બળ અહીંના કરોડો શ્રમયોગીઓ છે. આ શ્રમશક્તિને રોગ, અકસ્માત કે આર્થિક સંકટ સામે મજબૂત સુરક્ષા પૂરી પાડવાનું કાર્ય કર્મચારી રાજ્ય વીમા નિગમ (ESIC) દ્વારા થઈ રહ્યું છે. કેન્દ્રીય શ્રમ મંત્રાલય હેઠળ કાર્યરત ESIC પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના 'શ્રમેવ જયતે' ના સંકલ્પને જમીની સ્તરે સાકાર કરતી સંસ્થા છે.ESIC એ ગુજરાતના કુલ ૩૩ જિલ્લાઓમાંથી ૧૯ જિલ્લાઓમાં (ગાંધીનગર, વડોદરા, વલસાડમાં સંપૂર્ણપણે અને અમદાવાદ સહિત ૧૬ જિલ્લાઓમાં આંશિક રીતે) પોતાની સેવાઓ આપે છે. માર્ચ ૨૦૨૪ સુધીમાં, રાજ્યમાં ૧૮,૮૨,૬૦૦ કામદારોને તેમના આશ્રિતો સહિત આવરી લેવામાં આવ્યા છે, જેમના માટે ૧,૦૯,૫૦૨ જેટલા નિયોક્તાઓ (Employers) યોગદાન આપી રહ્યા છે. આ આંકડાઓ દર્શાવે છે કે, ESIC નું માળખું રાજ્યના લાખો શ્રમિક પરિવારોની આરોગ્ય અને નાણાકીય સુરક્ષાનું ધ્યાન રાખી રહ્યું છે.

શ્રમયોગીઓનું જીવન અનિશ્ચિતતાઓથી ભરેલું હોય છે. જ્યારે કોઈ અકસ્માત કે ગંભીર બીમારીના કારણે કામ અટકી જાય છે, ત્યારે ESIC નો રોકડ લાભ તેમના પરિવાર માટે એક અગત્યની મદદ સમાન સાબિત થાય છે.નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ (એપ્રિલ-૨૫ થી સપ્ટેમ્બર-૨૫) ના માત્ર છ મહિનાના ગાળામાં, ESIC અમદાવાદ રિજનલ ઓફિસ દ્વારા કુલ રૂ. ૮૧.૮૫ કરોડની માતબર રકમના રોકડ લાભો ચૂકવવામાં આવ્યા છે. ● કાયમી અસમર્થતા (Permanent Disablement Benefit): શ્રમિકોને સૌથી મોટો આર્થિક આધાર આ શ્રેણીમાં મળ્યો છે, જ્યાં રૂ. ૬૦ કરોડથી વધુ ની રકમ કાયમી અસમર્થ બનેલા શ્રમિકોના ભવિષ્યને સુરક્ષિત કરવા માટે આપવામાં આવી છે. ● પ્રસૂતિ લાભ (Maternity Benefit): ૭૨૯ માતાઓને બાળકના જન્મ સમયે રૂ, ૩.૯૫ કરોડથી વધુ ની સહાય કરવામાં આવી છે.● ટૂંકાગાળાની અસમર્થતા અને બીમારી લાભઃ ટૂંકાગાળાની અસમર્થતા અને સામાન્ય બીમારીના દરમિયાન શ્રમિકોને લગભગ રૂ. ૭.૧૮ કરોડ થી વધુની રકમ આપીને, રોજિંદા જીવનની જરૂરિયાતોને પૂરી કરવામાં મદદ કરવામાં આવી છે. ● અટલ બીમિત વ્યક્તિ કલ્યાણ યોજના (ABVKY): રોજગાર ગુમાવનાર ૩૬૬ જેટલા શ્રમિકોને રૂ. ૩૫ લાખથી વધુ ની સહાય આપીને તેમને ફરીથી પગભર થવાનો મોકો આપવામાં આવ્યો છે. ● આશ્રિતો માટે આધારઃ કુલ રૂ. ૬.૪૯ કરોડથી વધુ ની રકમ શ્રમિકોના આશ્રિતોને ચૂકવવામાં આવી છે. કુટુંબના મોભી ગુમાવનાર શ્રમિક પરિવારોને પણ આર્થિક સુરક્ષા મળી રહી છે.શ્રમયોગીઓને ગુણવત્તાયુક્ત સારવાર મળી રહે તે માટે ESIC એ ગુજરાતમાં પોતાના આરોગ્ય માળખાને મજબૂત બનાવ્યું છે. હાલમાં ૧૦૩ ડિસ્પેન્સરીઓ અને ૧૧ હોસ્પિટલો (04 ESIC + 07 ESIS સંચાલિત) કાર્યરત છે. આ સેવાઓમાં વ્યાપક વધારો કરવા માટે ESIC દ્વારા મહત્ત્વના પ્રોજેક્ટ્સ મંજૂર કરવામાં આવ્યા છેઃ

૧. શૈક્ષણિક અને આરોગ્ય ક્ષેત્રે નવીન પહેલ: નરોડા-બાપુનગર ESI હોસ્પિટલ, અમદાવાદ ખાતે મેડિકલ કોલેજ શરૂ કરવામાં આવી છે. ૨. નિર્માણાધીન હોસ્પિટલો: સાણંદ (૩૫૦ બેડ, ૫૦૦ સુધી અપગ્રેડેબલ) અને કલોલ (૧૫૦ બેડ) ખાતે આધુનિક ESI હોસ્પિટલોનું બાંધકામ પૂરજોશમાં ચાલી રહ્યું છે તથા ૨૦૦ બેડની સુરત ખાતે બની રહેલ હોસ્પિટલનું બાંધકામ પૂર્ણતાને આરે છે. ૩. નવીન કેન્દ્રો: હાલોલ (૧૦૦ બેડ), અને સાવલી (૧૦૦ બેડ) ખાતે પણ નવી ESI હોસ્પિટલોની યોજનાઓને લીલી ઝંડી આપવામાં આવી છે. વળી, આગામી દિવસોમાં અમદાવાદના મુખ્ય ઔદ્યોગિક વિસ્તારો જેવા કે સાણંદ, ચાંગોદર, સાબરમતી અને એસ.જી. હાઈવે પર ESIC અમદાવાદ રિજનની નવી બ્રાન્ચ ઑફિસો ખોલવામાં આવશે. આ વિસ્તરણથી આશરે ૪.૫ લાખ જેટલા નવા શ્રમિકો અને તેમના આશ્રિતોને ESI યોજનાનો સીધો લાભ મળશે, જે રાજ્યમાં શ્રમિક સુરક્ષાના વ્યાપને વધુ બળ આપશે. ESICનું આ શ્રમિક કલ્યાણ કાર્ય ગુજરાતના શ્રમયોગીઓના જીવનમાં માત્ર આરોગ્ય જ નહીં, પરંતુ સુરક્ષા, આત્મવિશ્વાસ અને આર્થિક સ્થિરતાનો સંચાર કરી રહ્યું છે.

## રણજી ટ્રોફીની નવા સિઝનની શરૂઆતમાં વિવાદ સર્જાયો

। (એજન્સી) મુંબઈ, તા.૧૬ ।

મુંબઈ અને જમ્મુ કાશ્મીર વચ્ચે શ્રીનગરના શેર-એ-કાશ્મીર ક્રિકેટ સ્ટેડિયમમાં રણજી ટ્રોફીની નવી સીઝનની શરુઆત જ વિવાદ સાથે થઈ હતી. આ મેચમાં બુધવાર, ૧૫ ઓક્ટોબરને બીસીસીઆઈથી એક મોટી ભૂલ થઈ હતી. મુંબઈના બે બેટર, ભાઈ સરફરાઝ ખાન અને મુશીર ખાનના નામે સ્કોરકાર્ડમાં ગડબડી થઈ હતી. હકીકતમાં, શરુઆતમાં BCCI ની વેબસાઈટ પર સરફરાઝ ખાનને મુંબઈ માટે ઈનિંગ રમતો દર્શાવવામાં આવ્યો હતો. સ્કોરકાર્ડમાં જણાવાયું હતું કે, સરફરાઝને જમ્મુ અને કાશ્મીરના ફાસ્ટ બોલર આકિબ નબીના બોલથી ખાતું ખોલ્યા વિના આઉટ થઈ ગયો હતો. પરંતુ, એ પછી ખબર પડી કે, આ સરફરાઝ નહીં, પરંતુ તેનો નાનો ભાઈ મુશીર ખાન હતો, જે ખરેખર ઓપનિંગ કરવા ઉતર્યો હતો અને ત્રીજા બોલ પર આઉટ થયો હતો. સોશિયલ મીડિયા પર ભૂલ સામે આવ્યા પછી BCCI એ તરત જ સ્કોરકાર્ડમાં સુધાર્યું અને સરફરાઝની જગ્યાએ મુશીરનું નામ ઉમેર્યું હતું.

## તમિલનાડુમાં હિન્દી ફિલ્મો-ગીતો ઉપર રોકની તૈયારી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૬ ।

દક્ષિણ ભારતના તમિલનાડુમાં ભાષા વિવાદ વધતો જોવા મળી રહ્યો છે. મળતી માહિતી મુજબ, મુખ્યમંત્રી એમ. કે. સ્ટાલિનની આગેવાનીવાળી સરકાર વિધાનસભામાં હિન્દી ભાષા સામે બિલ રજૂ કરવા જઈ રહી છે. હાલ, આ વિશે કોઈ સત્તાવાર માહિતી સામે આવી નથી. પરંતુ, આ પહેલાં પણ DMK (દ્રવિડ મુન્નેત્ર કઝગમ) કેન્દ્ર સરકાર પર રાજ્યો પર હિન્દી ભાષા થોપવાનો આરોપ લગાવતી રહી છે. સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, તમિલનાડુ સરકાર રાજ્યમાં હિન્દી ભાષા લાગુ કરવાની સામે બિલ રજૂ કરી શકે છે. આ સંબંધે કાયદાના જાણકારોની એક બેઠક બોલાવવામાં આવી હતી. આ બિલમાં તમિલનાડુમાં હિન્દી ભાષામાં હોર્ડિંગ, બોર્ડ, ફિલ્મ અને ગીતો પર રોક લગાવવાની વાત કહેવામાં આવી રહી છે. અધિકારીઓનું કહેવું છે કે, આ બિલ બંધારણના નિયમ હેઠળ લાવવામાં આવશે.

અહેવાલો અનુસાર, ડીએમકેના વરિષ્ઠ નેતા ટીકેએસ એલનગોવને કહ્યું કે, અમે બંધારણની વિરુદ્ધમાં કંઈ કરવા નથી ઈચ્છતા. અમે બંધારણનું પાલન કરીએ છીએ પરંતુ, હિન્દી થોપવાના વિરોધમાં છીએ.

## પાકિસ્તાને અફઘાનિસ્તાન પર ફરીવાર કર્યો હુમલો

। (એજન્સી) માલદીવ, તા.૧૬ ।

પાકિસ્તાન અને અફઘાનિસ્તાન વચ્ચે તણાવ હવે યુદ્ધમાં ફેરવાઈ ગયો છે. આજે બુધવારે, પાકિસ્તાને અફઘાનિસ્તાનના સ્પિન બોલ્ડક શહેરમાં હવાઈ હુમલો કર્યો હતો. આ હુમલા ચમન બોર્ડર ક્રોસિંગ નજીક થયા હતા, જેમાં ત્રણ અફઘાન-તાલિબાન ચોકીઓને નિશાન બનાવવામાં આવી હતી. સ્થાનિક સૂત્રોના જણાવ્યા અનુસાર, રહેવાસીઓએ ડ્રોન અને ફાઈટર જેટ દ્વારા બોમ્બ ફેંકાતા જોયા હતા. અફઘાન સરહદ પોલીસે જણાવ્યું છે કે, વિસ્ફોટોથી આ વિસ્તાર કાળા ધુમાડાથી છવાઈ ગયો હતો અને અનેક ઘરોની બારીઓ તૂટી ગઈ હતી.

બુધવારે સ્પિન બોલ્ડકમાં થયેલા હુમલા બાદ, સોશિયલ મીડિયા પર એક વીડિયો સામે આવ્યો હતો, જેમાં વિસ્તારમાંથી ગાઢ ધુમાડો નીકળતો જોવા મળ્યો હતો. આનાથી બંને દેશો વચ્ચેની સરહદ પર સંઘર્ષ વધ્યો હતો. બંને બાજુ કુલ ૨૧ લોકો માર્યા ગયા છે. રોઈટર્સ અનુસાર, ૬ પાકિસ્તાની અર્ધલશ્કરી સૈનિકો માર્યા ગયા છે.



કોલકાતાના ઇડન ગાર્ડન્સ ખાતે ઉત્તરાખંડ અને બંગાળ વચ્ચે રમાઈ રહેલી રણજી ટ્રોફી ક્રિકેટ મેચના બીજા દિવસે બંગાળનો અભિષેક પોરેલ શોટ રમી રહ્યો છે.

### ચીન સાથેના ટ્રેડ વોરમાં નવી દિલ્હીની માંગી મદદ

# હવે ડ્રેગન ભારે પડ્યું તો અમેરિકાને આવી ભારતની યાદ

### અમેરિકા ચીનના નિકાસ નિયંત્રણો અંગે ભારતની મદદ માંગી રહ્યું છે : અમેરિકાને હવે ભારત યાદ આવ્યું છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૬ ।

અમેરિકાએ પહેલા મનસ્વી રીતે ભારતીય ઉત્પાદનો પર ૫૦ ટકા ટેરિફ લગાવ્યો હતો. હવે, ચીન સાથે તણાવ વધતાં, તેને ભારત યાદ આવવા લાગ્યું છે. રેર અર્થ મિનરલ્સમાં ચીન પ્રભુત્વ ધરાવે છે, પરંતુ ભારતમાં તેમની નિકાસ કરતા પહેલા, તેણે શરત મૂકી છે કે અમેરિકાને તેમની ઍક્સેસ ન હોવી જોઈએ. હવે, અમેરિકા આ સંદર્ભમાં ભારતની મદદની આશા રાખી રહ્યું છે. યુએસએ હવે ચીન પર આ ખનિજોની નિકાસ પર કડક નિયંત્રણો લગાવીને ઉશ્કેરણીજનક આર્થિક પગલાં લેવાનો આરોપ લગાવ્યો છે. ફોક્સ ન્યૂઝ સાથે વાત કરતા, યુએસ ટ્રેઝરી સેક્રેટરી સ્કોટ બેસન્ટે જણાવ્યું હતું કે આ



પગલું વૈશ્વિક અર્થતંત્ર માટે સીધો પડકાર છે. તેમણે કહ્યું કે આ ચીન વિરુદ્ધ બાકીના વિશ્વ છે. તેઓએ આ નિકાસ નિયંત્રણોની જાહેરાત કરી છે, જે આવતા મહિને લાગુ થવા જઈ રહ્યા છે, અને અમે આક્રમક રીતે તેમનો વિરોધ કર્યો છે. અમને ખબર નથી કે તે ક્યાંથી આવ્યું. ચીને હવે આવું કેમ કરવાનું નક્કી કર્યું? સ્કોટે વધુમાં જણાવ્યું હતું કે અમેરિકા ચીનને દુર્લભ પૃથ્વી પરની રેર અર્થ મિનરલ્સ પર પોતાનું વર્ચસ્વ સ્થાપિત કરવા દેશે નહીં, જેમાં ઈલેક્ટ્રિક વાહનો, સંરક્ષણ અને ઉદ્યોગ માટે મહત્વપૂર્ણ સામગ્રીનો સમાવેશ થાય છે. તેમણે કહ્યું કે, "તેઓએ સમગ્ર મુક્ત વિશ્વની સપ્લાય ચેઈન અને ઔદ્યોગિક આધારને નિશાન બનાવ્યો છે, અને તમે જાણો છો કે અમે તે થવા દઈશું નહીં. ચીન એક કમાન્ડ એન્ડ કંટ્રોલ અર્થતંત્ર છે. તેઓ આપણને કમાન્ડ અને કંટ્રોલ કરશે નહીં."

બેસન્ટે કહ્યું કે અમેરિકાએ ચીનના પગલાનો સામૂહિક રીતે જવાબ આપવા માટે ભારત, યુરોપ અને અન્ય એશિયન દેશો સહિત તેના સાથી દેશો સાથે સંકલન કરવાનું શરૂ કર્યું છે. તેમણે ઉમેર્યું કે અમે વિવિધ રીતે અમારી સાર્વભૌમત્વનો દાવો કરવા જઈ રહ્યા છીએ.

## "અલ્લાહુ અકબર" ના નારા વચ્ચે, હમાસે આઠ લોકોના માથામાં મારી ગોળી

। (એજન્સી) ગાઝા, તા.૧૬ ।

ત્નની ધરતી પર પસાર કરવામાં આવ્યો છે. યુનાઈટેડ સ્ટેટ્સ, તુર્કી, ઈજિપ્ત અને કતાર તેમાં ભાગ લીધો હતો. ઈઝરાયલ સહિત અન્ય ઘણા દેશો પણ સંમત થયા છે. યુદ્ધવિરામની ઘોષણા કરવામાં આવી છે, અને હમાસે તેના શસ્ત્રો સોંપવા સંમતિ આપી છે. છતાં, જમીન પર આવું થતું દેખાતું નથી. હમાસનો એક નવો વીડિયોમાં હમાસ કમાન્ડરો આઠ લોકોને ઘૂંટણિયે બેસાડીને ગોળી મારી રહ્યો છે. તેમના હાથ અને આંખો પર પટ્ટી બાંધેલી છે.

પછી તેમને માથામાં ગોળી મારી દેવામાં આવે છે. ગોળીબાર વચ્ચે, ભીડમાંથી "અલ્લાહ હુ અકબર" ના નારા સંભળાય છે. આ વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો છે, અને તેને શેર કરવો મુશ્કેલ છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે હમાસ લડવૈયાઓ આ લોકો પર ઈઝરાયલ સાથે સહયોગ કરવાનો આરોપ લગાવી રહ્યા છે.

## હું ચૂંટણી નહીં લડું, પાર્ટીએ જે કહ્યું છે એ જ કરીશ...

### હું એ જ સંગઠનાત્મક કામ શરુ રાખીશ જે પાર્ટીના મોટા હિત માટે અત્યાર સુધી કરતો રહ્યો છું : પ્રશાંત કિશોર

। (એજન્સી) પટણા, તા.૧૬ ।

બિહાર વિધાનસભા ચૂંટણી ૨૦૨૫ને લઈને લાંબા સમયથી ચાલી રહેલી અટકળો પર પ્રશાંત કિશોરે આખરે વિરામ મૂકી દીધો છે. જન સુરાજ અભિયાનના સંસ્થાપક અને ચૂંટણી વ્યૂહનીતિકાર રહેલા પ્રશાંત કિશોરે સ્પષ્ટ કરી દીધું કે, બિહાર વિધાનસભા ચૂંટણીમાં ઉમેદવાર તરીકે મેદાનમાં નહીં ઉતરે.

પ્રશાંત કિશોરે સ્પષ્ટ કર્યું કે, તે ચૂંટણી મેદાનમાં નહીં ઉતરે. પરંતુ, જન સુરાજ જો ૧૫૦ બેઠક નહીં જીતે તો તેને તે પોતાની વ્યક્તિગત હાર માનશે. પ્રશાંત કિશોરે કહ્યું કે, ના, હું ચૂંટણી નહીં લડું. પાર્ટીએ જે નિર્ણય લીધો છે, એ જ કરીશ. હું એ જ સંગઠનાત્મક કામ શરુ રાખીશ જે પાર્ટીના મોટા હિત માટે અત્યાર સુધી કરતો રહ્યો છું. જો જન સુરાજ ૧૫૦થી ઓછી બેઠક લાવે છે તો આ મારી હાર હશે અને જો આનાથી વધારે બેઠક મળી તો તે બિહારની જનતાની જીત હશે.

વધુમાં તેમણે કહ્યું કે, જો જન સુરાજની સરકાર બની તો બિહારના રાજકારણમાં એક ઐતિહાસિક પગલું લેવામાં આવશે. સરકાર બનતાં જ ૧૦૦ સૌથી ભ્રષ્ટ નેતા અને ઑફિસરો પર કાર્યવાહી કરવા માટે નવો કાયદો બનાવવામાં આવશે. આ એવા નેતા અને અધિકારીઓ માટે ચેતવણી છે, જે પ્રાર્થના કરી રહ્યા છે કે જન સુરાજ સત્તામાં ન આવે. કારણ કે, જો જન સુરાજની સરકાર બની તો તેમના ખરાબ દિવસોની શરુઆત થઈ જશે.

લાલુ યાદવ અને આરજેડી પર પ્રહાર કરતાં પ્રશાંત કિશોરે કહ્યું કે, લાલુ પરિવાર પર આટલા ભ્રષ્ટાચારના આરોપ અને ચાર્જશીટ છે કે, હવે લોકો તેને વાંચતા પણ નથી. આરજેડી અને લાલુ પરિવારે એટલા કૌભાંડો કર્યા છે, એટલા કેસ ચાલી રહ્યા છે કે હવે લોકો તેને સમાચાર પણ નથી માનતા. આ જ કારણ છે કે, બિહારને હવે નવા રાજકારણની જરૂર છે.

પ્રશાંત કિશોરે ફરી પુનરાવર્તન કર્યું કે, તેમનું લક્ષ્ય સત્તા હાંસલ કરવું નથી પરંતુ બિહારને નવી દિશા આપવાનો છે. જન સુરાજ એક આંદોલન છે, જે રાજકારણમાં સાફ છબી, જવાબદેહી અને વિકાસ આધારિત વિચાર લાવવા માટે કામ કરી રહ્યા છે. અમારો હેતુ ચૂંટણી જીતવાનો નથી, બિહારને બહેતર બનાવવાનો છે. જો જનતા અમને તક આપે છે, તો રાજ્યમાં પ્રામાણિક શાસનની નવું ઉદાહરણ સ્થાપિત કરીશું.

### બીજી યાદી સાથે કુલ ૫૯ ઉમેદવાર જાહેર

# ચૂંટણીને લઈ આમ આદમી પાર્ટીનું બિહારમાં કેજરીવાલ મોડલ

### ૪૮ નવા ઉમેદવારોની તક આપવામાં આવી છે

। (એજન્સી) પટણા, તા.૧૬ ।

બિહાર વિધાનસભા ચૂંટણી ૨૦૨૫ની તાડામાર તૈયારીઓ ચાલી રહી છે. એનડીએ અને મહાગઠબંધન વચ્ચે બેઠકની ફાળવણી મામલે ચર્ચાઓ થઈ રહી છે. પરંતુ દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની પાર્ટી આમ આદમી પાર્ટી(AAP)એ પોતાના ઉમેદવારોની બીજી યાદી પણ જાહેર કરી દીધી છે. જેમાં ૪૮ નવા ઉમેદવારોની તક આપવામાં આવી છે.

AAPએ ૯ ઑક્ટોબરની પ્રથમ યાદીમાં ૧૧ ઉમેદવારોના નામ જાહેર કર્યા હતા. નવી યાદી સાથે AAPએ અત્યારસુધી કુલ ૫૯ ઉમેદવારોને ટિકિટ આપી છે. રાજ્ય પ્રભારી અજેશ યાદવે જણાવ્યું કે, ઉમેદવારોની પસંદગી સંપૂર્ણપણે પારદર્શિતા અને જનસમર્થન સાથે થઈ છે. અમે બિહારમાં જાતિ અને ધર્મની રાજનીતિ નથી રમી, અમે પ્રમાણિક શાસનની રાજનીતિ કરવા માગીએ છીએ. દિલ્હીનું શિક્ષણ અને સ્વાસ્થ્ય મોડલ બિહારમાં લાગુ કરી સામાન્ય પ્રજાનું જીવન બદલવાનું અમારું લક્ષ્યાંક છે. તેમણે દાવો કર્યો છે કે, પ્રજા હવે ખોટા વચનો અને જૂની રાજનીતિથી કંટાળી ગઈ છે.

## નેતન્યાહૂ ઈજિપ્તની ગાઝા સમિટમાં ન આવ્યા : રિપોર્ટ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૬ ।

ગાઝામાં યુદ્ધવિરામને મજબૂત કરવા અને પુનર્નિર્માણ માટે સોમવારે ઈજિપ્તના શર્મ અલ-શેખમાં યોજાયેલા આંતરરાષ્ટ્રીય શિખર સંમેલનમાં ઈઝરાયલી વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહૂની સંભવિત ભાગીદારીને લઈને વિવાદ થયો હતો. તૂર્કિયેના રાષ્ટ્રપતિ રેચેપ તૈયપ એર્દોગને નેતન્યાહૂને આમંત્રણ આપવાનો સ્પષ્ટ વિરોધ કર્યો હતો, જેની પુષ્ટિ મંગળવારે તૂર્કિયેના એક અધિકારીએ કરી. જોકે, નેતન્યાહૂના કાર્યાલયે છેલ્લી ઘડીનું આમંત્રણ આવનારી યહૂદી રજા (તહેવાર)ને કારણે રદ્દ કર્યું હતું.અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને ઈજિપ્તના રાષ્ટ્રપતિ અબ્દેલ ફત્તાહ અલ-સીસી દ્વારા સહ-યજમાન કરાયેલા આ શિખર સંમેલનમાં ૨૦થી વધુ દેશોના નેતાઓ સામેલ થયા હતા. તેનો મુખ્ય હેતુ ગાઝામાં ઈઝરાયલ-હમાસ યુદ્ધવિરામને મજબૂત કરવો, બંધકોની મુક્તિ અને યુદ્ધ પછીના પુનર્નિર્માણની રૂપરેખા તૈયાર કરવાનો હતો. ફ્રાન્સ, જર્મની, બ્રિટન, કેનેડા, કતાર, UAE, જોર્ડન, પાકિસ્તાન અને ઈન્ડોનેશિયા સહિતના દેશોના નેતાઓ હાજર હતા.

### ૧૬ શ્રમિકના મોત નિપજ્યા

# બાંગ્લાદેશના ઢાકામાં કાપડાની ફેક્ટરી અને કેમિકલ વેરહાઉસમાં ભીષણ આગ

### મૃતદેહોની હાલત એટલી ભયાનક છે કે તેમની ઓળખ હાલમાં ડીએનએ ટેસ્ટ દ્વારા જ શક્ય બની શકશે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૬ ।

બાંગ્લાદેશની રાજધાની ઢાકામાં એક ગંભીર દુર્ઘટના સર્જાઈ. અહીં એક ચાર માળની ગારમેન્ટ ફેક્ટરી અને તેની બાજુમાં આવેલા કેમિકલ વેરહાઉસમાં લાગેલી ભીષણ આગમાં ઓછામાં ઓછા ૧૬ મજૂરોના કરુણ મોત થયા છે અને અનેક લોકો ઈજાગ્રસ્ત થયા છે.ફાયર સર્વિસ અને સિવિલ ડિફેન્સના અધિકારીઓના જણાવ્યા અનુસાર, આગ કેમિકલ વેરહાઉસમાં લાગી હતી અને ત્યારબાદ તે નજીકની ફેક્ટરીમાં ફેલાઈ ગઈ હતી. આગની શરૂઆત શાહ આલમ કેમિકલ વેરહાઉસમાં થઈ હતી અને ત્યાર બાદ તે એનર ફેશન ગારમેન્ટ્સ ફેક્ટરી સુધી પહોંચી હતી.ફાયર સર્વિસના પ્રવક્તા અનવરુલ ઈસ્લામે જણાવ્યું કે, 'સર્ચ ઓપરેશન દરમિયાન માત્ર ગારમેન્ટ ફેક્ટરીમાંથી જ ૧૬ મૃતદેહો મળી આવ્યા છે. ફેક્ટરીમાંથી આગ ઓલવી દેવામાં આવી છે, પરંતુ કેમિકલ વેરહાઉસમાં આગ હજુ પણ ચાલુ છે.'ફાયર સર્વિસ અને સિવિલ ડિફેન્સના ડિરેક્ટર લેફ્ટનન્ટ કર્નલ મોહમ્મદ તાજુલ ઈસ્લામ ચૌધરીએ જણાવ્યું હતું કે, મૃતદેહોની હાલત એટલી ભયાનક છે કે તેમની ઓળખ હાલમાં ડીએનએ ટેસ્ટ દ્વારા જ શક્ય બની શકશે. તમામ મૃતદેહોને ઢાકા મેડિકલ કોલેજ હોસ્પિટલમાં મોકલી દેવાયા છે. ચૌધરીએ વધુમાં જણાવ્યું કે સંભવતઃ તમામ મૃતકો ઝેરી ગેસ શ્વાસમાં લેવાના કારણે મૃત્યુ પામ્યા છે.

### પોલીસનો કાફલો ખડકાયો

# યુપીના સંભલમાં કલ્કિ ધામ નજીક મસ્જિદ ઉપર બુલડોઝર ફર્યું

### નાયબ મામલતદાર દીપક ઝુરૈલ અને સીઓ કુલદીપ સિંહના નેતૃત્વમાં આ બુલડોઝર એક્શન લેવામાં આવ્યું

। (એજન્સી) મોસ્કો, તા.૧૬ ।

ઉત્તર પ્રદેશના સંભલમાં સરકારી જમીનોને ગેરકાયદે કબ્જામાંથી મુક્ત કરાવવા માટે તંત્ર દ્વારા બુલડોઝરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. એચૌડા કંબોહ વિસ્તારમાં વિશાળ કલ્કિ ધામની બાજુમાં આવેલી જાહેર પાર્કની ૨૬૫ વર્ગ મીટર જમીન પર ગેરકાયદે બાંધવામાં આવેલી એક મસ્જિદને બુધવારે (૧૫ ઑક્ટોબર) ધ્વસ્ત કરી દેવામાં આવી હતી.

નાયબ મામલતદાર દીપક ઝુરૈલ અને સીઓ કુલદીપ સિંહના નેતૃત્વમાં આ બુલડોઝર એક્શન લેવામાં આવ્યું હતું. આ મસ્જિદ સરકારી પાર્કની જમીન પર બનેલી



હોવાથી, કોર્ટના આદેશ અને બેદખલી(Eviction)ના આદેશનું પાલન કરીને આ માળખું તોડી પાડવામાં આવ્યું હતું.

સંભલમાં બની રહેલા વિશાળ કલ્કિ ધામની પાસે આવેલી જાહેર પાર્કની સરકારી જમીન પર આ નાની મસ્જિદ ગેરકાયદે ઊભી કરવામાં આવી હતી. હલ્કા લેખપાલના રિપોર્ટના આધારે, વહીવટી તંત્રએ ૧૧ જૂને મસ્જિદ કમિટીને જમીન ખાલી કરવા નોટિસ આપી હતી, જેને ૧૬ જૂને બજાવવામાં આવી હતી. કમિટીએ શરુઆતમાં થોડો ભાગ હટાવવાનું શરુ કર્યું, પરંતુ ત્યારે આખું બાંધકામ દૂર કરાયું ન હતું. ત્યાર બાદ ૨૪ સપ્ટેમ્બરે મામલતદાર દ્વારા મસ્જિદ વિરુદ્ધ બેદખલીનો આદેશ જાહેર કરવામાં આવ્યો અને ૧૦ ઑક્ટોબરે તેને હટાવવા માટે એક કમિટીની રચના કરવામાં આવી હતી. બુધવારે (૧૫ ઑક્ટોબર) નાયબ મામલતદાર દીપક ઝુરૈલ અને સીઓ કુલદીપ સિંહ ભારે પોલીસ બળ અને મહેસૂલ ટીમ સાથે બુલડોઝર લઈને સ્થળ પર પહોંચ્યા હતા. સીઓ કુલદીપ સિંહે સ્પષ્ટતા કરી કે, આ કાર્યવાહી કોર્ટના આદેશ મુજબ કરવામાં આવી છે.

### મહાગઠબંધનની મોટી મુસીબત દૂર

# મુકેશ સાહની ૧૮ બેઠકો પર ચૂંટણી લડવા માની ગયા

### આનાથી મુકેશ સાહની અને તેજસ્વી યાદવ વચ્ચે સીટ-વહેંચણીને લઈને લાંબા સમયથી ચાલતો ગતિરોધ હવે સમાપ્ત થયો છે

। (એજન્સી) પટણા, તા.૧૬ ।

બિહારમાં ચૂંટણી યોજાવાની છે અને મહાગઠબંધનમાં સીટ-વહેંચણીની ફોર્મ્યુલા આખરે ઉકેલાઈ રહી છે. આરજેડી (RJD) અને વીઆઈપી (VIP) વચ્ચે સીટની વહેંચણી નક્કી થઈ ગઈ છે, જેમાં મુકેશ સાહનીની પાર્ટી વીઆઈપીને ૧૮ બેઠકો ફાળવવામાં આવી છે.

સૂત્રોના અહેવાલ મુજબ, મોડી રાત સુધી ચાલેલી મિટિંગ બાદ વિકાસશીલ ઈન્સાન પાર્ટી (VIP)ને ૧૮ બેઠકોનો અંતિમ પ્રસ્તાવ મળ્યો છે. આનાથી મુકેશ સાહની અને તેજસ્વી યાદવ વચ્ચે સીટ-વહેંચણીને લઈને લાંબા સમયથી ચાલતો ગતિરોધ હવે સમાપ્ત થયો છે. સૂત્રોના મતે, વીઆઈપી પાર્ટી આ



૧૮ બેઠકોના સમજૂતીથી સંતુષ્ટ છે.

મુકેશ સાહની અને તેજસ્વી યાદવ વચ્ચે મોડી રાત્રે રૂબરૂ મુલાકાત થઈ, જેના પછી ટેલિફોનિક વાતચીત પણ થઈ હતી. સૂત્રોના જણાવ્યા અનુસાર, વીઆઈપીને ૧૮ બેઠકો આપવા પર સહમતિ સધાઈ છે. આ બેઠકોની પસંદગી કરતી વખતે જ્ઞાતિ સમીકરણો તેમજ અન્ય સ્થાનિક પરિબળોને ધ્યાનમાં લેવામાં આવ્યા છે. અંતિમ થયેલી આ ૧૮ બેઠકો માટે મુકેશ સાહનીની પાર્ટી આજે જ ટિકિટ વિતરણની પ્રક્રિયા શરૂ કરવાની તૈયારીમાં છે.

સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, તારાપુર વિધાનસભા બેઠકનો મામલો હજી સંપૂર્ણપણે ઉકેલાયો નથી. વીઆઈપીના નેતા સકલદેવ બિંદે તારાપુરથી પોતાની ઉમેદવારીની જાહેરાત અગાઉ જ કરી દીધી છે. જોકે, નાયબ મુખ્યમંત્રી સમ્રાટ ચૌધરી બીજેપી ઉમેદવાર તરીકે મેદાનમાં ઉતરતાં જ, આરજેડીનો આ બેઠકમાં રસ ઘણો વધી ગયો છે. હવે આરજેડી અને વીઆઈપી વચ્ચે તારાપુર બેઠક પર સહમતિ સધાય તેવી સંભાવના છે. બીજી તરફ, બિહાર મહાગઠબંધનમાં સીટ-વહેંચણી પર વાટાઘાટો સરળ બની રહી નથી.

## મહેસાણાના ગિલોસણમાં ફેક્ટરીમાંથી ૯૬ લાખનું શંકાસ્પદ ઘી ઝડપાયું

। (એજન્સી) મહેસાણા, તા.૧૬ ।

પ્રકાશપર્વ દિવાળીના તહેવારોની આડે ગણતરીના દિવસો અગાઉ મહેસાના ગિલોસણ ગામે શંકાસ્પદ ઘી બનાવતી મે.શિવાન ફૂડ પ્રોડક્ટ્સ નામની ફેક્ટરીમાં દરોડો પાડી પોલીસે રૂ. ૯૬ લાખનો ઘીનો જથ્થો ઝડપી લઈ સ્થાનિક ફૂડ તંત્રને જાણ કરી હતી. ફૂડ અધિકારીઓએ તાલુકા પોલીસને સાથે રાખીને ફેક્ટરી પર તપાસ કરી. પોલીસે પકડેલાં રૂ. ૯૫, ૫૯,૭૧૮ નો જથ્થો સીઝ કરી તેમાંના ઘીના ૧૮ સેમ્પલ લઈને પૃથ્થકરણ માટે સરકારી લેબોરેટરીમાં મોકલી આપ્યાં હતા.

તાલુકા પોલીસ સ્ટેશનના અધિકારીઓ નાઈટ પ્રેટોલિંગમાં હતા. ત્યારે ગિલોસણ ગામે પટેલ નિતેશભાઈ ગોવિંદભાઈની માલિકીની મે. શિવાન ફૂડ પ્રોડક્ટ્સ ( યુક્રેન એસ્ટેટ, ૫૦/એ, ૫૦/બી, ૫૧/બી, સર્વે નં. ૭૧) નામની ફેક્ટરીમાં નકલી ઘી બનાવવામાં આવતું હોવાની પૂર્વબાતમીના આધારે પોલીસે છાપો મારી શંકાસ્પદ ઘીનો રૂ. ૯૫,૫૯,૭૧૮ નો જથ્થો ઝડપી લીધો હતો. પોલીસે આ અંગે જિલ્લા ફૂડ તંત્રને જાણ કરી હોવાનું અને ફેક્ટરીને સીલ મારી દીધી હોવાનું પી.આઈ.એ જણાવ્યું હતું. સોમવારે ફૂડ અધિકારીઓએ ગિલોસણ ગામની ઘી બનાવતી ફેક્ટરીમાંથી જુદાજુદા ઘીના ૧૮ સેમ્પલ લીધાં હતા. આ બાબતે ઈન્ચાર્જ ફૂડ અધિકારીએ કહ્યું કે, ફુડતંત્રની ટીમે સ્થળ પર જઈ શંકાસ્પદ ઘીના ૧૮ સેમ્પલ લઈ ચકાસણી માટે સરકારી લેબોરેટરીમાં મોકલી આપ્યાં છે.ફૂડ ઓફિસર્સની ટીમે શંકાસ્પદ ઘીનો અંદાજે રુ. ૯૫,૫૯,૭૧૨ નો કુલ ૧૬૮૧૨ લિટર જથ્થો સીઝ કરી ફેક્ટરી માલિક પટેલ હિતેશભાઈ ગોવિંદભાઈ સામે કાયદાકીય કાર્યવાહી હાથ ધરી છે. તંત્રએ ફેક્ટરીમાંથી શંકાસ્પદ અમૃત પ્યોર ઘી, અમૃત કાઉ ઘી, ગૌધારા કાઉ ઘીના અંદાજે ૭૫ પતરાના ડબા તથા આશરે ૭૦૦ જેટલાં જુદી જુદીથી બ્રાન્ડના કાર્ટુન સીઝ કર્યા હતા. ઈન્ચાર્જ ફૂડ અધિકારીએ કહ્યું કે, લેબોરેટરીમાંથી રિપોર્ટ આવ્યા બાદ આગળની કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. મહેસાણા ફૂડ તંત્રના ઈન્ચાર્જ અધિકારી જે.જે. પ્રજાપતિએ કહ્યું કે, શંકાસ્પદ ઘીના સેમ્પલનો રિપોર્ટ સબ સ્ટાન્ડર્ડ આવે તો અધિક નિવાસી કલેક્ટર (આર.એ.સી.) ની કોર્ટમાં કેસની કાર્યવાહી કરી શકાય છે.

**ABVPના કાર્યકરો અને સિક્યુરિટી ગાર્ડ વચ્ચે મારામારી । જેજી યુનિવર્સિટી કેમ્પસની અંદર સિક્યુરિટી ગાર્ડ્સ દ્વારા ABVPના કાર્યકરોને ડંડા વડે બેરહમીપૂર્વક માર માર્યો હતો**

# જેજી યુનિવર્સિટીમાં કાર્યકરો સાથે મારામારી મુદ્દે ABVPનું વિરોધ પ્રદર્શન



। (એજન્સી) અમદાવાદ, તા.૧૬ ।

જે.જી. યુનિવર્સિટીના કેમ્પસમાં ABVPના કાર્યકરો અને સિક્યુરિટી ગાર્ડ વચ્ચે મોટું ઘર્ષણ થયા બાદ મારામારીની ઘટના બની હતી. દરમિયાન આજે ABVPના કાર્યકરો દ્વારા જેજી યુનિ.માં વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું. અમદાવાદમાં શાળા અને કોલેજ વિદ્યાના ધામ નહીં વિવાદના ધામ બનવા લાગ્યા છે. મણિનગરની સેવન્થ ડે સ્કૂલના મામલો થાળે પડી રહ્યો છે ત્યાં જેજી યુનિવર્સિટીમાં હંગામાના ઘટનાની શહેરભરમાં ચર્ચા થવા લાગી છે. જે.જી. યુનિવર્સિટીના કેમ્પસમાં ABVPના કાર્યકરો અને સિક્યુરિટી ગાર્ડ વચ્ચે મોટું ઘર્ષણ થયા બાદ મારામારીની ઘટના બની હતી. આ મામલો શાંત પડવાને બદલે વધુ ઉગ્ર બની રહ્યો છે. આજે ABVPના કાર્યકરો દ્વારા આ ઘટનાને લઈને જેજી યુનિ.માં વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું. મહત્વનું છે કે બે-ત્રણ દિવસ પહેલા જયારે ABVP ના કાર્યકરો યુનિવર્સિટી કેમ્પસમાં તેમની કારોબારી ઘોષણા કરવા માટે જેજી યુનિવર્સિટી પહોંચ્યા ત્યારે સિકયુરીટી ગાર્ડ સાથે ઘર્ષણ થયું હતું. ત્યારે કોલેજ સંચાલકોએ તેમને કેમ્પસની બહાર જઈને કાર્યક્રમ યોજવાનું કહેવા બાદ ABVPના કાર્યકરો ત્યાં દેખાવ કરતા ઉભા હતા. એટલે સિક્યુરિટી ગાર્ડ દ્વારા તેમને બહાર ખસેડવા કવાયત કરાઈ હતી. દરમિયાન જેજી યુનિવર્સિટી કેમ્પસની અંદર સિક્યુરિટી ગાર્ડ્સ દ્વારા ABVPના કાર્યકરોને ડંડા વડે બેરહમીપૂર્વક માર માર્યો હતો. જેમાં કેટલાક કાર્યકરોને ગંભીર ઈજા પહોંચતા તેમને સોલા સિવિલમાં દાખલ કરાયા હતા. જેજી યુનિવર્સિટી સામે આજે ABVPના કાર્યકરોએ યુનિ.ના ફઝ અને રજિસ્ટરના રાજીનામાની માંગ સાથે વિરોધ પ્રદર્શન કર્યું. નોંધનીય છે કે જયારે ABVPના કાર્યકરો અને સિક્યુરીટી ગાર્ડ વચ્ચે ઘર્ષણની સ્થિતિ બનવાની જાણ થતા વસ્ત્રાપુર પોલીસ ત્યાં પહોંચી ગઈ હતી. પોલીસ મામલો નિયંત્રણમાં લીધો અને સમગ્ર મામલે તપાસ હાથ ધરી હતી. ABVP કાર્યકરો પર હુમલો કરનાર ૫ થી ૬ સિક્યુરિટી ગાર્ડ વિરુદ્ધ કાયદેસરનો ગુનો પણ નોંધવામાં આવ્યો. આજે ABVPના કાર્યકરોએ જેજી યુનિવર્સિટી સંચાલકો અધધ ફી લઈ રહ્યા હોવાનો આક્ષેપ પણ કર્યો. અને યુનિ.ના VC અને રજિસ્ટરના રાજીનામાની માંગ કરી.

**ગ્રામજનોએ કર્યો ઉગ્ર વિરોધ । મોટી સંખ્યામાં સેવાસદનમાં ૪ ગામના ગ્રામજનો એકત્ર થતા આવેદનપત્ર સ્વીકારવા મામલતદારને બહાર આવવું પડ્યું હતું**

# ડભોઈ તાલુકાના ૪ ગામને નગરપાલિકામાં સમાવેશ કરવાનો ઠરાવ કરાયો

। (એજન્સી) ડભોઇ, તા.૧૬ ।

આજે એપીએમસી ગ્રાઉન્ડથી તાલુકા સેવાસ સુધી ભારે સૂત્રોચાર સાથે મોટી સંખ્યામાં ગ્રામજનોએ વિરોધ પ્રદર્શન નોંધાવ્યું હતું. મોટી સંખ્યામાં સેવાસદનમાં ૪ ગામના ગ્રામજનો એકત્ર થતા આવેદન પત્ર સ્વીકારવા મામલતદારને બહાર આવવું પડ્યું હતુંવડોદરાના ડભોઈ તાલુકાના ચાર ગામ વેગા, કજાપુર, તરસાણા, ટીંબી ગામનો સમાવેશ નગરપાલિકામાં કરવા માટે ડભોઈ નગર પાલિકા દ્વારા ઠરાવો પ્રસાર કરવામાં આવ્યો હતો, જેને લઈ ૪ ગામના સરપંચ, સભ્યો, મહિલાઓ સહિત મોટી સંખ્યામાં લોકો એપીએમસી ગ્રાઉન્ડ ઉપર ભેગા થઈ સાથે કોંગ્રેસના આગેવાનો અને સાથે રાખી ભાજપની તાનાશાહી સરકાર સામે બાયો ચડાવી હતી. તમામ ગ્રામ પંચાયતોએ અસહમતનો ઠરાવ પાસ કર્યો, આજે એપીએમસી ગ્રાઉન્ડથી તાલુકા સેવાસ સુધી ભારે સૂત્રોચાર સાથે મોટી સંખ્યામાં ગ્રામજનોએ વિરોધ પ્રદર્શન નોંધાવ્યું હતું. મોટી સંખ્યામાં સેવાસદનમાં ૪ ગામના ગ્રામજનો એકત્ર થતા આવેદનપત્ર સ્વીકારવા મામલતદારને બહાર આવવું પડ્યું હતું. ૪ ગ્રામ પંચાયત દ્વારા સરપંચ તેમજ ગ્રામસભાઓ બોલાવીને ગ્રામજનોની રૂબરૂમાં તમામ ગ્રામ પંચાયતોએ અસહમતનો ઠરાવ પાસ કર્યો હતો. પરંતુ નગરપાલિકાના સામાન્ય સભામાં પોતાની બહુમતી ધરાવતા ૪ ગામને નગરપાલિકામાં સમાવેશ કરવા માટે ઠરાવ પાસ કરી દેવામાં આવ્યો છે, જેનો ઉગ્ર વિરોધ આજે ૪ ગામની જનતા રોડ ઉપર ઉતરી ભારે સૂત્રોચાર કરી ભાજપ હાય હાયના નારા લગાવ્યા હતા અને અહીંયા કોઈ નહીં સાંભળે તો ઉગ્ર આંદોલનની ચીમકી પણ ૪ ગામના ગ્રામજનોએ તેમજ કોંગ્રેસના આગેવાનોએ ઉચ્ચારી હતી.

બે દિવસ પહેલા જ ડભોઈના ધારાસભ્યે પોતાના વિરોધીઓને રાવણ સાથે સરખાવ્યા હતા. ચાંદોદમાં માતાજીના કાર્યક્રમમાં ભાજપના ધારાસભ્ય શૈલેષ મહેતાએ પોતાના વિરોધીઓને રાવણ સાથે સરખાવ્યા હતા. ધારાસભ્ય શૈલેષ મહેતાએ કહ્યું હતું કે વિકાસમાં હાડકા નાખનારા રાવણોનો વધ કરી શકું તેવી માતાજી શક્તિ આપે. સારું કામ કરતા હોય ત્યારે યજ્ઞમાં હાડકા નાખનારા રાવણ બહુ આવે છે. આપણા શત્રુ હોય, હિત શત્રુ હોય તેનો માતા નાશ કરે.

**પ્રેમજાળમાં ફસાવી આચર્યું હતું કૃત્ય**

# જામનગરમાં સગીરા પર કુકર્મ આચરનાર બે દુષ્કર્મીઓની ધરપકડ

। (એજન્સી) જામનગર, તા.૧૬ ।

જામનગરમાં સગીરા પર દુષ્કર્મ આચરીને ફરાર થયેલા બે શખ્સોને પોલીસે ગણતરીના સમયમાં ઝડપી પાડ્યા છે. બાતમીના આધારે પોલીસે ચોક્કસ માહિતી મેળવીને જૂનાગઢ-કાલાવડ રૂટની એક એસ.ટી. બસમાં મુસાફરી કરી રહેલા આ બંને નરાધમોને દબોચી લીધા હતા. પ્રાથમિક માહિતી મુજબ, આરોપીઓએ એક સગીરાને પ્રેમજાળમાં ફસાવી હતી અને ત્યારબાદ તેને એક અવાવરુ જગ્યાએ લઈ ગયા હતા. ત્યાં આ બંને શખ્સોએ બળજબરીપૂર્વક સગીરા પર વારાફરતી દુષ્કર્મ આચર્યું હતું. આ કૃત્ય કર્યા બાદ તેમણે સગીરાને આ અંગે કોઈને પણ ન જણાવવા માટે ધમકી આપીને ત્યાંથી નાસી છૂટ્યા હતા. આ ગંભીર ઘટના અંગે સગીરાના પરિવારે તાત્કાલિક પોલીસ ફરિયાદ નોંધાવતા પોલીસ તંત્ર સફાળું જાગ્યું હતું અને આરોપીઓને પકડવા માટે તપાસના ચક્રો ગતિમાન કર્યા હતા. પોલીસે ગુપ્ત બાતમીદારો અને ટેકનિકલ સર્વેલન્સની મદદથી માહિતી મેળવી કે બંને આરોપીઓ જૂનાગઢ-કાલાવડ રૂટની એસ.ટી. બસમાં છે.

**ભાવ વધારે હોવાથી લોકોએ ખરીદી ટાળી હતી**

# વડોદરામાં પુષ્ય નક્ષત્રમાં સોના-ચાંદીની ચમક ઘટી

। (એજન્સી) વડોદરા, તા. ૧૬ ।

પુષ્ય નક્ષત્રમાં સોના-ચાંદીની ખરીદીનું ખૂબ મહત્વ છે. પરંતુ ચાલુ વર્ષે સોના ચાંદીનો ભાવ ઓલટાઈમ હાઈ હોવાથી વડોદરાની સોની બજારમાં પણ મંદી જોવા મળી હતી. ભાવ વધારે હોવાથી લોકોએ ખરીદી ટાળી હતી. આજે ૨૨ કેરેટ સોનાનો પ્રતિ ૧૦ ગ્રામ ભાવ ૧.૧૭ લાખ તથા ૨૪ કેરેટ સોનાનો પ્રતિ ૧૦ ગ્રામ ભાવ ૧.૩૦ લાખ તેમજ ચાંદી પ્રતિ કિલો ૧.૮૪ લાખ નોંધાયો હતો. વેપારીઓના જણાવ્યા પ્રમાણે, ગત વર્ષની તુલનાએ સોના-ચાંદીના વેચાણમાં આશરે ૫૦થી ૭૦ ટકા ટકા જેટલો ઘટાડો થયો છે. વધુ ભાવ હોવાથી ગ્રાહકોના બજેટ પર અસર વર્તાઈ છે. ગ્રાહકોએ તેમના બજેટમાં સીધો જ કાપ મૂકી માત્ર ઈન્વેસ્ટમેન્ટ તથા લગ્ન પ્રસંગ માટે અથવા શુકન સાચવવા ખરીદી કરી હતી. દિવસે ને દિવસે ભાવ આસમાને પહોંચી રહ્યા છે. ગ્રાહકોએ હજુ આ વધુ ભાવને માન્યતા આપી નથી.

# અમદાવાદમાં આયોજીત થશે કોમનવેલ્થ ગેમ્સ ૨૦૩૦

। (એજન્સી) અમદાવાદ, તા.૧૬ ।

૨૦૩૦ કોમનવેલ્થ ગેમ્સના આયોજન અંગે મોટા સમાચાર સામે આવી રહ્યા છે. આ વખતે કોમનવેલ્થ ગેમ્સનું આયોજન ભારતમાં થશે. ભારતમાં પણ આપણા રાજયનાં અમદાવાદ શહેરમાં થશે. ૨૦૩૦ કોમનવેલ્થ ગેમ્સનું આયોજન અમદાવાદમાં કરવા માટેની ભલામણ કમિટી દ્વારા કરવામાં આવી છે. એક ઐતિહાસિક નિર્ણયમાં, કોમનવેલ્થ ગેમ્સના એક્ઝિક્યુટિવ બોર્ડે અમદાવાદ શહેરને ૨૦૩૦ કોમનવેલ્થ ગેમ્સનું આયોજન કરવાની ભલામણ કરી છે.

આ દરખાસ્ત હવે કોમનવેલ્થ ગેમ્સના સંપૂર્ણ સભ્યપદ કમિટી સમક્ષ રજૂ કરવામાં આવશે, અને અંતિમ નિર્ણય ૨૬ નવેમ્બર, ૨૦૨૫ ના રોજ ગ્લાસગોમાં કોમનવેલ્થ ગેમ્સની જનરલ એસેમ્બલીમાં લેવામાં આવશે. જો આવું થાય, તો ભારતમાં બીજી વખત કોમનવેલ્થ ગેમ્સનું આયોજન થશે. અત્રે ઉલ્લેખનીય છે કે, અગાઉ આ ઈવેન્ટ ૨૦૧૦ માં ભારતની રાજધાની દિલ્હીમાં આયોજીત થઇ હતી અને તેમાં સુરેશ કલમાડીનું કૌભાંડમાં નામ આવ્યું હતું. અમદાવાદને યજમાની માટેનાં રાઈટ્સ આપવા પાછળ એક મહત્વપૂર્ણ કારણ છે. સમિતિએ ટેકનિકલ ક્ષમતાઓ, રમતવીરોનો અનુભવ, માળખાગત સુવિધા, શાસન અને કોમનવેલ્થ ગેમ્સના મૂલ્યો સહિતની બાબતોનાં અનેક માપદંડોના આધારે ઉમેદવારો અને શહેરોનું મૂલ્યાંકન કર્યું હતું. જો કે, નાઈજીરીયાની રાજધાની અબુજા પણ આ ઈવેન્ટનું આયોજન કરવાની દોડમાં છે. અમદાવાદ અને અબુજા બંનેએ ખુબ જ આકર્ષક અને મહત્વકાંક્ષી પ્રોજેક્શન કર્યું છે. હવે કમિટી આ બાબતે ૨૬ મી તારીખે નિર્ણય કરશે. કોમનવેલ્થ ગેમ્સ ૨૦૩૦ માં તેની ૧૦૦મી વર્ષગાંઠ ઉજવવા પણ જઈ રહ્યું છે. પહેલી ઈવેન્ટ ૧૯૩૦ માં કેનેડાના હેમિલ્ટનમાં યોજાઈ હતી. દરમિયાન, ગ્લાસગો ૨૦૨૬ ની તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહી છે. અમદાવાદનું આયોજન ભારત માટે એક ઐતિહાસિક ક્ષણ પણ સાબિત થઈ શકે છે.


**મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદમાં બે દિવસીય 'નેશનલ અર્બન કોક્લેવ તેમજ 'મેયરલ સમિટ'નો પ્રારંભ કરાવ્યો**

# વડાપ્રધાનશ્રીએ ગુજરાતના મુખ્યમંત્રી તરીકે દેશમાં સૌપ્રથમ 'શહેરી વિકાસ વર્ષ' જેવા કોન્સેપ્ટ શરૂ કર્યા અને લોકોનું 'ઈઝ ઓફ લિવિંગ' સુનિશ્ચિત કર્યુ : મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ













★ સરદાર પટેલની શહેરી વિકાસની તત્કાલીન વિચારધારાને આધુનિક વિકાસ સાથે જોડવા અંગે કોક્લેવમાં ચિંતન-મંથન થશે, ★ ૧૦૦ વર્ષ પહેલાં સરદાર પટેલે પોતાની વહીવટી કુશળતાથી સુવ્યવસ્થિત અર્બન પ્લાનિંગ દ્વારા આદર્શ શહેરનું નિર્માણ કરીને દેશને સિટી-સેન્ટ્રિક લોકલ એડમિનિસ્ટ્રેશનું અનોખું મોડેલ આપ્યું, ★ વડાપ્રધાનશ્રીના માર્ગદર્શનમાં અમદાવાદ વર્લ્ડ હેરિટેજ સિટીની સાથે સાથે વર્લ્ડ ક્લાસ સિટીની શ્રેણીમાં પણ ગૌરવપૂર્ણ સ્થાન પામ્યું -:: મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ ::-

। (માહિતી) અમદાવાદ, તા.૧૬ ।

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદમાં દ્વિ-દિવસીય 'નેશનલ અર્બન કોક્લેવ' તેમજ 'મેયરલ સમિટ'નો પ્રારંભ કરાવ્યો હતો. દેશના પ્રથમ નાયબ વડાપ્રધાન અને ગૃહમંત્રી સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતિ નિમિત્તે આ કોક્લેવનું કેન્દ્ર સરકાર અને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા આયોજન કરાયું છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે આ પ્રસંગે જણાવ્યું હતું કે, જાહેરજીવનમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના કાર્યકાળનાં ૨૪ વર્ષ પૂર્ણ થવાના અવસરે રાજ્યભરમાં વિકાસ સપ્તાહની ઉજવણી થઈ રહી છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સૌ પ્રથમ વખત રાજનીતિમાં 'વિકાસ' શબ્દને સક્રિયપણે વ્યાપક બનાવ્યો છે. મુખ્યમંત્રીશ્રીએ કહ્યું હતું કે, આ અર્બન કોક્લેવ અને મેયરલ સમિટ અમદાવાદ માટે વિશેષ છે કેમ કે આજે સમગ્ર દેશ વડાપ્રધાનશ્રીના માર્ગદર્શનમાં સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતીની ઉજવણી કરી રહ્યો છે. ત્યારે શહેરી વિકાસની તેમની તત્કાલીન વિચારધારાને આધુનિક વિકાસ સાથે કેવી રીતે જોડવી તે અંગે આ કોક્લેવમાં ચિંતન-મંથન કરવામાં આવશે. અમદાવાદના વિકાસમાં સરદાર વલ્લભભાઈ પટેલના યોગદાન અંગેની ઐતિહાસિક બાબતોનો ઉલ્લેખ કરતાં મુખ્યમંત્રીશ્રીએ કહ્યું હતું કે, સરદાર સાહેબે ૧૯૨૪ થી ૧૯૨૮ દરમિયાન અમદાવાદ નગરપાલિકાના અધ્યક્ષ તરીકે પોતાની વહીવટી જવાબદારીની શરૂઆત કરી હતી. લગભગ ૧૦૦ વર્ષ પહેલાં, તેમણે વહીવટી કુશળતા અને સુવ્યવસ્થિત અર્બન પ્લાનિંગ દ્વારા આદર્શ શહેરનું નિર્માણ કરીને દેશને સિટીઝન-સેન્ટ્રિક લોકલ એડમિનિસ્ટ્રેશનનું અનોખું મોડેલ આપ્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી ગુજરાતના મુખ્યમંત્રી કાર્યકાળથી લઈને દેશના વડાપ્રધાન તરીકે, સરદાર પટેલના આ જ વિચારોથી પ્રેરિત રહીને દેશમાં શહેરી વિકાસમાં પરિવર્તનથી નવી ક્રાંતિ લાવ્યાં છે. વડાપ્રધાનશ્રીના માર્ગદર્શનમાં અમદાવાદ શહેરે વર્લ્ડ હેરિટેજ સિટીની સાથે સાથે વર્લ્ડ ક્લાસ સિટીની શ્રેણીમાં પણ ગૌરવપૂર્ણ સ્થાન પ્રાપ્ત કર્યું છે. મુખ્યમંત્રીશ્રીએ વધુમાં કહ્યું કે, અમદાવાદનો વિશ્વ પ્રસિદ્ધ સાબરમતી રિવરફ્રન્ટ દેશના અન્ય શહેરો માટે અર્બન ટ્રાન્સફોર્મેશનનું આદર્શ મોડેલ બન્યો છે. આ ઉપરાંત, શ્રી નરેન્દ્રભાઈએ ગુજરાતના મુખ્યમંત્રી તરીકે દેશમાં સૌપ્રથમ 'શહેરી વિકાસ વર્ષ' નો જે કોન્સેપ્ટ આપ્યો, તે લોકોના 'ઈઝ ઓફ લિવિંગ' સુનિશ્ચિત કરવા માટે મહત્વપૂર્ણ સાબિત થયા છે. આપણે તેમના જ વિચારોથી પ્રેરણા લઈને ૨૦૨૫ને 'શહેરી વિકાસ વર્ષ' તરીકે ઉજવી રહ્યા છીએ તેમ પણ તેમણે ઉમેર્યું હતું. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે અર્બન મોબિલિટી અંગે કહ્યું કે, શ્રી નરેન્દ્રભાઈ મોદી દેશના એવા પ્રથમ મુખ્યમંત્રી હતા, જેમણે શહેરો માટે સફળ બીઆરટીએસ જનમાર્ગ મોડેલનો વિચાર આપ્યો હતો. આજે મેટ્રો અને હાઈસ્પીડ રેલ પ્રોજેક્ટ્સના માધ્યમથી મલ્ટિમોડલ ટ્રાન્સપોર્ટમાં અમદાવાદ અર્બન મોબિલિટી માટે એક આદર્શ બની રહ્યું છે. તેમણે વધુમાં જણાવ્યું કે, છેલ્લાં બે દાયકામાં વડાપ્રધાનશ્રીના માર્ગદર્શનમાં રાજ્યમાં શહેરીકરણનું સ્તર ઘણું વધ્યું છે અને અમૃત ૨.૦ તથા સ્વચ્છ ભારત મિશન-૨.૦ જેવા પ્રોજેક્ટ્સ દ્વારા શહેરી માળખાને પરિવર્તિત કરવાનું કાર્ય થઈ રહ્યું છે. મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, આ કોક્લેવ વડાપ્રધાનશ્રીના માર્ગદર્શનમાં આપણાં શહેરોને વિકસિત ભારતજ૨૦૪૭ને અનુરૂપ બનાવવા, ઈનોવેશનને પ્રોત્સાહન આપવા અને સસ્ટેનેબલ ડેવલપમેન્ટની દિશા નક્કી કરવા માટેનો એક સશક્ત મંચ બનશે. વડાપ્રધાનશ્રીએ વિકસિત ભારત જ૨૦૪૭ માટે જે સંકલ્પ કર્યો છે તેને પાર પાડવામાં આ સમિટ આપણા સહિયારા ઉદ્દેશ્યને સિદ્ધ કરવામાં મહત્વપૂર્ણ માધ્યમ બનશે એવો વિશ્વાસ મુખ્યમંત્રીશ્રીએ વ્યક્ત કર્યો હતો. 'વોકલ ફોર લોકલ'ના મંત્ર સાથે સ્વદેશીને પ્રાથમિકતા આપીને વડાપ્રધાનશ્રીના વિકસિત ભારતના સંકલ્પને પૂર્ણ કરવાનું સૌને માધ્યમ બનવાનો પણ તેમણે અનુરોધ કર્યો હતો. આ પ્રસંગે અમદાવાદનાં મેયર શ્રીમતિ પ્રતિભા જૈને જણાવ્યું કે, સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતી નિમિત્તે અમદાવાદમાં 'નેશનલ અર્બન કોક્લેવ' તેમજ 'મેયરલ સમિટ'નું આયોજન થઈ રહ્યું છે, એ સૌ માટે ગૌરવ અને સન્માનની વાત છે. તેમણે વધુમાં ઉમેર્યું કે, અમદાવાદ શહેરે શહેરી વિકાસના ક્ષેત્રોમાં અનેક સિદ્ધિઓ હાંસલ કરી છે. એટલું જ નહીં, વારસાની પરંપરા પણ અમદાવાદે જાળવી રાખી છે. આ સાથે કચરામાંથી ઊર્જા અને ઊર્જામાંથી અવસરનો સંકલ્પ પણ અમદાવાદે કર્યો છે. મેયરશ્રી એ વધુમાં કહ્યું કે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના દૂરદર્શી નેતૃત્વમાં અમદાવાદ શહેરે સાબરમતી રિવરફ્રન્ટ ડેવલપમેન્ટ, મલ્ટીમોડલ ટ્રાન્સપોર્ટ ઈન્ટિગ્રેશન (બીઆરટીએસ, એએમટીએસ, મેટ્રો) સ્માર્ટ સિટી પ્રોજેક્ટ્સ, શહેરી હરિયાળી, સાંસ્કૃતિક અને રમતગમતની માળખાગત સુવિધાઓ અને વિશ્વ કક્ષાની નાગરિક સુવિધાઓ જેવી માઈલસ્ટોન પહેલ હાથ ધરી છે. એટલું જ નહી, આ સમિટ થકી ભારતના શહેરી પરિદૃશ્યને એક કરવા, નવીનતા લાવવા, નેતૃત્વ કરવા અને પરિવર્તન લાવવા માટે લીડર્સને એક સાથે લાવવાનો પ્રયાસ છે તેમ તેમણે ઉમેર્યુ હતું.આવાસ અને શહેરી બાબતોના મંત્રાલયના અધિક સચિવ શ્રી ડી.થારાએ આ કોક્લેવમાં પોતાના ઉદબોધનમાં જણાવ્યું હતું કે આગામી સમયમાં સસ્ટેનેબલ શહેરી વિકાસ માટે નાગરિકોએ પણ પોતાનું સક્રીય યોગદાન આપવું પડશે. કચરો, ટ્રાફિક, ગ્લોબલ વોર્મિંગની અસરો સહિતની આપણા શહેરોની સમસ્યાઓના ઉકેલ માટે આપણે સૌએ સાથે મળીને કાર્ય કરવું પડશે. એક નાગરિક તરીકે આપણે એ વિચારવું જોઈએ કે કેવી રીતે આપણે આપણા ઘરથી જ નાના નાના પગલાઓ લઈને શહેરી વિકાસમાં યોગદાન આપીએ. આપણે કચરાનો યોગ્ય નિકાલ, પાણીનો બચાવ, વૃક્ષારોપણ, ટ્રાફિક નિયમોનું પાલન જેવી ફરજો સભાનપણે અદા કરવી પડશે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના ઔડા ચેરમેન તરીકેના કાર્યકાળમાં શહેરના વિકાસ માટે મંજૂર કરાયેલા માસ્ટર પ્લાનનો ઉલ્લેખ કરીને તેમણે જણાવ્યું હતું કે આ માસ્ટર પ્લાનના લીધે તથા એફોર્ડેબલ હાઉસિંગ સ્કીમના લીધે આજે અમદાવાદમાં ૧૦ ટકાથી વધુ સ્લમ વિસ્તારો રહ્યા નથી. તેમણે આગામી સમયમાં અર્બન રેઝિલિયન્ટ ટાઉન પ્લાનિંગની જરૂરિયાત પર પણ ભાર મૂક્યો હતો. આ પ્રસંગે જીઇહ્લદ્બઝન્ના ચેરપર્સન શ્રી આઈ.પી. ગૌતમે પોતાના વિચાર અને અનુભવ અંગે વાત કરતાં કહ્યું કે, ગુજરાત રાજ્યના તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ શહેરી વિકાસને ખૂબ મહત્ત્વ આપ્યું.